પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૦-૬-૨૦૨૫, મંગળવાર
વર્ષઃ ૧૪, અંક : ૭૯

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
લોકો આપણને પર્સનલી
જાણવા કરતા...
ધારણાઓથી વધુ
ઓળખતા હોય છે...

**ગુજરાતમાં એક જ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ લેનારા છાત્રોની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો**
(વાંચો છેલ્લા પાને)




**સુઝલોનના પ્રમોટર તંત્રીએ ૧૩૦૦ કરોડના શેર વેચ્યા !!**



**કોહલી, રોહિત શર્મા, કલાર્સન બાદ નિકોલસ પુરનની અચાનક નિવૃત્તિથી ક્રિકેટ જગત સ્તબ્ધ**



**ધોનીનો સીતારો આઈસીસી હોલ ઓફ ફેમમાં ચમકયો**



**તમારે ભૂલી જવાનું ભૂલાવી દેવું છે કે યાદ રાખવું છે??!!!**

### મેઘરાજાની સંતાકુકડી વચ્ચે ગરમીનો પારો ઉંચકાયો

# જગતાત ચિંતીતઃ વરસાદ ખેંચાશે તો મગફળી-કપાસના વાવેતરને જોખમ

**રાજ્યમાં અત્યાર સુધીમાં માત્ર ૭૭,૦૬૭ હેકટર વિસ્તારમાં વાવણી થઈ, કપાસની ૩૪ હજાર હેકટર, મગફળીની ૩૧ હજાર હેકટર જયારે શાકભાજીની પાંચ હજાર હેકટરમાં વાવણીઃ ૨૫ જૂન સુધીમાં વરસાદ નહિ આવે તો ખેડૂતોએ ફરીથી વાવેતર કરવાની તૈયારી રાખવી પડશે**

**અબતક, રાજકોટ**

મેઘરાજા જાણે સંતાકુકડી રમતા હોય તેમ રાજ્યભરમાં હાલ ગરમીનો પારો ઉંચકાયો છે અને તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. મે માસમાં વરસાદ આવતા લાગતું હતું કે ચોમાસુ ગુજરાતમાં વહેલું દસ્તક આપશે. જેને લઈ મોટાભાગના વિસ્તારમાં વરસાદની આશાએ અને ભીમ અગિયારસનું સુકનવન્તુ મુહૂર્ત સાચવવા ખેડૂતોએ વાવેતર કરી દીધું પણ હાલમાં વરસાદ ખેંચાયો છે. રાજ્યમાં મુખ્ય પાક મગફળી અને કપાસનું ખેડૂતોએ ૭૭ હજાર હેકટરમાં વાવેતર કરી દીધું છે, ત્યારે હવે ખેડૂત મૂંઝાયો છે. ખેડૂતો આકાશમાં દેખાતા કાળા ડિબાગ વાદળાઓ સામે જોઈ અને વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો વરસાદ થઈ જાય તો મગફળીનો પાક બચાવી શકાય નહીં તો વરસાદ ખેંચાશે તો ખેડૂતોએ ફરીથી વાવેતર કરવાની તૈયારી રાખવી પડશે. ભીમ અગિયારસ

(અનુ. આઠમા પાને)



### વરસાદ ખેંચાશે તો પાણીનો પોકારો સર્જાશે

ઉનાળાના વિદાય સમયે સૌરાષ્ટ્રના જળાશયોની હાલત કફોડી બની છે અને ૨૫ જૂન સુધીમાં વરસાદ નહીં થાય તો પાણીની વિકટ સમસ્યા સર્જાય તેવા એંધાણ મળી રહ્યાં છે. રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેદ્રનગર જિલ્લાના કુલ ૮૧ જળાશયોમાં સરેરાશ ૨૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ પૈકી ૩૨ જેટલા જળાશયો સંપૂર્ણપણે ખાલી હોવાથી તેના પર આધારિત વિસ્તારોમાં પાણીની સમસ્યા જોવા મળી રહી છે.રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળ આવતા રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેદ્રનગર જિલ્લામાં આવેલા આ ૩૨ ડેમમાં હવે પાણી બચ્યું નથી. જો વરસાદ વધુ સમય ખેંચાય તો આ ડેમો હેઠળ આવતા ગામડાઓમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. રાજકોટ જિલ્લામાં જળાશયોમાં સૌથી વધુ પાણી છે, જે ૩૬.૬૫ ટકા નોંધાયું છે. રાજકોટ જિલ્લાના ૨૭ જળાશયમાં સરેરાશ ૩૬.૬૫ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ જિલ્લાના ૫ મહત્ત્વના જળાશયો, જેમાં કરમાળ, વેણુ-૨, ડોંડી, ખોડાપીપર અને માલગઢ ડેમનો સમાવેશ થાય છે, તે સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે. મોરબી જિલ્લાના ૧૦ જળાશયમાં ૧૮.૨૬ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. જોકે, આ જિલ્લાના ૪ ડેમ, જેમાં ધોડાધ્રોઇ, બંગવાડી અને મચ્છુ-૨ જેવા ડેમોનો સમાવેશ થાય છે, તે પણ ખાલી છે.

### સરકારી બેન્કોનો ‘વનવાસ’ તૂટ્યો


# ન હોય.. ખાનગી બેંકોને પછાડી સરકારી બેંકોએ જબરદસ્ત પરિણામ આપ્યું

**ખાનગી બેંકોની લોન વૃદ્ધિ ૯ ટકા નોંધાઈ, જ્યારે સરકારી બેંકોની લોન વૃદ્ધિ તેનાથી ૪ ટકા વધી ૧૩.૧ ટકાએ પહોંચી**

**અબતક, નવી દિલ્હી**

ભગવાન રામ જેમ વનવાસ ગયા હતા અને ૧૪ વર્ષ બાદ તેઓનો વનવાસ તૂટ્યો હતો. તેવી જ રીતે સરકારી બેન્કોનો પણ ૧૪ વર્ષ બાદ વનવાસ તૂટ્યો છે. છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમવાર સરકારી બેંકોએ ખાનગી બેંકોને પછાડી જબરદસ્ત પરિણામ આપ્યું છે.

૨૦૧૧ પછી પહેલી વાર, જાહેર ક્ષેત્રની બેંકોએ લોન વૃદ્ધિમાં ખાનગી બેંકોને પાછળ છોડી દીધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના અંતે, જાહેર ક્ષેત્રની બેંકોએ ખાનગી બેંકોને ૪ ટકાથી પાછળ છોડી દીધી છે, જેમાં ખાનગી બેંકોની ૯% ની સરખામણીમાં વાર્ષિક ૧૩.૧% લોન વૃદ્ધિ નોંધાવી છે.



મજબૂત પ્રદર્શન બહુવિધ ક્ષેત્રોમાં જોવા મળ્યું, જેમાં પરંપરાગત ક્ષેત્રો જેમ કે મોર્ટગેજ અને કોર્પોરેટ લોન, તેમજ ઓટો લોન જેવા વિવિધ નોન-મોર્ટગેજ રિટેલ સેગમેન્ટનો સમાવેશ થાય છે.

“ખાનગી બેંકોએ ઐતિહાસિક ધારણે સરકારી બેંકોએ રીતે તેમના સ્થિર બજાર હિસ્સાના લાભને કારણે પ્રીમિયમ મૂલ્યાંકનનો આનંદ માણ્યો છે, જે સિસ્ટમ વૃદ્ધિ દર કરતા ૬-૭% વધુ ઝડપથી વૃદ્ધિ પામી છે,“ બર્નસ્ટેઈન ખાતે ભારતના નાણાકીય બાબતોના વડા પ્રણવ ગુંડલાપલ્લેએ જણાવ્યું હતું. “જો મધ્યમ ગાળામાં વૃદ્ધિ લાભ ઓછો થતો રહે છે, તો પ્રીમિયમ મૂલ્યાંકન માટેનો કેસ નબળો પડે છે. જ્યારે ખાનગી બેંકો હજુ પણ સરેરાશથી ઉપર નફાકારકતા ઓફર કરે છે અને

(અનુ. આઠમા પાને)

### આઈસીઆઈસીઆઈ અને એસબીઆઈના પ્રાઈસ ટુ બુક રેશિયોમાં મોટો તફાવત

આઈસીઆઈસીઆઈ બેંકનો પ્રાઈસ-ટુ-બુક રેશિયો હાલમાં ૩.૫ ની આસપાસ છે. તેનાથી વિપરીત, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો પ્રાઈસ-ટુ-બુક રેશિયો ૧.૫ ની આસપાસ છે, જે બંને બેંકોની વૃદ્ધિની સંભાવનાઓ, નફાકારકતા અને જોખમ પ્રોફાઈલ્સ વિશે વિવિધ બજાર ધારણાઓને પ્રતિબિંબિત કરે છે.

### જાહેર બેંકોનો કુલ લોન પોર્ટફોલિયો રૂ.૯૮.૨ લાખ કરોડ

જાહેર ક્ષેત્રની બેંકોનો પ્રભાવશાળી લોન વૃદ્ધિ તેમના નોંધપાત્ર વર્તમાન લોન આધારને ધ્યાનમાં લેતા વધુ નોંધપાત્ર બને છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના અંત સુધીમાં, જાહેર બેંકોનો કુલ લોન પોર્ટફોલિયો રૂ. ૯૮.૨ લાખ કરોડ હતો, જે બજાર હિસ્સાનો ૫૨.૩% હતો. તેની તુલનામાં, ખાનગી ક્ષેત્રની બેંકોનો લોન આધાર રૂ. ૭૫.૨ લાખ કરોડ હતો, જે કુલ લોનના ૪૦% હતો. જ્યારે ટોચની ૫ જાહેર બેંકોએ તેમની કોર્પોરેટ લોનમાં સરેરાશ ૧૦% વધારો કર્યો હતો, ત્યારે ખાનગી બેંકોએ ૪% કરતા ઓછો વિકાસ જોયો હતો. એચડીએફસી બેંક અને ઈન્ડસઈન્ડ બેંક માટે નકારાત્મક વૃદ્ધિને કારણે આ આંકડાઓ વિકૃત હતા. રિટેલ લોનના સંદર્ભમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ ના અંતમાં ટોચની પાંચ જાહેર બેંકોએ તેમના હિસાબમાં ૨૨% થી વધુનો વધારો કર્યો હતો, જ્યારે ખાનગી બેંકોએ ૧૨% થી ઓછો વિકાસ નોંધાવ્યો હતો.

### ૨૦૩૪: વન નેશન વન ઈલેકશન

# ૨૦૨૯ પછી રાજ્યો પૂર્ણકાળ સત્તા નહિ ભોગવી શકે

**વર્ષ ૨૦૩૪માં લોકસભા અને તમામ વિધાનસભાઓની ચૂંટણી એકસાથે કરવા કવાયતઃ ૨૦૨૯ બાદ જે રાજ્યમાં ચૂંટણી થશે તેઓ ૨૦૩૪ સુધી જ સત્તામાં રહેશે**

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ૨૦૩૪ સુધીમાં ’એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ ની મહત્વાકાંક્ષી યોજનાને અમલમાં મૂકવાનું લક્ષ્ય રાખ્યું છે. આ યોજના હેઠળ, લોકસભા અને તમામ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજાશે. આ પહેલનો ઉદ્દેશ વારંવાર થતી ચૂંટણીઓને કારણે થતા ખર્ચને ઘટાડવાનો અને શાસનમાં સાતત્ય લાવવાનો છે. આ માટે, બંધારણ (૧૨૯મો સુધારો) બિલ, ૨૦૨૪ અને કેન્દ્રશાસિત

(અનુ. આઠમા પાને)



### ‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ શું છે?

‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ પ્રસ્તાવ એ ભારતમાં લોકસભા અને તમામ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાની યોજના છે. હાલમાં, ભારતમાં કેન્દ્ર અને વિવિધ રાજ્યોની ચૂંટણીઓ અલગ અલગ સમયે યોજાય છે, જેના પરિણામે ભારે નાણાકીય અને વહીવટી બોજ પડે છે. આ પ્રસ્તાવ હેઠળ, મતદારો એક જ દિવસે કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે મતદાન કરશે, જેનાથી ચૂંટણી પ્રક્રિયા સરળ અને ખર્ચ-અસરકારક બનશે.

### સમિતિ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લેશે

જેપીસીના અધ્યક્ષ ચૌધરીએ એ પણ માહિતી આપી હતી કે સમિતિના સભ્યો અત્યાર સુધી મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડની મુલાકાત લઈ ચૂક્યા છે. પેનલના મોટાભાગના સભ્યો સંમત થયા છે કે તેઓ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લેશે જેથી અંતિમ ભલામણ તૈયાર કરી શકાય. આ કારણોસર, સમિતિનો કાર્યકાળ લંબાવી શકાય છે. તે જાણીતું છે કે બંને બિલ ડિસેમ્બર ૨૦૨૪ માં લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા અને તે પછી તેમને જેપીસીને સોંપવામાં આવ્યા હતા. સમિતિ આ વિષય પર વિવિધ હિસ્સેદારો સાથે વિગતવાર પરામર્શ કરી રહી છે.

### અમેરિકન પ્રેસિડેન્ટના “હથેળીમાં ચાંદ”

# ૨૦૨૫માં જન્મેલા અમેરિકન બાળકોને શેરબજારમાં ૧૦૦૦ ડોલરના રોકાણનું “ટ્રમ્પ” એકાઉન્ટ મળશે

**૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ પછી, ૧ જાન્યુઆરી, ૨૦૨૯ પહેલા જન્મેલા યુએસ નાગરિક માટે ટેક્સ ફ્રી એકાઉન્ટમાં યોગદાન અપાશે**

**અબતક, રાજકોટ**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી પેઢીની નાણાકીય સુરક્ષા વધારવા માટે એક મહત્વાકાંક્ષી યોજના જાહેર કરી છે. આ યોજના હેઠળ, ૨૦૨૫ અને ૨૦૨૯ ની વચ્ચે જન્મેલા દરેક અમેરિકન બાળક માટે ૧,૦૦૦ના શેરબજારમાં રોકાણ ખાતા ખોલવામાં આવશે. આ “ટ્રમ્પ એકાઉન્ટ“માં કર-મુલતવી રાખવામાં આવશે અને શેરબજારના પ્રદર્શનને ટ્રેક પર લાવશે.



ટ્રમ્પે આ પહેલને “પરિવાર-લક્ષી“ પ્રયાસ તરીકે વર્ણવી હતી, જેનો હેતુ પરિવારોને અમેરિકન અર્થતંત્રની મજબૂતાઈનો સીધો લાભ આપવાનો છે. તેમણે જણાવ્યું હતું કે, “૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ પછી, ૧ જાન્યુઆરી, ૨૦૨૯ પહેલા જન્મેલા દરેક યુએસ નાગરિક માટે, ફેડરલ સરકાર એક વખતના ટેક્સ ફ્રી એકાઉન્ટમાં ૧,૦૦૦ ડોલરનું યોગદાન આપશે જે

(અનુ. આઠમા પાને)

### વિસાવદર તેનો મિજાજ યથાવત રાખશે કે બદલશે?

# ૧૯૯૫થી હાઈ પ્રોફાઈલ બની ગયેલી વિસાવદર બેઠક આ વખતે કોને ફળશે?

**૨૦૦૭ પછી ભાજપ વિસાવદર વિધાનસભા બેઠક જીતી શકયું નથીઃ પાટીદારોના મત નિર્ણાયક, આ બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને કુરજીભાઈ ભેંસાણીયા ત્રણ-ત્રણ વાર જીત્યાં છેઃ એકવાર હારેલા ઉમેદવાર કયારેય બીજીવાર અહીં જીતતો નથી**

**અબતક, રાજકોટ**

સત્તાના સમીકરણો પર કોઈ અસર કરતી ન હોવા છતાં ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી બેઠકની પેટા ચૂંટણીએ રાજયભરમાં ભારે રાજકીય ગરમાવો લાવી દીધો છે. જુનાગઢ જિલ્લાની વિસાવદર બેઠક ૧૯૯૫ થી હાઈ પ્રોફાઈલ બની ગઈ છે. આ એજ બેઠક છે જેને ગુજરાતમાં ભાજપ સરકારને પ્રથમ મુખ્યમંત્રી આપ્યા, વિસાવદરના મતદારો પોતાનો મિજાજ યથાવત રાખશે કે બદલશે તેના પર તમામની મીટ મંડાયેલી છે.



પાટીદાર સમાજ કોના પર રીઝશે વિધાનસભામાં ભાજપનું બળ વધશે કે પછી કોંગ્રેસ ફરી આ બેઠક પર પંજાની પકડ જમાવી શકશે? કે આમ આદમી પાર્ટી પોતાની બેઠક જાળવી રાખશે તે વાત પરથી ૨૨મીએ પડદો ઉંચકાય જશે.

કેશુભાઈ પટેલ જયારે ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ૧૯૯૫માં વિસાવદર બેઠક પરથી ચુંટણી લડવા આવ્યા ત્યારથી આ બેઠક ગુજરાતની ૧૮૨ બેઠકોમાંથી હાઈ પ્રોફાઈડ બેઠકોમાં સ્થાન મેળવી ચુકી છે. ૧૯૯૫ અને ૧૯૯૮માં ભાજપના ઉમેદવાર તરીકે જયારે ૨૦૧૨માં ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે એમ કુલ ત્રણ વાર કેશુભાઈ પટેલ વિજેતા બન્યા છે. જયારે કુરજીભાઈ ભેંસણીયા ૧૯૬૭ માં સ્વતંત્ર પક્ષમાંથી, ૧૯૭૫માં ક્રીમલોયમાંથી અને ૧૯૯૦માં જનતા દળમાંથી વિસાવદર બેઠક પરથી ધારાસભ તરીકે ચુંટાઈ

(અનુ. આઠમા પાને)

### ૧૯૯૫થી વિસાવદર બેઠકનું પરિણામ

* ૧૯૯૫માં ભાજપના ઉમેદવાર તરીકે કેશુભાઈ પટેલ જીત્યા
* ૧૯૯૮માં ફરી કમળ પરથી ચૂંટણી લડી કેશુબાપા બન્યા ધારાસભ્ય
* ૨૦૦૨માં ભાજપના કનુભાઈ ભાલાળા વિજેતા બન્યા
* ૨૦૦૭માં ફરી મતદારોએ કનુભાઈ ભાલાળા પર કળશ ઢોળ્યો
* ૨૦૧૨માં કેશુબાપા જીપીપીના ઉમેદવાર તરીકે ચૂંટણી જીત્યા
* ૨૦૧૪માં પેટા ચૂંટણીમાં હર્ષદ રિબડીયા કોંગ્રેસમાંથી જીત્યા
* ૨૦૧૭માં ફરી હર્ષદભાઈ રીબડીયા કોંગ્રેસમાંથી જીત્યા
* ૨૦૨૨માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ભૂપત ભાયાણી બન્યા વિજેતા

**કન્યા જોઈએ છે**

રાજકોટ સ્થિત જૈન પરિવારના Sept. 1993 બોર્ન / 5'7" / 67kg બેચલર ઓફ એન્જિનીયરીંગ, સ્વતંત્ર વ્યવસાય, પોશ વિસ્તારમાં રેસીડેન્સ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, નિર્વ્યસની, સુખી સાધનસંપન્ન નાના પરિવારના અપરણિત યુવક માટે સંસ્કારી, મધ્યમવર્ગીય, સ્લિમ, ગ્રેજ્યુએટ મિનીમમ, યુવતીના વાલી તરફથી સંપર્ક આવકાર્ય છે. સ્વજ્ઞાતિને અગ્રતા, ઉચ્ચજ્ઞાતિ બાધ નથી.

સંપર્ક : હિમાંશુ ચિનોય M. 98980 32600

# બાળ જીવનને રિચાર્જ કરીને નવા અનુભવો, નવી યાદો: વેકેશનની મોજ પૂર્ણ-સ્કૂલ ચલે હમ

## વેકેશન પુરૂ થયું ને વિદ્યાર્થીની ફરી શિક્ષણની રફતારે સાથેનું નવું સત્ર શરૂ થયું: નવા મિત્રો અને નવા પુસ્તકો સાથે આનંદમય શિક્ષણની યાત્રા શરૂ: ખુશીઓની અનંતયાત્રા પુરી થઇ ફરી જ્ઞાન-મંદિરમાં ફૂલો ગોઠવાઇ ગયા

ઉનાળાના લાંબા વેકેશન બાદ આજે ફરી નવા શૈક્ષણિક સત્ર જુન ૨૦૨૫થી ૩૧ મે ૨૦૨૬ના બન્ને સત્રો માટે જ્ઞાનયાત્રામાં જોડાઇ ગયા હતા. પ્રથમ દિવસે બાળજીવનને વેકેશનમાં રિચાર્જ કરીને નવા અનુભવો, નવી યાદો સાથે વેકેશનની મોજ પૂર્ણ કરીને બાળકો સાથે જ્ઞાનમંદિરના પગથિયા ચડ્યા હતા. નવા મિત્રો અને નવા પુસ્તકો સાથે આનંદમય શિક્ષણની યાત્રા આરંભી હતી. વિદ્યાર્થીઓ માટે વેકેશન એટલે ખુશીઓની અનંત યાત્રા હોય છે. આજે ફરી બાળ ફૂલો શાળાની ફૂલદાનીમાં ગોઠવાય ગયા હતા. નવા ધોરણના નવા વર્ગ સાથે શિક્ષક પણ નવા આવવાથી શાળા પ્રારંભે જ આનંદમય અને અસરકારક કલાસરૂમના વાતાવરણથી થયો હતો.



મોટાભાગે છાત્રોની શાળા તેજ હોય છે, પણ વર્ગખંડ ફરી જતો હોય છે. શહેર કે બીજે રહેવાથી નવી શાળામાં એડમીશન લેનાર બાળકો પ્રથમ દિવસે સમોવડીયાને પૂંછીને અનુસરતા જોવા મળ્યા હતા. નાનકડા બાળકો પ્લે હાઉસ કે બાલવાટીકામાં એડમીશન મેળવતા હોવાથી વિદ્યા પ્રારંભે જ પ્રથમવાર ઘર છોડીને આવતા રડતા પણ જોવા મળતા હતા. નાના બાળકોને મમ્મી પ્રત્યેનો અપાર લગાવ હોવાથી તેના ટીચર પણ લેડીઝ જ હોવા જોઇએ કારણ એક સ્ત્રી જ બાળકની વેદના સમજી શકે છે. એક અગત્યની વાતએ છે કે આવા બાળકોએ જન્મથી આજના સાડા ત્રણ વર્ષ સુધી વેકેશન જ માણેલું હોય છે, તેથી પણ તેને શાળા વાતાવરણ કષ્ટમય લાગતું હોય છે. છેલ્લા થોડા વર્ષો હવે શાળા પ્રારંભે પ્રવેશ મહોત્સવ ઉજવતાં હવે બધી શાળા બાળકોને કુમકુમ તીલક કરીને પણ શાળા પ્રવેશ કરાવે છે, પણ બાળકની મનોદશા અને તેનું બાળ મનોવિજ્ઞાન સમજનાર શિક્ષકો અને શાળા કેટલીએ પણ યક્ષ પ્રશ્ન છે. બાળકોને બેસવું, રમવું, કુદવું અને ભણવું ગમે તે શાળા સૌથી શ્રેષ્ઠ ગણી શકાય.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

શાળા પ્રારંભે સત્ર આયોજનમાં જુન-જુલાઇ અને ઓગસ્ટ શાળા તત્પરતા કાર્યક્રમ યોજવા જોઇએ. જેમાં શિક્ષકો વર્ગખંડના બાળકોને વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિ કરાવીને છાત્રોને ભણવા કે શિક્ષણ પરત્વે રસ લે તો કરવો જરૂરી છે. એક વાત દરેકે લખી રાખવી જોઇએ કે આપણે બાળકને ભણાવવાનો નથી, પણ તેને ભણતો કરવાનો છે. રસ-રૂચીને વલણો આધારીત શિક્ષણ આપનારી શાળાઓ આજે આંગણીના વેઢે ગણાય તેટલી પણ નથી, જે દુ:ખદ બાબત છે. પ્રારંભથી પોતાના વર્ગના તમામ બાળકોની માહિતી રાખવી જોઇએ, જેમાં તેનો ક્રમિક સંર્વાગી વિકાસ સાથે સતત મોનીટરીંગ મૂલ્યાંકનની નોંધનો પ્રોગ્રેસ રિપોર્ટ રાખવો જરૂરી છે, જે વર્ષ પૂર્ણ થયે ઉપલા ધોરણના શિક્ષકને આપી દેવાથી નવા શિક્ષકને ઘણી સુગમતા તેના અસરકારક વર્ગ વ્યવસ્થામાં રહે છે. શાળા પ્રારંભે દરેક બાળકને વ્યક્તિ સંભાળ પણ અતિ આવશ્યક છે, જો આમાં કંઇક કચાશ રહેશે તો બાળક અધવચ્ચેથી જ શાળા છોડશે. આજેપણ ડ્રોપ આઉટ બાળકોની સમસ્યા છે, અને તેને માટે સરકાર બ્રીજ કોર્ષ કે એસ.ટી.પી. (એસટીપી)ના વર્ગો ચલાવે છે.



બાળકોને વય કક્ષા મુજબ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે જોડીને સત્રના પ્રારંભથી જ રસમય શિક્ષણમાં જોડવો જરૂરી છે. મા-બાપની પણ ભૂમિકા બાળકોના સંર્વાગી વિકાસ માટે શિક્ષક જેટલી જ જરૂરી હોય દરેક મા-બાપે આ બાબતે સમય કાઢીને તેના સંતાનો સાથે સતત વાતચિત કરીને દરરોજના રૂટીંગ કાર્યની વાતો જાણવી જ પડે છે. આજની શિક્ષણ પધ્ધતિમાં બાળકની સાથે મા-બાપને પણ શાળાઓ ભણાવતી જોવા મળે છે. શાળાનું ખાનગીકરણ વધતા શિક્ષણ ઘણું મોંઘુ થઇ જતાં, ઘણા મા-બાપો પોતાના સંતાનોને સરકારી શાળામાં એડમીશન લેવા લાગ્યા છે. આજે તો લાખો રૂપિયાની ફિ કેને પરવડે તે મોટો પ્રશ્ન છે. પ્લે હાઉસમાં ભાવનાત્મક સાથે જીવનમૂલ્ય શિક્ષણ દરેક બાળકને પ્રારંભથી મળશે તો જ તેના સંર્વાગી વિકાસ થઇ શકશે. સંગીત-ચિત્ર-રમત ગમત સાથે બાળકોમાં રહેલી વિવિધ છૂપી કલાનો અવસર નવા સત્રના પ્રારંભથી જ શિક્ષકે પ્રોત્સાહન આપીને કાર્ય કરવું જ પડશે.

### બાળકોને રમતાં-રમતાં, હસતાં હસતાં શિક્ષણ આપો

બાળકોને પાઠ્ય પુસ્તક ઉપરાંત ઘણું શિખવવાનું હોય છે, જે માટે શિક્ષકની દરરોજની તૈયારી મહત્વની ગણાય છે. બાળકોને રમતાં-રમતાં કે હસતાં-હસતાં તમે ઘણું બધુ શિખડાવી શકો છો, એ વાત શાળા અને શિક્ષકોએ ભૂલવી ન જોઇએ. કોઇપણ બાળક કોરીપાટી ક્યારેય હોતો જ નથી, આપણને તેમાં લખાયેલું દેખાઇ કે વંચાઇ જાય તો જ આપણું શિક્ષક જીવન સાર્થક ગણાય છે. બાળકોમાં અનંત કલાઓ છૂપાયેલી હોય છે, આપણે ફક્ત તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે.


### છાત્રોના નવા ઉત્સાહ અને ઉમંગ સાથે જ્ઞાનમંદિરના દ્વાર ખુલ્યા

જુન-૨૦૨૫ના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ છાત્રોના નવા ઉત્સાહ અને ઉમંગ સાથે આજે જ્ઞાનમંદિરના દ્વાર ખુલ્યા હતા. શાળાનો પ્રથમ દિવસ એક ખાસ ઉત્સાહ અને અપેક્ષા લઇને આવે છે. લાંબા સમય પછી મિત્રોને મળવાનો આનંદ એટલે શાળા પ્રારંભ. નવાસત્રનો પ્રારંભ એ માત્ર કેલેન્ડરનો એક દિવસ જ નથી પણ જ્ઞાન, મિત્રતા અને નવી શરૂઆતનું પ્રતિક છે. ગત વર્ષેની ભૂલોમાંથી શીખીને અને ભવિષ્ય માટે આશાવાદી બનીને આજે છાત્રો સ્કૂલે પગથીયા ચડ્યા હતા. શિક્ષણ પ્રારંભ એટલે ભવિષ્યના શિક્ષણ અને વિકાસ યાત્રા સાથે કારકિર્દીનો પાયો ગણાય છે.

### વર્ગખંડો ફરીથી કલરવથી ગુંજી ઉઠ્યા, તો શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકબીજાને મળીને ખુશ થયા: વેકેશનની યાદો તાજી કરતાં, છાત્રો ભવિષ્યના શિક્ષણ માટે માનસિક રીતે તૈયાર થયા

---

## હરિનામ સંકિર્તન મંદિરે ચાલતી અખંડ રામધૂનને દ્વારકામાં ૨૧૦૦૦ દિવસ પૂર્ણ થતાં પાંચ દિવસીય ધર્મોત્સવ ઉજવાયો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકામાં પૂ.પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત અખંડ હરિનામ સંકિર્તન (રામધૂન)ને આજે ૨૧,૦૦૦ દિવસો પૂર્ણ થતા છેલ્લા પાંચ દિવસથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક સંપન્ન થયેલ છે. છેલ્લા પાંચ દિવસ દરમ્યાન સંકીર્તન મંદિરમાં દરરોજ રાત્રિના વિશેષ રામધૂન, પાઠાત્મક કાર્યક્રમ, આંબા મનોરથ, પ્રભાત ફેરી, અભિષેક પૂજન તથા આરતી, પુષ્પ શૃંગાર દર્શન તેમજ નગર કીર્તન (શોભા યાત્રા), ગુરૂપ્રસાદી સહિતના ધાર્મિક કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

## અગ્નિવિરની તાલીમ પૂર્ણ કરી આવેલા ધાવા ગીરના અજયસિંહ દયાતરના વધામણાં

**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

તાલાળા તાલુકાના ધાવા ગીર ગામનો યુવાન અગ્નિવિરની તાલીમ પૂર્ણ કરી વતન આવતા જવાનનું ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કરી રેલી યોજી હતી. ધાવા અને લુશાળા ગીર ગામનો અજયસિંહ કાળુભાઇ દયાતર ભારતીય સેનામાં અગ્નિવિર તરીકે પસંદગી પામી ક્ષત્રિય સમાજનું ગૌરવ વધાર્યું હતું. યુવાન તાલીમમાં ગયા હતા સેનાની કઠિન તાલીમ પૂર્ણ કરી આજે યુવાન પરત વતન આવતા ગ્રામજનોએ ફૂલહાર અને શાલ ઓઢાડી સ્વાગત સન્માન કર્યું હતું. તાલીમ પૂર્ણ કરી આવેલ જવાને જણાવ્યું હતું કે દેશની રક્ષા કાજે જવાનું સપનું



પૂર્ણ થયું છે તેઓએ અન્ય યુવાનોને પણ મહેનત કરી દેશની રક્ષા માટે ફોજમાં ભરતી થવા અન્ય યુવાનોને પ્રેરણા આપી હતી.

## જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં આજે સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે એક ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી શ્રીજીને અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યો હતો. શ્રીજીના આ દિવ્ય દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઇનના વિવિધ માધ્યમોથી લાખો કૃષ્ણભક્તોએ નિહાળ્યો હતો.

## દ્વારકાધીશને દિવ્ય પુષ્પ શૃંગાર મનોરથ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં આજે સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે શ્રીજીને પુષ્પકલિઓથી નિર્મિત દિવ્ય પુષ્પ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો જેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. ગ્રીષ્મકાળમાં દરરોજ સાંજે ઠાકોરજીને ઠંડક આપતાં પુષ્પકલીઓના શૃંગારની પરંપરા છે.

## લીમડીના ભોયકા ગામે કષ્ટભંજન દેવનો કાલે કેરી મનોરથ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત ગુજરાત પરના હનુમાન ભક્તો માટે આસ્થાનું ધામ લીમડી નજીકના ભોયકા ગામ બિરાજમાન હનુમાનજી મંદિરે કાલે ના બુધવાર પૂનમના રોજ દાદા ને કેરીનો મનોરથ ધરાવાશે. ઓસ્ટ્રેલિયા નિવાસી સોની નીલમબેન ગીતેશકુમાર અને આણંદના સોની ગહેનાબેન માનવ કુમાર દ્વારા આયોજિત મનોરથમાં હનુમાનજી ભક્ત ઉપસ્થિત રહેવા હનુમાનજી ભગત હિતેશભાઇ સોની દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે



## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૬-૨૦૨૫ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ બિરયાની)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (પવયફની બોન કંડક્સન)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મન મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૬-૨૦૨૫ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ. મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૧-૬-૨૦૨૫ બુધવાર

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | જેઠ શુદ પુનમ કબીર જયંતી | | |
| **નક્ષત્ર** | જયેષ્ઠા | | |
| **યોગ** | સાધ્ય | **કરણ:** | બાલવ |
| **સુર્યોદય** | ૬.૦૪ | **સુર્યાસ્ત:** | ૭.૩૦ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિક બુધવારે રાત્રે ૮.૧૧ થી ધન | | |
| **રાશિ અક્ષર** | ન.ય/ભ.ફ.ધ | | |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ | | |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ | | |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૯ થી ૧.૧૩ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | ૬ | | | ૫ | |
| ૭ | | | ૯ | | | | | ૬ |
| ૧ | | ૩ | | | | | | |
| | | | ૬ | | | ૫ | | ૧ |
| | | ૯ | ૫ | | | | ૪ | |
| ૨ | ૮ | | | ૯ | | | | |
| | | | ૮ | | | ૪ | | |
| | | | | ૭ | | | | ૮ |
| ૯ | | | | | | | ૬ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૨૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૯ | ૩ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ | ૨ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૬ | ૮ | ૧ | ૫ | ૪ | ૨ | ૯ | ૭ | ૨ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૧ |
| ૮ | ૩ | ૨ | ૬ | ૯ | ૫ | ૭ | ૧ | ૪ |
| ૫ | ૧ | ૬ | ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ |
| ૪ | ૭ | ૯ | ૩ | ૮ | ૧ | ૬ | ૨ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૬.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, જેઠ સુદ પૂનમ, જ્યેષ્ઠા નક્ષત્ર, સાધ્ય યોગ, બાલવ કરણ આજે રાત્રે ૮.૧૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ) :** મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## મંગળ કેતુ સાથે હોય ત્યારે જીવનમાં કોઈને કોઈ રીતે અસંતુલન ઉત્પન્ન થાય છે

૭ જૂનથી મંગળ મહારાજ સિંહમાં આવવા સાથે આગ્નિતત્વની સિંહાસનની આ રાશિમાં મંગળ કેતુ યુતિ શરુ થઇ ચુકી છે. મંગળ જમીન છે માટે મંગળ કેતુ સાથે જમીન વિવાદો સામે લાવે તો સરકારી જમીન અંગેના કેટલાક પ્રશ્નો ઉભા થાય સરકાર દબાણ હટાવવા પર વધુ ફોકસ કરે વળી મંગળ શરીર છે અને કેતુ બીમારી દર્શાવે છે માટે આ સમયમાં બીમારીથી સાવધ રહેવું જોઈએ તો મંગળ યુદ્ધ છે આતંકી ઘટના છે જમીન છે અંતે યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ પામે વળી જમીનના કારક મંગળ હોવાથી ભૂકંપ જેવી આપદાઓ સામે પણ સજ્જ રહેવું પડે વળી જલતત્વ અસંતુલિત હોવાથી જળથી ઉત્પન્ન પ્રશ્નો પણ ખડા થતા જોવા મળે. કેતુ જાસૂસી છે મંગળ એ યુદ્ધ છે માટે યુદ્ધ માં જાસૂસી અને જાસૂસી ઉપકરણોનો વધુ ઉપયોગ થાય તો મંગળ કેતુ સાથે અકસ્માત પણ સર્જે છે અને આત્મહત્યા થી લઈને ક્રૂર હત્યાનો સિલસિલો બતાવનાર છે જે આ સમયમાં કોઈ ને કોઈ રીતે સામે આવતું જોવા મળે. મારા વર્ષોના અનુભ્વમમાં મેં જોયું છે કે જયારે જાતકની જન્મ કુંડળીમાં મંગળ કેતુ સાથે હોય ત્યારે આ યોગ જીવનમાં કોઈને કોઈ રીતે અસંતુલન ઉત્પન્ન કરતા જોવા મળે છે. મારી દ્રષ્ટિએ વ્યક્તિગત જન્મકુંડળીમાં આ યોગની વિપરીત અસર દૂર કરવા માટે ગણપતિ પૂજા અને ગણપતિ અથર્વશીર્ષના પાઠ વિશેષ ફળદાયી રહે છે.


# શું વધતી ઉંમરને ઉલટી ‘ગીનતી’ કરાવી શકાય !!

## ભાવનાત્મક, માનસિક અન શારીરિક રીતે ૫૦ વર્ષે પણ ૨૫ જેવા યુવાન થઈ શકાય!

**અબતક, રાજકોટ**

આજે બધાને યવાન બધાને યુવાન રહેવું ગમે છે, સ્ત્રી હોય કે પુરૂષ બધા જ ને રૂપકડા સાથે યુવાની સાથે જીવવાની સતત ઈચ્છાઓ હોય છે. સદા યુવાન જેવા રહેવા ઘણો બધો બદલાવ કરવાની જરૂર પડે છે, જેમાં તમારા સ્વભાવ સાથે તમારો વ્યવહાર - વિચારો સાથે માનસિક સ્થિતિ મહત્વનો ભાગ ભજવે છે. આજે તો લાંબા અને તંદુરસ્ત જીવન માટે ઘણા કિમીયા લોકો કરતાં જોવા મળે છે, પણ આપણે જો જીવનશૈલી ન બદલીએ તો કશા જ પરિણામ ન મળી શકે.આજે બધા જ કહે છે કે, મને કંઈ નથી થતું, હું એક પણ દવા લેતો નથી. આવા લોકો પણ બિમાર હોઈ શકે છે, અને એ છે માનસિક બિમારી આજના યુગમાં સક્રારાત્મક્તા સાથે ભાવનાત્મક, માનસિક તંદુરસ્તી અને શારીરિક તંદુરસ્તી અતિ મહત્વની છે.





તમારા સારા વિચારો અને અન્યો પ્રત્યેની સારી ભાવના પણ તમને સદાકાળ યુવાન રાખી શકે છે. લંડનમાં દીધાયુષ્ય અને જીવનશૈલી પરત્વે કાર્યકરતા ડો. અલ્કા પટેલ જણાવે છે કે, કાલક્રમિક ઉંમરને તમે જૈવિક ઉંમરમાં બદલી શકો છો, જેના માટે તેને છ બાયોહેકીંગ યુક્તિઓની વાત કરી છે, જેમાં સવારે સૂર્ય પ્રકાશમાં એક મિનિટ બહાર નીકળીને ૧૦ સેકન્ડ તમારી આંખો બંધ કરીને તમારા આખા દિવસનો હેતુ નક્કી કરવો.

પછીના દિવસના આયોજનમાં ડો. અલ્કા પટેલ જણાવે છે કે ૨ મિનિટ ચાલોને ૨૦ મીનીટ ઝડપી ચાલ કે દોડ લગાવો. નિયમિત દર ૩૦ મીનીટે ત્રણ ગ્લાસ પાણી પીવો. પ્રસંસા ઉત્પ્રેરક સાથે દિવસ દરમ્યાન ચાર પ્રસંશા આપો. તમારી સુગમતાના સુધારા માટે તમારા શરીરને પાંચ અલગ અલગ પ્રકારનાં સ્ટ્રેચ આપો જેમાં દરેક સ્ટ્રેચને ૫૦ સેકન્ડ પકડી રાખો, છેલ્લે વાત કરતા ડો. અલ્કા પટેલ જણાવે છે કે શ્વાસ પ્રવાહને બુસ્ટ કરવા માટે દર કલાકે એક મિનિટ માટે તમારા શ્વાસને ૬ શ્વાસ સુધી ધીમાં કરો.

એક સંશોધનમાં એવી પણ વાત જાણવા મળી છે કે તમો અન્યો સાથે કેવો વ્યવહાર કરો છો. તેની પરથી તમારી માનસિક દશા નક્કી થતી હોય છે. આખા દિવસ દરમ્યાન તમો કોઈકના ભલા માટે કરેલા કાર્યોનું અહોભાવ સાથે ભાવનાત્મક અસર તમારા શરીર પર જોવા મળતા તમો તમારી સાચી વય કરતાં અડધી ઉંમરના લાગો છો. તમે તમારા વિચારો, સ્વભાવ, અન્ય લોકો સાથેનો વ્યવહાર, સ્ટ્રેચીંગ નાની મોટી કસરતો વિગેરેથી તમારી વયને પણ અડધી કરી શકો છો. તો થઈ જાવ સદા યુવાન રહેવા રાખો આટલી તકે દારી




### જૈવિક ઉંમર શું છે?

જયારે તમને કોઈ પૂછે ને તમો તમારી જન્મ તારીખ મુજબ વય કહો તે તમારી કાલ ક્રમિક ઉંમર છે. બીજી બાજુ જૈવિક ઉંમરએ નથી કે તમે કેટલા વર્ષ જીવ્યા છો, પણ તમે તમારી જીવનશૈલી, સ્ફૂર્તિ, આનુવંશિકતા અને પર્યાવરણસ્ત પરિબળો જૈવિક વયને પ્રભાવિત કરી શકે છે.

### તમારા સકારાત્મક વલણથી તમારી વય નાની કરી શકો !

આજે ઘણા લોકો સતત પ્રવૃતિનેકારણે મોટી વયે પણ યુવાનને શરમાવે તેવું જીવન માણી રહ્યા છે. જેમાં તેના વિચારો, સ્વભાવ અને વલણોની ભૂમિકા વધારે હોય છે.

# એમસીએક્સને હવે ઈલેક્ટ્રીક સિટીના વાયદાની મંજૂરી

## શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જમાં વેધરના પણ વાયદા થાય છે :એમસીએક્સમાં ગોલ્ડ, સિલ્વર,ક્રુડ અને નેચરલ ગેસના વાયદાઓમાં ટ્રેડનું પ્રમાણ વધારે

**અબતક, રાજકોટ**

તાજેતરમાં જ સેબી દ્વારા એમસીએક્સને ઈલેક્ટ્રિક સીટીના વાયદાને મંજૂરી આપવામાં આવી છે.ટૂંક સમયમાં એમસીએક્સમાં ઈલેક્ટ્રીક સીટીના વાયદાઓ અને એના કોન્ટ્રાક્ટમાં ટ્રેડ થતાં જોવા મળશે. આ મંજૂરીમાં સેન્ટ્રલ ઈલેક્ટ્રીક સીટી રેગ્યુલેટરી કમિશન એટલે કે સી.ઈ.આર.સી નો પણ સાથ મળ્યા ના સમાચાર છે. ઈલેક્ટ્રીક સીટીના ભાવોને હેજ કરવા માટે આ વાયદા નો ઉપયોગ કરવામાં આવશે,તેવું જાણવા મળે છે. એમ.સી.એક્સનો માર્કેટ શેર કોમોડિટીઝ ફ્યુચરના લગભગ ૯૮% હોવાની ધારણા છે.

હાલમાં એમ.સી.એક્સમાં એગ્રીકલ્ચર પ્રોડક્ટ,બુલિયન એટલે કે સોના, ચાંદી, બેઝ મેટલમાં એલ્યુમિનિયમ,કોપર,ઝિંક ઉપરાંત એનર્જી વાયદાઓમાં નેચરલ ગેસ,ક્રુડ ઓઈલમાં ટ્રેડ થતા હોય છે.એગ્રી પ્રોડક્ટ ના વાયદાઓમાં બ્લેક પેપર, કેસટર.સીડ,કોટન, મેનથા ઓઈલ વગેરેના વાયદાઓની મંજૂરી એમ.સી.એક્સને છે.બ્રાસ,કપાસ,પામોલીન,કોટન ઓઈલ, આલમંડ, ચણા,પોટેટો, રો જયુટ ,સોયાબીન,સુગર,ઘઉં વગેરેમાં પણ વાયદાઓમાં કામ થતા હોય છે.પરંતુ અવારનવાર સરકાર દ્વારા-સે.બી દ્વારા અમુક જાતના એગ્રીકલ્ચર વાયદાઓ ને બેન કરવામાં આવે છે. પ્રતિબંધ મૂકવામાં આવે છે અને એમ.સી.એક્સ માં પ્રતિબંધિત વાયદાઓમાં કામ થતા હોતા નથી.વિદેશના ઘણા બધા કોમોડિટીઝ એક્સચેન્જમાં નુરભાડા-વેધર વગેરેના પણ વાયદાઓ માં ટ્રેડ થતા હોય છે. જે જુદા-જુદા હેતુથી કંપનીઓના રિસ્ક મેનેજમેન્ટ અને અન્ય હેતુ માટે આવા વાયદાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. એક અંદાજ પ્રમાણે એમ.સી.એક્સ વિશ્વમાં છઠ્ઠા નંબર પરનું કોમોડિટીઝ એક્સચેન્જ છે.દુબઈ ગોલ્ડ એક્સચેન્જ મોખરા નું સ્થાન ધરાવે છે. જોકે ભારતમાં એમ.સી.એક્સ નંબર એક પર છે. કોરોનાના સમય વખતે ક્રૂડ જેવા વાયદાઓમાં નેગેટીવ બીલો બન્યા હતા અને ક્રૂડમાં જોરદાર મંદી જોવા મળતા કોન્ટ્રાક્ટ લેનારની ખરીદ કિંમત કરતા પણ વધારે રકમ ચૂકવવાનો વખત આવ્યો હતો.જે ટ્રેડર ની ભાષામાં નેગેટિવ કટ કહેવામાં આવે છે.



કોમોડિટીઝના ફ્યુચર ટ્રેડિંગમાં ડિલિવરી બેઈઝ વેપારનું પ્રમાણ ખૂબ જ નહિવત હોય છે અને ઘણી બધી કોમોડિટીઝ માં તો કોલ અને પુટ માં પણ કામ થતા હોય છે એટલે કે ફક્ત પ્રીમિયમ આપીને કોમોડિટીઝ નો લોટ લેવાતો હોય છે.હાલમાં એમ.સી.એક્સ માં કોલ પુટનું વોલ્યુમ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે.જે રીતે સ્ટોક એક્સચેન્જ માં કોલ પુટ ના કામ થતા હોય છે.તે જ રીતે એમ.સી.એક્સમાં કોમોડિટીઝના કોલ પુટના કામ થતા હોય છે અને કોલ પુટનો વ્યાપાર પણ કરવા વાળો વર્ગ મોટો છે. પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર એમ.સી.એક્સ માં ઈલેક્ટ્રીક સિટી નો વાયદો શરૂ કરવા સેબી દ્વારા મંજૂરી આપવામાં આવી છે.વાયદો શરૂ થતા થોડો સમય લાગશે.એમસીએક્સની સ્થાપના ૨૦૦૩માં મુંબઈમાં થઈ હતી. એમ.સી.એક્સ એક લિસ્ટેડ કંપની છે.એમ.સી.એક્સ નવા નવા વાયદાઓ લોન્ચ કરતી હોય છે.જે સેબી દ્વારા મંજૂર થયા પછી, કોન્ટ્રાક્ટ સાઈઝ વગેરે નક્કી થયા પછી,આવા વાયદાઓમાં ટ્રેડિંગ શરૂ થતું હોય છે. એક્સચેન્જ ના નિયમ પ્રમાણે માર્જિનની રકમ ભરીને આવા વાયદાઓમાં ટ્રેડ કરી શકાય છે. કોઈપણ કોમોડિટીઝ બ્રોકરને ત્યાં ટ્રેડિંગ એકાઉન્ટ ખોલીને ત્યાર બાદ એમ.સી.એક્સ માં થતા વાયદાઓમાં ટ્રેડ કરી શકાય છે .લે વેચ પણ કરી શકાય છે.એમ.સી.એક્સ ના નક્કી કરેલા માર્જિન અને નિયમોને અનુસરીને ટ્રેડ કરી શકાય છે. સામાન્ય રીતે સ્ટોક બ્રોકરો પણ એમ.સી.એક્સ માં મેમ્બરશીપ ધરાવતા હોય છે અને શેરોની જેમ જ કોમોડિટીઝ માં પણ ટ્રેડિંગ રાઈટ મેળવી,પોતાના ગ્રાહકોને ટ્રેડિંગ-હેજિંગ કરવા માટેની સુવિધાઓ પૂરી પાડતા હોય છે.

# શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં બાળકના નામ પાછળ અટક લખવા સૂચના

## અપાર આઈડી, આધાર કાર્ડ અને એલસી સહિતના તમામ ડોક્યુમેન્ટમાં એકરૂપતા જળવાઈ રહે તે માટે લેવાયો નિર્ણય

**અબતક, રાજકોટ**

ગુજરાત બોર્ડ હેઠળની રાજ્યની તમામ સ્કૂલોમાં આજે ૯મી જૂનથી નવું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂ થયું છે, ત્યારે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને જૂન ૨૦૨૫થી શાળા છોડયાનું પ્રમાણપત્ર (કઈ) આપતી વખતે હવેથી અટક પાછળ લખવા અંગે ગુજરાત શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે. આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બાળક એક શાળામાંથી બીજી શાળામાં પ્રવેશ મેળવે તે સમયે તેને જે-તે શાળામાંથી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ/ શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ લીવિંગ સર્ટિફિકેટમાં બાળકનું નામ, પિતા, માતાનું નામ, અટક,જન્મતારીખ જેવી મહત્ત્વની માહિતીની નોંધ કરવામાં આવે છે.હાલમાં અપાર આઈડીની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત આધારકાર્ડ સાથે બાળકોના નામ માપિંગ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. આ બાબત ધ્યાને લેતાં હવે આગામી શૈક્ષણિક સત્ર જૂન ૨૦૨૫થી શરૂ થઈ રહ્યું છે, ત્યારે જે બાળકોને લીવિંગ સર્ટિફિકેટ આપવામાં આવે તેમજ શાળામાં નવો પ્રવેશ મેળવતા બાળકોના જનરલ રજિસ્ટરમાં નામ નોંધણી કરવામાં આવે તેવા બાળકનું આખું નામ લખવામાં નામને અંતે અટકનો ઉલ્લેખ કરવામાં આવે તે જરૂરી છે, જેથી અપાર આઈડી, આધારકાર્ડ અને કઈ જેવા તમામ ડોક્યુમેન્ટમાં નામની એકરૂપતા જળવાઈ રહે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આગામી શૈક્ષણિક સત્ર જૂન ૨૦૨૫થી જે બાળકોને સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ આપવામાં આવે તેમજ સ્કૂલમાં પ્રવેશ મેળવતા બાળકોના જનરલ રજિસ્ટરમાં નામ નોંધણી કરવામાં આવે તેમાં બાળકનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ કરવામાં આવે તે અંગે તથા અપાર આઈડી, આધાર કાર્ડ અને એલસી તમામ ડોક્યુમેન્ટમાં નામની એકરૂપતા જળવાઈ રહે તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે.

# ચોટીલા: નાથ બાવાજી પરિવારનો અંતિમ વીધી માટે રઝળપાટ, સીએમ કાર્યાલયના હસ્તક્ષેપ બાદ અપાયો અગ્નિદાહ

## નાથ બાવાજી પરિવારના મહિલાનું બિમારીને લીધે અવસાન થતાં સ્મશાન ન હોવાથી અંતિમવીધી માટે તંત્રની બેદરકારી

**અબતક, રણજીતસિંહ ધાંધલ**
**ચોટીલા**

ચોટીલામાં રહેતા ગરીબ પરિવારના નાથ બાવાજી પરિવારના મહિલાનું બીમારીના કારણે અવસાન થતાં અંતિમ વિધિ માટે પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હતા ચોટીલામાં નાથ બાવાજીનું સ્મશાન ન હોય જેના કારણે નગરપાલિકા ચોટીલા અને મામલતદાર માં રજૂઆત કરવા છતાં કોઈ વૈકલ્પિક વ્યવસ્થા માટે તંત્ર આગળ ના આવતા ચોટીલાના સેવાભાવી અને સામાજિક કાર્યકર નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ ગૌસેવા હરેશભાઈ ચૌહાણને પરિવારજનો દ્વારા મદદ માગતા તેઓ તુરત જ મામલતદાર



ચોટીલા કચેરી ખાતે મામલતદારને રજૂઆત કરતા મામલતદાર ચીફ ઓફિસરને સૂચના આપેલ ઘટતું કરવા માટે પરંતુ પાંચથી છ કલાકની જેમ જ બાદ નગરપાલિકા દ્વારા કોઈપણ તેઓને ગાંધીનગર સીએમ કાર્યનો સંપર્ક કરી ચોટીલાના હરેશભાઈ ચૌહાણ દ્વારા રજૂઆત કરતા પૂરતા જ સીએમ કાર્યાલયથી કલેક્ટરને સૂચનાઓ આપેલ ત્યારબાદ તંત્ર હકતમાં આવ્યું અને મામલતદાર નગરપાલિકા સ્ટાફ સ્મશાનની પાછળના ભાગે ખાતે પહોંચી વૈકલ્પિક વ્યવસ્થા કરી હતી. તુર્તક તંત્ર ખડે મામલતદારએ રૂબરૂ સ્મશાન સ્થળની વિઝીટ કરી કડક સૂચનાઓ આપી કાર્યવાહી કરાવેલ અને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવી અંતિમ વિધિ કરાવેલ હતી.

# લોધિકાના બે ગામ, બે મહિલા સરપંચ, એક જ વાત સમરસતા !

## બાલસર અને ચિભડા ગ્રામ પંચાયતમાં આઝાદી પછી એક પણ વખત ચૂંટણી નથી થઈ આ વખતે પણ ચૂંટણી પહેલા જ મહિલા સરપંચો બિનહરીફ ચૂંટાયા

**અબતક, બી.એમ. ગોસાઈ**
**લોધિકા**

લોધીકા તાલુકા ની ગ્રામપંચાયતો ની સામાન્ય તેમજ પેટા ચૂંટણી નું તા.૨૨ જુન ના રોજ મતદાન થવાનું છે ત્યારે બાલસર ગ્રામપંચાયત ની સામાન્ય ચુંટણી માં પેનલ સાથે મહિલા સરપંચ તરીકે ગીતાબેન દેવાયતભાઈ કુગશીયા સમરસ ગ્રામ પંચાયત સરપંચ તરીકે બિનહરીફ વરણી થયેલ છે બાલસર ગામ આહિર સમાજ નું ગામ છે સમરસતા માં માનવા વાળા આ ગામ ની અંદર આઝાદી પછી લોકશાહી માં એક પણ વખત ગ્રામપંચાયત ની ચુંટણી થયેલ નથી બિનહરીફ સમરસ ગ્રામ પંચાયત થયેલ છે જેમાં પૂર્વ સરપંચ દેવાયતભાઈ કુગશીયા લોધીકા તાલુકા ભાજપ પૂર્વ મહામંત્રી દિલીપભાઈ કુગશીયા તેમજ આગેવાનો વડીલો યુવાનો નો સમરસતા જાળવવામાં સિંહ ફાળો છે

તેવીજ રીતે ચિભડા ગ્રામપંચાયત મહિલા સરપંચ તરીકે હંસાબેન મોહનભાઈ દાફડા જેવો પૂર્વ રાજકોટ જીલ્લા પંચાયત સદસ્ય રહી ચુકેલ છે તેઓ પેટા ચૂંટણી મા બિનહરીફ



મહિલા સરપંચ તરીકે થયેલ છે જેમાં રાજકોટ જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા તાલુકા પંચાયત પ્રમુખ વિપુલભાઈ મોરડ તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ભરતસિંહ જાડેજા પૂર્વ મહામંત્રી દિલીપભાઈ કુગશીયા મોહનભાઈ ખુટ તેમજ ગામ ના આગેવાનો યુવાનો વડીલો સભ્યો એ નવનિયુક્ત મહિલા સરપંચ હંસાબેન દાફડા ને શુભેચ્છા પાઠવેલ.


**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**

**વિદ્યુતીકરણ કાર્ય.**

ટેન્ડર સૂચના નંબર DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/14 તારીખ 06.06.2025 કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 વેબસાઇટ વિગતો: "www.ireps.gov.in" ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD-2025-26-14 કાર્યનું નામ: રાજકોટ ડિવિઝનના રિલાયન્સ પેટકોક સાઇડિંગના બાકી રહેલા કામના સંદર્ભમાં વિદ્યુતીકરણ કાર્ય. (i) અંદાજીત કિંમત: રૂ. 1,73,72,267.78/- (ii) અર્નેસ્ટ મની: રૂ. 2,36,900/- (iii) ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય: 04.07.2025 ના રોજ 15.00 કલાક સુધી.

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**Rajkot Municipal Corporation**
**Expression Of Interest**

Rajkot Municipal Corporation (RMC), Dr. Ambedkar Bhawan, Dhebar Road, Rajkot-360001 invites "Expression of Interest" for hiring experienced service advisor to carry out post municipal bond issuance compliances service for Rajkot Municipal Corporation. The scope of work and term & condition are available in the office of Chief Accountant; Account Department on working days between 11.00 a.m. to 6.00 p.m. from **09-06-2025** upto Date **23-06-2025.** Tender fees Rs.1125/- and an Earnest Money Deposit (EMD) for Rs. 6372/- shall have to be paid in the name of Rajkot Municipal Corporation in form of Demand Draft payable at Rajkot. A Pre bid meeting is scheduled on **13-06-2025** at 05.00 PM in office of DMC Nandani Sir, (CZ), 1st Floor, "Dr. Ambedkar Bhawan", Dhebar Road, Rajkot – 360 001. The last date for downloading and submission of e-Tender at www.rmc.nprocure.com is **23-06-2025 up to 6.00 pm**. The tender document can also be downloaded from www.rmc.gov.in and www.nprocure.com

**(Sd/-) Dy. Commissioner**
**Rajkot Municipal Corporation**


# અમરેલી: એસ.એચ.ગજેરા કેમ્પસમાં ૫૦૦૦ વિદ્યાર્થીઓને તિલક કરી પ્રવેશ અપાયો

## કોસ્ચ્યુમ સાથેના મીકી માઉસ અને છોટા ભીમ સાથે વિદ્યાર્થીઓએ મોજ-મસ્તી કરી

**અબતક, પ્રદીપ ઠાકર**
**અમરેલી**

નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ ૨૬ ના પ્રથમ દિવસે શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલના બાલમંદિર થી ધોરણ ૧૨ ના ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ને હર્ષોલ્લાસ સાથે પ્રવેશ કરાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક વર્ષમા ઉત્સાહ ને ઉમંગ તેમજ નવી ઉર્જા સાથે અભ્યાસ અને સો અભ્યાસ પ્રવૃત્તિઓ અને



સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.શાળા મેનેજમેન્ટ તરફથી વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મા સરસ્વતી ની પ્રાર્થના કરવામાં આવી- શાળા બિલ્ડીંગ શણગારવામાં આવી હતી તેમજ સેલ્ફી પોઈન્ટ વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા મંત્રી ચતુરભાઈ ખૂટ મનસુખભાઈ ધાનાણી કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી સુપરવાઈઝર પ્રિન્સિપાલ તેમજ તમામ શૈક્ષણિક સ્ટાફ વિદ્યાર્થીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવેલ હતી.


**મુખ્ય માર્કેટ યાર્ડ, ગોડલમાંની ઓફિસ-કમ-શોપ નં-૧૫ (ઉપર) ની ફાળવણી/ ભાડાપટ્ટો તબદીલ કરવા અંગે**

**:: જાહેર નોટીસ ::**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોડલની માલિકીની, મુખ્ય માર્કેટ યાર્ડમાંની ઓફિસ-કમ-શોપ નં.-૧૫ (ઉપર) જે શિવકૃપા કોર્પોરેશન (ભાગીદારી પેઢી) C/O શ્રી ધીરૂભાઈ નટવરભાઈ વાગડીયા રહે. મુ. અરજણસુખ તા.કુકાવાવ ના નામે લીઝડીડ કરાર થી ફાળવવામા આવેલ છે.શિવકૃપા કોર્પોરેશન (ભાગીદારી પેઢી) C/O શ્રી ધીરૂભાઈ નટવરભાઈ વાગડીયા તરફથી સદરહું ઓફિસ-કમ-શોપ નં.-૧૫ (ઉપર) ની ફાળવણી/ભાડાપટ્ટો તેમના નામેથી રદ કરવા, તેમજ કલ્પેશભાઈ પરસોતમભાઈ શેરઠીયા રહે. મુ. ઉપલેટા ના નામે તબદીલ (ટ્રાન્સફર) કરી આપવા બાબતે અરજી આવેલ છે.

આ ભાડાપટ્ટો ટ્રાન્સફર કરવા સામે કોઈપણને, કંઈપણ હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કરજ, લેણું, ભરણ-પોષણના હક્ક, ભાયુભાગ, બેન્ક લોન કે કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ માં નીચેના સરનામે લેખિત આધાર-પુરાવાઓ સહિત રજુ કરવા. તેમ કરવામાં કસૂર થયેલી આ અંગે કોઈને કશો વાંધો કે તકરાર નથી, અને હોય તો જતા(WAIVE)કરેલ છે તેમ માની, સદરહું ઓફિસ-કમ-શોપ નં.-૧૫ (ઉપર) ની ફાળવણી/ભાડાપટ્ટો જણાવ્યા મુજબ તબદીલ કરી આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ વાંધો કે તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા-વળગતા સૌએ નોંધ લેવી.

તારીખ : ૦૯-૦૬-૨૦૨૫

ધર્મેન્દ્રસિંહ કે. જાડેજા, વાઈસ ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોડલ.

અલ્પેશભાઈ જી. ઢોલરીયા, ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોડલ.

સરનામું:-
બજાર સમિતિની કચેરી,
સરદાર માર્કેટ યાર્ડ, નેશનલ હાઈવે,
ગોડલ બાયપાસ, ગોડલ.



**:: જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર શ્રી રવિકુમાર એસ. નરોડીયા, એડવોકેટ તે મારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :-

રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ગામ: ડૈયાના ખાતેદાર શ્રી ધીરૂભાઈ કાથડભાઈ ટોળીયા, રહે. ડૈયા, તા. ગોંડલ, જી. રાજકોટ, વાળાની સ્વતંત્ર માલીકીની નીચેની વિગત વાળી ખેતીની જમીન આવેલ છે.

| ગામનુ નામ | રે.સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | ખાતા નંબર |
|---|---|---|---|
| ગામ: ડૈયા | ૨૩૧/ પૈકી ૧ | ૧-૦૭-૫૮ | ૯૧૬ |

ઉપરના કોષ્ટકમાં બતાવેલ વિગતવાળી ખેતીની જમીન તેના માલીક શ્રી ધીરૂભાઈ કાથડભાઈ ટોળીયા, ની સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટા હકક અધીકારની ખેતીની જમીન આવેલ છે. તેઓ પાસેથી આ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માગે છે. જેથી આ મીલ્કત ખેતીની જમીનની માલીકી બાબતે, કબ્જા બાબતે કે વારસાઈ હકક બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણને કોઈપણ જાતનો હકક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવા, લેણુ કરજ, બોજો કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં નીચે લખેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો સદરહું ખેતીની સીમ જમીન પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોઈ તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ માનીને મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી સદરહું મીલ્કતનો કબ્જો સંભાળી તેનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધન કર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળ ગતાએ નોંધ લેવી.

મું. ગોંડલ.
તા. ૧૦-૦૬-૨૦૨૫.
સરનામું :-
રવિકુમાર એસ. નરોડીયા, એડવોકેટ
ઓફીસ-સ્ટુડન્ટસ ઝેરોક્ષ, જુની કોર્ટની સામે,
ગોંડલ ૩૬૦ ૩૧૧

રવિકુમાર એસ. નરોડીયા, એડવોકેટ

### તંત્રી લેખ

# ગાયનું છાણ અને ગૌમૂત્ર ગાયના દૂધ કરતાં પણ વધારે મૂલ્યવાન

ગાવો વિશ્વસ્ય માતઃ ગાય સમગ્ર વિશ્વની માતા છે. ગૌ માતાની સેવા કરવીએ સૌથી મોટું પુણ્યનું કાર્ય છે. ગાયનું છાણ અને ગૌમૂત્ર ગાયના દૂધ કરતાં પણ વધારે મૂલ્યવાન છે.

ગાયના દૂધમાં અનેરી મમતા અને સ્નેહ રહેલો હોય છે, જે બીજા પ્રાણી કરતાં ઘણો વિશેષ હોય છે.

ગાયનું દૂધ માનવ શરીર સૌષ્ઠવ અને રોગ પ્રતિકાર માટે સર્વોત્તમ છે, તેવું વૈજ્ઞાનિકોનું પણ માનવુ છે.

ગાય માતાનું મહત્વ સમજાવતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું છે કે, ભારતની ભૂમિ ઋષિ અને કૃષિની ભૂમિ રહી છે. વેદો, પુરાણો સહિતના શાસ્ત્રોમાં સૌ પશુ પક્ષીઓમાં ગૌ માતાને સૌથી વધારે સન્માન આપવામાં આવ્યું છે. ગૌ માતા પોતાના સમગ્ર જીવનકાલ સુધી પોતાનું દૂધ આપી સેવા કરે છે.

ગૌ માતાનું દૂધ તમામ કરતાં સર્વોત્તમ છે એનું મુખ્ય કારણ એના દૂધમાં પોતાના બાળકો માટે જે આપણાપણું હોય છે તે જોવા મળે છે. આજના આધુનિક યુગમાં ટેક્નોલોજીના વિકાસ થકી દરેક ક્ષેત્રે ક્રાંતિ આવી છે. જેના પરિણામે આપણે ગૌ માતાની ઉપયોગિતા અને તેના સર્વોત્તમ ગુણોથી અપરિચિત થયા છીએ. વેદોમાં કહેવાયું છે કે, હે માનવ જો તારે તારા ઘર, સમાજ અને રાષ્ટ્રને ઉન્નત અને સર્વોત્તમ બનાવવું હોય તો તેનો માત્ર એક જ ઉપાય છે ગૌ માતાનું સંરક્ષણ. આજના ઝડપી સમયમાં જ્યારે રોગો તથા બીમારીઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે ગૌ માતાનું દૂધએ તમામ રોગોથી બચવા માટે શ્રેષ્ઠ છે તેમ વૈજ્ઞાનિકોએ પણ સ્વીકૃત કર્યું છે.

ધરતીને આપણે આપણી માતા માનીએ છીએ તેવું કહી છીએ પણ આપણે જ તેનો વિનાશ કરી રહ્યા છીએ. ડીએપી, યુરિયા જેવા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના અંધાધુંધ વપરાશથી રાસાયણિક ખેતી કરીને આપણે આપણી પ્રકૃતિની સમતુલા ખોરવી નાખી છે. રાસાયણિક કૃષિ ધીમું ઝેર છે. જેના પરિણામે આબોહવામાં પરિવર્તન થઈ રહ્યું છે. જળવાયુ ખરાબ કરવાનું કાર્ય રાસાયણિક કૃષિ કરી રહી છે. આ વિષચક્રમાંથી મુક્ત થવું હશે તો પ્રાકૃતિક કૃષિ અપનાવવાનું પુણ્ય કાર્ય કરવું પડશે. પ્રાકૃતિક કૃષિમાં ઉપયોગમાં લેવાતા ગૌમૂત્ર અને ગોબર પણ ગૌ માતા જ આપે છે જે ગૌ માતાના દૂધ કરતા પણ વધારે મૂલ્યવાન છે.

# જુનાગઢ મનપાનો સપાટોઃ બેદરકારી બદલ અમદાવાદ - અમરેલીની કંપનીને લાખોનો દંડ

## અમૃત ૨.૦ યોજના હેઠળ ફરીયાદોનો તાત્કાલીક નિકાલ અને વાકેફ કરવા બેદરકારી બદલ લાખોની પેનલ્ટી ફટકારવામાં આવી

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મનપામાં ફરીયાદોનો નિકાલ તથા કામગીરીથી વાકેફ કરાવવા કામગીરી કરતી અમદાવાદ અને અમરેલીની બે કંપનીઓને મનપા. દ્વારા લાખોની પેનલ્ટી ફટકારાઇ હોવાનું જાણવા મળી રહ્યું છે.

અમૃત-૨.૦ યોજના હેઠળ વોટર સપ્લાય પ્રોજેકટ પેકેજ-૧, પેકેજ-૨ અને ભૂગર્ભ ગટર પ્રોજેકટ ફેઝ-૨ ની કામગીરી હાલ પ્રગતિમાં છે. સદરહુ કામગીરી અંતર્ગત લોકોની ફરીયાદોનો તાત્કાલીક નિકાલ કરવા તથા લોકોને કામગીરીથી વાકેફ કરાવવા જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી ખાતે સોમવાર -ગુરૂવારના દિવસે લગત એજન્સીઓને જાણકાર તથા જવાબદાર વ્યકિતને હાજર રાખવા જાણ કરવામાં આવેલ.

પરંતુ એજન્સીઓ દવારા જાણકાર તથા જવાબદાર વ્યકિતને પત્રથી તથા ફોનથી માહિતગાર કરવા છતાં મહાનગરપાલિકા જૂનાગઢ ઓફીસ ખાતે સોમવાર તથા ગુરૂવારના દિવસે વારંવાર હાજર ન રહેતા લગત એજન્સીઓ વીસી પ્રોજેકટ એન્ડ ઈન્ફ્રા પ્રા.લી. અમરેલીને બે પ્રોજેકટ અન્વયે રૂ.૨૦ લાખ તથા પી સી સ્નેહલ કન્સ્ટ્રકશન પ્રા.લી. અમદાવાદને રૂ.૧૦ લાખની પેનલ્ટી આપવામાં આવનાર છે.

# ગ્રામ પંચાયતની ચુંટણીમાં મતદાન માટે ચુંટણી ઓળખકાર્ડ સહિત ૧૪ પુરાવા માન્ય

## ફોટા સાથેનું પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, જોબકાર્ડ સહિતના પુરાવા રજુ કરી શકાશે

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની સામાન્ય/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીનું તારીખ ૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે.

આ ચૂંટણીમાં મતદાન સમયે મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર/ EPIC રજૂ કરવાનું રહેશે.

પરંતુ જો કોઈ મતદાર આવું ફોટો ઓળખપત્ર રજુ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર અનુસાર અન્ય દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરવામાં આવેલ છે.

દસ્તાવેજી પુરાવાઓમાં ફોટો સાથેનો પાસપોર્ટ, ફોટા સાથેનું ડ્રાઈવિંગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ હોય) ફોટા સાથેનું ઈન્કમટેક્ષ/ પાન ઓળખ કાર્ડ, રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો, પબ્લિક લિમિટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખપત્ર, પબ્લિક સેકટર બેન્ક અને પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક (ચૂંટણીની તારીખથી એક મહિના પહેલા ઈસ્યુ થયેલ), અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ અન્ય પછાતવર્ગ એનપીઆર સ્કીમ હેઠળ આરબીઆઈ દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ, યુઆઈડીએઆઈ દ્વારા આપવામાં આવેલ આધાર કાર્ડ.

આ તમામ આધાર પુરાવા મતદાન સમયે નાગરિકો રજૂ કરી શકે છે

અને મતદાન કરી શકશે. તેમ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, જૂનાગઢ જિલ્લાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સુરેન્દ્રનગરમાં શિવાજી અને મહારાણા પ્રતાપની પ્રતિમા સ્થાપવા રજૂઆત

## રાજપુત કરણી સેના તેમજ ક્ષત્રિય સમાજ દ્વારા મનપા કમિશ્નરને લેખીત માંગ કરાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર મનપા કચેરી ખાતે રાજપૂત કરણી સેના દ્વારા છત્રપતિ શિવાજી મહારાજ તેમજ મહારાણા પ્રતાપની અલગ-અલગ વિસ્તારોમાં પ્રતિમા સ્થાપીત કરવા બાબતે લેખીત રજુઆત કરાઈ હતી આ તકે મોટી સંખ્યામાં આગેવાનો સહિતના યુવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ સુરેન્દ્રનગર સંયુકત નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બની છે ત્યારે જીલ્લામાં શૌર્ય અને ત્યાગ બલીદાનના વારસાને ધ્યાને લઈ હિન્દુ સ્વરાજના સ્થાપક અને પ્રતાપી યોધ્ધા શૌર્યના પ્રતિક એવા મરાઠા સામ્રાજયના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની પ્રતીમા શહેરના દુધરેજ રેલ્વે ઓવરબ્રીજથી ટાવર તરફ મેડીકલ કોલેજ સામેના મુખ્ય પ્રવેશદ્વાર પાસે અથવા ૬૦ ફુટ રોડ પર નવા આઈકોનીક રોડ પર લો કોલેજ તરફના વિસ્તારમાં સ્થાપીત કરવામાં આવે તેવી માંગ કરી હતી. આ ઉપરાંત એન.ટી.એમ.હાઈસ્કૂલ સામેના ચોકને મહારાણા પ્રતાપ ચોક નામકરણ કરવામાં આવે અને ત્યાં મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવામાં આવે તેવી પણ લેખીત રજુઆત મનપા કમીશ્નરને કરવામાં આવી છે. આ તકે ક્ષત્રિય સમાજ તેમજ રાજપૂત કરણી સેનાના આગેવાનો, હોદ્દેદારો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# જૂનાગઢમાં ખોદાયેલા રસ્તાઓ પર પેચવર્કની કામગીરી હાથ ધરાશે

## ચોમાસામાં કોઈ અકસ્માત ન થાય એ માટે ખોદાયેલા રોડ પર ટેમ્પરરી પેચવર્કની કામગીરી કરવામાં આવશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મનપા દ્વારા વિવિધ વિકાસ કામ અંતર્ગત ખોદાયેલા રસ્તાઓ ચોમાસા ઋતુ દરમિયાન બેસી ન જાય અને કોઈ અકસ્માત ન સર્જાય તે હેતુથી તાત્કાલિક ધોરણે ખોદકામ ઉપર ટેમ્પરરી સી.સી. પેચ વર્કની કામગીરી કરવામાં આવશે.

જુનાગઢ મનપાના પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરની જુનાગઢ અમૃત-૨.૦ યોજના પેકેજ-૧ અને પેકેજ-૨ અંતર્ગત મુખ્ય તથા પેટા રોડ પર પીવાના પાણીની પાઈપ લાઈનો નાખવામાં આવેલ છે. જેને કારણે આગામી ચોમાસાની ઋતુમાં તાજા ખોદાણને લીધે રોડ બેસી જવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તથા ચોમાસાની સીઝન દરમ્યાન કોઈ અકસ્માત ન થાય તે હેતુથી તાત્કાલીક ધોરણે કરેલ ખોદકામ ઉપર ટેમ્પરરી સીસી પેચવર્કની કામગીરી કરવામાં આવનાર છે.

અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે કે, ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ નવા સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જે અંગે સર્વે શહેરીજનોને રોડની કામગીરી દરમ્યાન કામગીરીમાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીની કામગીરીની સમીક્ષા કરતાં ચૂંટણી અધિકારી રાણાવસીયા

## સુરક્ષા દળોને ફલેગ માર્ચ યોજવાનો નિર્દેશ સહિત જરૂરી માર્ગદર્શન અપાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**




જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણીની કામગીરીની સમીક્ષા કરી હતી.

ચૂંટણીલક્ષી કામગીરીના જુદા જુદા નોડલ ઓફિસરો સાથે મળેલી આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ વિધાનસભા મત વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની સમીક્ષા કરતા ખાસ વિધાનસભા મત વિસ્તારમાં સુરક્ષા દળો દ્વારા ફ્લેગ માર્ચ યોજવા માટે નિર્દેશ આપ્યા હતા. ઉપરાંત સંભવિત વરસાદની સ્થિતિમાં જરૂરી પૂર્વ તૈયારીઓ કરવા અને તકેદારી લેવા માટે માર્ગદર્શન કર્યું હતું. તથા હોમ વોટીંગ દરમિયાન મતદાનની ગુપ્તતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે પણ જરૂરી સૂચનાઓ આપી હતી. આ માટે હોમ વોટિંગના સ્ટાફને તાલીમ પણ આપવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી એ મતદાન જાગૃતિ માટે સંકલિત પ્રયાસો કરવા માટે ભાર આપ્યો હતો.

ઉપરાંત મતદાન મથકો પર દિવ્યાંગ સહિતના મતદારોને જરૂરી સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી હતી. ઉપરાંત વધારાના બેલેટ યુનિટ ફાળવવા, વધારાની એફએસટી, વીએસટી, વીવીટી ટીમની રચના, મતગણતરી માટેની પૂર્વ તૈયારીઓ, ઈવીએમનું બીજું રેન્ડેમાઈઝેશન, કમિશર્નિંગ સહિતના મુદ્દે આયોજન સંદર્ભે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.

# સિહોરના માલવણ ગામે પંચાયતની બેઠક ઓબીસી જાહેર થતા વિરોધ

## ગામમાં ઓબીસી પરિવારની વસતી નથી સમગ્ર ગામમાં ક્ષત્રિયોની વસતી સામે તંત્રએ આંખ મિચામણાં કેમ કર્યા?



**અબતક, આનંદ રાણા, સિહોર**

હજી તો ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે સિહોર તાલુકાના માલવણ ગામે ગ્રામજનો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે ગામની અંદર ચૂંટણી નહીં યોજાય તેવું ગ્રામજનો દ્વારા જણાવવામાં આવ્યો હતો

વધુ વિગતોમાં શિહોર તાલુકાના માલવણ ગામ પંચાયતની જે સીટ છે એ છેલ્લા સો વર્ષથી સામાન્ય આવે છે પરંતુ આ વખતે તંત્રની બેદરકારીના કારણે આ માલવણ ગામની ગ્રામ પંચાયત બેઠક ઉપર ઓબીસી જાહેર કરવામાં આવતા આ ગામની અંદર

એક પણ બીજો વર્ણ કોઈ રહેતો ન હોય માત્ર ને માત્ર ક્ષત્રિય સમાજ હોય ત્યારે આ ગામની અંદર ઓબીસી સીટ કેમ આપવામાં આવી છે તેનો ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને ગ્રામજનો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે કોની બેદરકારીના કારણે આ બેઠક ઉપર ઓબીસી બેઠક આવી છે તેવું ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

# ગાંધીધામઃ નિર્મલ મમતા ટ્રસ્ટ દ્વારા દિયા ફાઉન્ડેશનના ૧૨૦ બાળકોને નોટબુક વિતરણ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દરેક શાળાઓમાં નવું શૈક્ષણિક ક્ષેત્ર શરૂ થનાર હોવાથી આદિપુર સ્થિત દિયા ફાઉન્ડેશનના બાળકો માટે નિર્મલ મમતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક નોટબુક વિતરણ કરવામાં આવ્યું. આ સેવાનો ૧૨૦ જેટલા બાળકોએ લાભ લીધો એન એમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું કે,આ શુભ કાર્ય કરવા માટે દાતાઓનો ખૂબ જ સહકાર રહ્યો હતો. આ કાર્યક્રમમાં દીયા ફાઉન્ડેશનના ફાઉન્ડર હેમલ વ્યાસ હાજર રહ્યા હતા અને એન એમ ચેરીટેબલ ટ્રસ્ટની સમસ્ત ટીમ અને મીડિયા પાર્ટનર ભારતી માખીજાણી પણ હાજર રહ્યા હતા ભવિષ્યમાં પણ ટ્રસ્ટ દ્વારા આ બાળકોને જે કાંઈ પણ જરૂરિયાત હશે તે ટ્રસ્ટ દ્વારા પૂરી કરવાનો પ્રયત્ન કરવામાં આવશે દિયા ફાઉન્ડેશન દ્વારા ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગાંધીધામઃ મેઘપર બોરીચી અંડરબ્રિજનું ભુમિપુજન માત્ર કાગળ પર જ થયું !

## વડાપ્રધાન બાદ ધારાસભ્યના હસ્તે બે બે વખત ખાતમુહુર્ત છતાં કામ અધુરુ રહેતા રોષ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ અને આદિપુરને જોડતો અત્યંત મહત્વપૂર્ણ મેઘપર બોરીચી લીલાશાહ ફાટક પર અંડરબ્રિજના નિર્માણનું કાર્ય વર્ષોથી પ્રતીક્ષામાં છે, અને આ પ્રકલ્પના ખાતમુહૂર્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અને સૂત્રોના જણાવ્યા અનુસાર બાદમાં બીજી વખત ધારાસભ્યોના હસ્તે થયા હોવા છતાં, આજે પણ કામ શરૂ થયું નથી. આ સ્થિતિએ સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે નિરાશા અને રોષ વ્યાપક બનાવ્યા છે. દરરોજ આ ફાટક પરથી પસાર થતા હજારો લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે, ગત સાંજના ૬:૩૦ વાગ્યાના અરસામાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી અને આ મામલે વહીવટી તંત્રની ઉદાસીનતા સામે સવાલો ઉઠી રહ્યા છે.

## નવનાત સમસ્ત વણિક સમાજ આયોજીત

# રાજુલાઃ સર્વરોગ નિદાન કેમ્પનો ૨૫૦ દર્દીઓએ લીધો લાભ



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા શહેરના ટાવર પાસે આવેલ કુમાર શાળા નંબર- ૧ ખાતે નવનાત સમસ્ત વણિક સમાજ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ. પૂ. મુક્તાનંદ બાપુ ચાંપરડા સ્થિત જય અંબે મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલની ડોકટર ટીમ દ્વારા સેવાઓ આપી હતી. આ કેમ્પમાં આંખના રોગના નિષ્ણાંત, ઓર્થોપેડીક, કાન-નાક ગળાના નિષ્ણાંત, એમ.ડી. પેથોલોજી લેબોરેટરી વિભાગ, એમ.ડી. ફિઝિશિયન, દાંતના રોગના નિષ્ણાંત સહિત વિવિધ રોગના નિષ્ણાંત ડોક્ટરોએ સેવાઓ બજાવી હતી. અને તમામ દર્દીઓને વિનામૂલ્યે નિદાન કરી ફ્રી દવાઓ આપવામાં આવેલ હતી. ૨૫૦ જેટલા દર્દીઓએ સર્વ રોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં પધારેલ ડોક્ટર્સ ટીમ તથા મહેમાનોનું નવનાત વણીક સમાજ દ્વારા મોમેન્ટો તથા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. રાજુલામાં પ્રથમવાર નવનાત સમસ્ત વણીક સમાજ દ્વારા સેવાકીય કાર્યનું આયોજન કરાયું હતું. આ તકે નવનાત સમસ્ત વણિક સમાજના પ્રમુખ સુરેશભાઈ તારાપરા, રસિકભાઈ પારેખ, ઉમેશભાઈ મોદી, ગીતાબેન સંઘવીતેમજ વણીક સમાજના આગેવાનો- અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કેમ્પને સફળ બનાવવા માટે નવનાત સમસ્ત વણિક સમાજ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી......

# ધ્રાંગધ્રામાં પૂર્વ કેબીનેટ મંત્રી જાડેજાની ઉપસ્થિતિમાં સમાજ સેવા કરતી ૪૨૫ મહિલાઓનું બહુમાન

## ગ્રામ્ય વિસ્તારોમાં સેવાકીય પ્રવૃત્તિ થકી સમાજમાં યોગદાન આપનાર મહિલાઓને સન્માનીત કરવામાં આવી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા શહેરના ટાઉનહોલ ખાતે સમાજ જીવનમાં જુદી જુદી સેવાકીય પ્રવૃતિઓ થકી નિસ્વાર્થ સમાજ સેવા કરી પોતાનું ઉત્કૃષ્ઠ યોગદાન આપતાં તેમજ પોતાની નૈતિક ફરજ ને ઉમદા રીતે નિભાવતા સત્કર્મીઓનું મહિલા તેમજ સરકારી નોકરીમાં તેમજ ખાનગી કંપની માં ફરજ બજાવતી મહિલાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું

ધ્રાંગધ્રા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જુદા જુદા ક્ષેત્રોમાં નિઃસ્વાર્થ સેવા કરતી મહિલાઓને જાહેરમાં સન્માન મળે અને તેમના કામથી લોકો માહિતગાર થાય સાથે તેવી મહિલાઓના જાહેર મંચ ઉપર સર્ટિફિકેટ, મોમેન્ટો અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ધ્રાંગધ્રા ના જાણીતા સામાજિક કાર્યકર અને વાઈલ્ડ લાઈફના રેસ્ક્યુઅર જયેશભાઈ ઝાલા દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે.જાડેજા નગર પાલિકા પ્રમુખ કુલદીપ સિંહ ઝાલા ધ્રાંગધ્રા ડીવાયએસપી જે.ડી.પુરોહિત સહિત મહિલા આગેવાનો ની ઉપસ્થિતિમાં સન્માન સમારંભ કાર્યકમ યોજાયો હતો ધ્રાંગધ્રા માં સ્વછતા, વૃક્ષા રોપણ, ગાય કૂતરાં ને રામ રોટી જેવું કાર્ય હોય હંમેશા નિસ્વાર્થ ખડે પગે સેવા કરતા વ્યક્તિત્વ સાથે ધ્રાંગધ્રા શહેરમાં હોસ્પિટલ, પોલીસ, ફોરેસ્ટ, સહિતની સેવાઓમાં લોક ઉપયોગી ફરજ નિભાવતા કર્મચારીઓ નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મહાનુભવો ની વિશેષ ઉપસ્થિતિમાં અંદાજીત ૪૨૫ જેટલી મહિલાઓનું સન્માન મહાનુભાવો ના હસ્તે કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢઃ ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ બી ડીવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોટર સાયકલ ચોરી કરનાર ઈસમને ચોરેલ મોટર સાઈકલ સાથે પકડી પાડી, જૂનાગઢ બી ડીવિઝન પોલીસે અનડીટેકટ ગુન્હો ડીટેકટ કર્યો છે. જુનાગઢ બી પોલીસ સ્ટેશનમાં મોટર સાયકલની ચોરી અંગેની થયેલ ફરિયાદ અંગે અનડીટેક્ટ ગુન્હો દાખલ થયેલ હોય જે ગુનાના કામે બી ડીવીજન પોલિસ સ્ટેશનના ગુના નિવારણ શાખાના સ્ટાફ, સ્થાનીક સી.સી.ટી.વી. કેમેરાઓ તથા નેત્રમ શાખાના સી.સી.ટી.વી. ફુટેજ આધારે તપાસમાં હતા દરમ્યાન પોલીસને સંયુકત રાહે મળેલ ખાનગી બાતમી હકીકત તથા નેત્રમ શાખા તરફથી મળેલ માહીતી આધારે સદર ચોરીમાં ગયેલ મોટર સાયકલ સાથે મુળ સોમનાથ ચોકડી, ગીર સોમનાથ તથા હાલ પાદરીયા ગામે રહેતો ગોપાલ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૦) તથા એક ઈસમ સગીર વયનો હોય જેઓ બન્નેને જયશ્રી ટોકીઝ પાસેથી ચોરી કરેલ મોટર સાયકલ સાથે મળી આવતા પોલીસે પકડી અનડીટેક ગુન્હો ડીટેકટ કર્યો હતો. જ્યારે.પોલીસ તપાસમાં માળીયા હાટીનાના લાડુળી ગામના અજય નાથાભાઈ સોલંકીનું નામ ખુલતા આ આરોપીની પોલીસ દ્વારા શોધખોળ જારી કરાઈ છે.

આ કામગીરી જુનાગઢ બી ડીવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એ.બી. ગોહીલની સુચના મુજબ પો.સબ.ઈન્સ એસ.એ. સાંગાણી, નેત્રમ શાખાના પો.સબ.ઈન્સ પી.એચ. મશરૂ સહિતના પોલીસ કર્મીઓ દ્વારા કરવામાં આવી હતી.

# મુળીના રાણીપાટ ગામે વિદેશી દારૂના કટીંગ વેળાએ પોલીસ ત્રાટકીઃ રૂ.૧૩.૧૩ લાખનો શરાબ પકડાયો

## ૨૪૫૭ બોટલ દારૂ, ટ્રક, યુટીલીટી, ચાર મોબાઈલ મળી રૂ.૪૮.૯૩ લાખનો મુદામાલ કબ્જે? બેની ધરપકડઃ બે ફરાર

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ વધી રહ્યું છે ત્યારે મુળી પોલીસે બાતમીના આધારે રાણીપાટ ગામની સીમમાં ઈંગ્લીશ દારૂના ચાલુ કટીંગ પર રેઈડ કરી લાખોના મુદ્દામાલ સાથે બે શખ્સોને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા અને અન્ય શખ્સો સહિત ૧૦ જેટલા લોકો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ મુળી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો દ્વારા ઈંગ્લીશ દારૂનું કટીંગ થતું હોવાની બાતમીના આધારે મુળી પોલીસે ટીમ સાથે રાણીપાટ ગામની ગોરીધાર તરીકે ઓળખાતી સીમમાં રેઈડ કરી હતી જેમાં ઈંગ્લીશ દારૂનું કટીંગ ચાલી રહ્યું હતું તે દરમ્યાન સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલો નંગ-૨૪૫૭ કિંમત રૂા. ૧૩,૧૩,૧૬૦, ટ્રક કિંમત રૂા. ૩૦ લાખ, યુટીલીટી પીકઅપ કિંમત રૂા. ૫ લાખ, મોબાઈલ ફોન નંગ-૪ કિંમત રૂા. ૮૦,૦૦૦ સહિત કુલ રૂા. ૪૮,૯૩,૧૬૦ના મુદ્દામાલ સાથે બે શખ્સો છત્રપાલસિંહ મહાવિરસિંહ રાણા રહે. રાણીપાટ તા.મુળી અને ગોરધનરામ ગોકલારામ જાટ રહે. રાજસ્થાન વાળાને ઝડપી પાડયો હતો. જ્યારે વધુ તપાસ કરતા અન્ય શખ્સોની પણ સંડોવણી બહાર આવી હતી જેમાં દારૂ મંગાવનાર વીસુભાઈ ભરતભાઈ ઉર્ફે ઠુઠી ખાચર રહે.વેલાળા તા.થાન, મંગળુભાઈ તથા અન્ય બે અજાણ્યા શખ્સો (નાસી છુટનાર), પીક અપ ગાડીના ડ્રાઈવર અને માલીક, ટ્રકના માલીક અને દારૂ ભરી આપનાર સામે પણ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં પોલીસ કોન્સ્ટેબલને તેના પતિ, સાસુ, નણંદનો સિતમ

## પતિને અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ હોય છૂટાછેડા લેવા તલવાર વડે મારી નાખવાની ધમકી આપી

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહિલા યુનિટમાં વુમન પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા એક મહિલાને જુનાગઢ ખાતે રહેતા પતિએ રૂ. બે લાખ દહેજ લઈ, અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ હોય, જેના કારણે મહિલાના પતિ, સાસુ, નણંદ તથા એક મહિલા દ્વારા દુઃખ ત્રાસ અપાતો હોવાની જુનાગઢ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જુનાગઢ મહિલા યુનિટમાં વુમન પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અસ્મિતાબેન ડો/ઓ મગનભાઈ માલદેભાઈ વિંઝુડા (ઉ.વ.૩૫) ના લગ્ન તા. ૨૦-૨-૨૦૧૧ ના રોજ થયેલ અને લગ્નના થોડા દિવસ બાદથી તા.૦૭/૦૬/૨૫ દરમિયાન તેણીના જૂનાગઢના મધુરમમાં આવેલ શ્રીનગર સોસાયટી સ્થિત વૈકુંઠ ટેનામેન્ટ બ્લોક નં.૬ માં રહેતા પતિ જલ્પેશભાઈ કરસનભાઈ ચૌહાણ, હીરાબેન (સાસુ), તથા અમદાવાદ સીટીમાં વુમન કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નણંદ શોભનાબેન શૈલેષભાઈ સાગઠીયા તથા ઉપલેટાના નાગલખડા ગામે રહેતા મીતલબેન રમેશભાઈ પરમાર અવાર નવાર ઘરકામ તથા કરીયાવર બાબતે મેણાટોણા બોલી, ફરીયાદીના પતિને ફરીયાદી વિરૂધ્ધ ચઢામણી કરતા હોય તથા પતિ જલ્પેશભાઈને મહિલા સાથે પ્રેમ સંબંધ હોય, જેથી છુટ્ટા-છેડા લેવા દબાણ કરતા હોય, તથા અસ્મિતાબેનના સાસુ તથા પતિએ તા.૦૭/૦૬/૨૫ના રોજ મારકુટ કરી, શારીરિક માનસિક દુખત્રાસ આપી, તલવાર વડે જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ અસ્મિતાબેનના પતિ જલ્પેશભાઈ એ ફોર વ્હીલ ગાડી લેવા માટે અસ્મિતાબેનનાના પપ્પા પાસેથી રૂ.૨,૦૦,૦૦૦ દહેજ પેટે લઈ એકબીજાએ મદદગારી કરી હોવાની અસ્મિતાબેન જલ્પેશભાઈ ચૌહાણએ જુનાગઢ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, જુનાગઢ મહિલા પોલીસ સ્ટેશનના પી. આઈ. એચપી ગઢવી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાપરમાં તિક્ષ્ણ હથિયારો વડે યુવાન પર હુમલો

## મહિલાને મેસેજ કરવાના મામલે મારમાર્યો

**અબતક, ભારતી**
**માખીજાણી, ગાંધીધામ**

રાપરના બસ સ્ટેશન નજીક ગત સમી સાંજે અમુક શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે બે યુવાન પર જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં એક યુવાનને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. જાહેરમાં હુમલાના આ બનાવથી ભારે ચકચાર પ્રસરી હતી. પોલીસ સૂત્રોએ પ્રાથમિક વિગતો આપતાં જણાવ્યું હતું કે, શાનગઢમાં રહેનાર મૂળ પેથાપરના રાહુલ અમરશી કોળી અને ફતેહગઢના દિનેશ કોળી નામના યુવાનો ઉપર સાંજે હુમલો થયો હતો. અંજારમાં રહેનાર મહિલાને લઈને રાહુલ અગાઉ નાસી ગયો હતો, જે અંગે તે વારંવાર મેસેજ કરતો હતો, જેનું મનદુઃખ રાખીને સામાવાળા શખ્સોએ આ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું હતું. રાહુલ અને દિનેશ રાપર હતા, ત્યારે અંજાર, સામખિયાળી વગેરે જગ્યાએથી અમુક શખ્સો રાપર આવ્યા હતા અને બસ સ્ટેશન પાસે બોલાચાલી-ઝઘડો થયો હતો. બાદમાં ભાવેશ હિરા કોળી અને અન્ય શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરતાં ફતેહગઢના દિનેશ કોળીને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ઘવાયેલા આ યુવાનને સારવાર અર્થે લઈ જવાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું તેમજ બનાવ અંગે ફરિયાદ નોંધવા સહિતની તજવીજ હાથ ધરાઈ હોવાનું ઉમેર્યું હતું. આ ગુનામાં સંડોવાયેલા સાત આરોપીઓ પોલીસના હાથ વેંતમા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

# ગોંડલની ચોરીમાં ફરાર તસ્કર સાત માસ બાદ ઝડપાયો

## સાગર ચારોલિયાને આશાપુરા ચોકડી નજીકથી પકડી લેતી રાજકોટ રૂરલ એલસીબી



**અબતક, રાજકોટ**

ગોંડલમાં ચોરીને અંજામ આપી સાત માસથી ભૂગર્ભમાં ઉતરી ગયેલ તસ્કરને આશાપુરા ચોકડી નજીકથી રાજકોટ રૂરલ એલસીબી ટીમે ઝડપી લીધો છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગુના આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવાની જિલ્લા પોલીસવડા હિમકરસિંહની સૂચનાને પગલે એલસીબી પીઆઈ વી વી ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઈ એચ સી ગોહિલની ટીમ ગોંડલ ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ખાનગી રાહે મળેલી બાતમીના આધારે ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસમાં સાત માસ પૂર્વે નોંધાયેલી ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા તસ્કર સાગર અશોકભાઈ ઉર્ફે બાવભાઈ ચારોલિયા(ઉ.વ.૨૦ રહે. ગરનાળા ગામ, ગોંડલ)ને આશાપુરા ચોકડી નજીકથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, મનોજભાઈ બાયલ, ભાવેશભાઈ મકવાણા, કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા રોકાયા હતા.


**રાજકોટની ચકચારી હરેન્દ્ર લોઢીયા અને જેતપુર દેવ્યાની ડાઈંગ હત્યાકાંડમાં સંડોવાયેલા**

# હથિયાર સપ્લાય કરવાના બે ગુનામાં ૧૩ વર્ષથી ફરાર કુખ્યાત આબીદ અંસારીને ઝડપી લેવાયો

## રાજકોટ સહિત ત્રણ હત્યામાં સંડોવાયેલ શખ્સને રાવકી જીઆઈડીસીમાંથી ઉઠાવી લેવાયો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ચર્ચાસ્પદ બનેલા રાજકોટના હરેન્દ્ર લોઢીયા હત્યા કાંડુ અને જેતપુરના દેવ્યાની ડાઈંગ હત્યાકાંડમાં પકડાયેલા યુપીના આઝમગઢના કુખ્યાત આબીદ સદરુદ્દીન ઉર્ફે સલારન અન્સારી (ઉ.વ.૫૩)ને રાજકોટ રૂરલ પેરોલ ફર્લો સ્કવોડએ રાવકી જીઆઈડીસીમાંથી ઝડપી લીધો હતો. છેલ્લા ૧૩ વર્ષથી લોધીકા અને વીરપુર પોલીસ મથકમાં નોંધાયેલા હથિયારધારાના બે ગુનામાં વોન્ટેડ હતો. આરોપી વિરૂધ્ધ કોર્ટે સીઆરપીસીની કલમ ૭૦ અને ૮૨ મુજબ વોરન્ટ પણ ઈશ્યુ કર્યું હતું. પોલીસનો દાવો છે કે તેના દ્વારા છેલ્લા ઘણા સમયથી આરોપીને પકડવા માટે કામગીરી કરવામાં આવી રહી હતી. પરંતુ આરોપી હાથમાં આવતો ન હતો. આખરે રાવકી



જીઆઈડીસીમાં આવ્યાની માહિતી મળતાં તેને ઝડપી લેવાયો છે.

આરોપી લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. તેના વિરૂધ્ધ હરેન્દ્ર લોઢીયા હત્યા અંગે ભક્તિનગર પોલીસ મથકમાં જ્યારે જેતપુરનાં દેવ્યાની ડાઈંગ હત્યા અંગે જેતપુર સિટી પોલીસ મથકમાં ગુના નોંધાયા હતાં. આ ઉપરાંત આઝમગઢમાં પણ હત્યા, મારામારી સહિત પાંચ ગુના નોંધાયેલા છે. કાનપુરમાં પણ એક ગુનો નોંધાયેલો છે. હરેન્દ્ર લોઢીયા અને દેવ્યાની ડાઈંગ હત્યા કેસમાં હથિયારો સપ્લાય કરવા અંગે આરોપીનું નામ ખુલ્યું હતું.

આરોપીનો લોધીકા પોલીસને કબજો સોંપી દેવાયો છે. જેમાં ઘણા ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના છે. આરોપી કામની તલાશમાં રાવકી જીઆઈડીસી આવ્યાની પ્રાથમિક તપાસમાં પેરોલ ફર્લો સ્કવોડને માહિતી મળી છે.

# મુળીના જેપર ગામ પાસે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બે વ્યક્તિના ઘટનાસ્થળે મોત

## ટ્રેલર સાથે બાઈક અથડાતા એક મહિલા સહિત બે વ્યક્તિ કાળનો કોળિયોઃ એક ઈજાગ્રસ્ત

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે જેમાં સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં ત્રણ યુવકોના મોતના બનાવની શાહી હજુ સુકાઈ નથી ત્યાં મુળી તાલુકાના જેપર ગામના પાટીયા પાસે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક પર સવાર એક મહિલા સહિત બે વ્યક્તિના મોત નીપજ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રા તાલુકાના પીપળા ગામે રહેતા રોહિતભાઈ ગેલાભાઈ માલકીયા અને ગીતાબેન ગેલાભાઈ માલકીયા સહિત ત્રણ વ્યક્તિઓ બાઈક પર જઈ રહ્યાં હતાં તે દરમ્યાન મુળી તાલુકાના જેપર ગામના પાટીયા પાસે ટ્રેક્ટરના ટ્રેલર સાથે બાઈક ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક પર સવાર રોહિતભાઈ માલકીયા અને ગીતાબેન માલકીયાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય એક યુવકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યો હતો જ્યારે આ બનાવની જાણ થતાં લોકોના ટોળેટોળાં તેમજ વાહન ચાલકો સ્થળ પર ઉમટી પડ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. આથી પોલીસ કાફલો પણ સ્થળ પર આવી પહોંચ્યો હતો જ્યારે અકસ્માતને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા તેમજ અકસ્માત બાદ ટ્રેક્ટર પણ ટ્રોલી સાથે રોડની સાઈડમાં ઉતરી ગયું હતું. જ્યારે અકસ્માતમાં એક જ પરિવારના બે વ્યકિતના મોત નીપજતા પરિવારજનો સહિત સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# ઉપલેટાના ચીખલીયા ગામે ઘર નજીક ગાળો બોલવાની ના પાડતા ત્રિપુટીનો વૃદ્ધ પર હુમલો

## વૃદ્ધના ઘર નજીક ધસી જઈ પુત્રનું પણ માથું ફોડી નાખ્યું : પુત્રવધુને ઢીકાપાટુ માર માર્યો

**અબતક, રાજકોટ**

ઉપલેટાના ચીખલીયા ગામે ઘર પાસે ગાળો બોલવાની ના પાડતા ત્રિપુટીએ ૬૦ વર્ષીય વૃદ્ધ પર લાકડી વડે હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યા હતા. બાદમાં ત્રિપુટીએ વૃદ્ધના ઘર નજીમ ધસી જઈ વૃદ્ધના પુત્ર અને પુત્રવધુને પણ માર મારતા પુત્રનું પણ માથું ફૂટી ગયું હતું.

મામલામાં ઉપલેટાના ચીખલીયા ગામે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ દેવશીભાઈ ભીમાભાઈ બગડાએ ઉપલેટા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મેહુલ જેન્તીભાઈ સુણા, નિખિલ રસિકભાઈ સુણા અને જયદીપ રસિકભાઈ સુણાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૦૯/૦૬/૨૦૨૫ ના રાત્રીના સાડા નવ વાગ્યે હું ચીખલીયા ગામે વાડીયેથી પાણી વારીને ઘરે પહોંચેલ હતો. ત્યારે મેહુલ સુણા, નીખીલ સુણા તથા જયદી સુણા મારા ઘર પાસે રોડ ઉપર બેઠા બેઠા મોબાઈલમા ગેમ રમતા હતા અને ગાળો બોલતા હતા. જેથી મે આ ત્રણેયને ગાળો બોલવાની ના પાડી હતી. ત્યારે જયદીપ સુણાએ કહેલ કે, બોલશુ તો તમે શું કરી લેશો. જેથી મે તે બાદ મે કહેલ કે, આમા તો નહિ થવાનુ થશે અને ત્યાથી મારા ઘરમા જવા માટે ચાલતો થયેલ હતો. ત્યારે મેહુલ સુણા મારી પાછળ આવેલ હતો અને અને મારા માથાના ઉપરના ડાબા ભાગે લાકડી મારેલ હતી જેના લીધે માથાના ભાગેથી લોહી નિકળવા લાગેલ હતું. બાદ લાકડીનો એક ઘા ડાબા હાથના પોચા પર પણ મારેલ હતો. બાદમાં ડાબા હાથના ખંભાના પાછળના ભાગે લાકડી મારેલ હતી. જે બાદ સ્થાનિકો એકત્રિત થઈ ગયા હતા અને મારો પુત્ર અનીલ તેનું મોટર સાયકલ લઈ દોડી આવ્યો હતો અને સારવાર અર્થે મને ઉપલેટા સરકારી દવાખાને લઈ ગયેલ હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, મારી સારવાર ચાલુ હતી. દરમ્યાન દિકરો અશોક પણ ઉપલેટા સરકારી દવાખાને આવેલ અને તેના માથામાથી લોહી નિકળતુ હતુ. જેથી મે તેને પુછેલ કે તને શું થયુ ત્યારે અશોકે મને કહેલ કે, હુ શેરીમા હતો ત્યારે મેહુલ, નીખીલ અને જયદીપ ત્રણેય લાકડાના ધોકા લઈને આવેલ અને મારી સાથે માથાકુટ કરી માર માર્યો હતો. લાકડાના ધોકા વડે માથાના ભાગે ઘા કર્તા માથું ફૂટી ગયું હતું. ત્યાં હાજર મારી પત્ની તથા માતા સહિતે વચ્ચે પડતા પત્નીને પણ ડાબા હાથના બાવડા પર ધોકો વાગી ગયેલ હતો અને ઢીકાપાટુનો માર મારેલ હતો. બાદ આ ત્રણેય લોકો જતા રહેલ હતા અને જતા જતા કહેતા ગયેલ કે, આજ તો બચી ગયા પણ ફરી વખત હવે તમને જાનથી મારી નાખવા છે તેમ ધમકી આપી હતી.

મામલામાં વૃદ્ધએ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા ઉપલેટા પોલીસે ત્રિપુટી વિરૂદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગરઃ જુગાર રમતી ચાર મહિલા સહિત પાંચ ઝડપાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર બી-ડિવીઝન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું જે દરમ્યાન બાતમીના આધારે જે.એન.વી. હાઈસ્કૂલ પાછળ આવેલ નવી હાઉસીંગ સોસાયટીમાં હનુમાનજીના મંદિર પાસે જાહેરમાં જુગાર રમતી મહિલાઓ સહિત પાંચ વ્યક્તિને રોકડ રૂા. ૧૩,૮૦૦ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા જેમાં (૧) મુસ્તાકભાઈ મુસાભાઈ પરમાર રહે. રતનપર (૨) હેતલબા ચંદ્રસિંહ જાડેજા રહે.નવી હાઉસીંગ પાસે (૩) રેખાબેન હસમુખભાઈ વાઘેલા રહે. સતવારાનો ડેલો હેન્ડલુમ રોડ (૪) મુમતાઝબેન હૈદરભાઈ સખાવા રહે. ક્લેકટર કચેરી પાછળ અને (૫) રસીદાબેન હૈદરભાઈ સખાવા રહે.કલેકટર કચેરી પાછળવાળાનો સમાવેશ થાય છે. જ્યારે પોલીસે તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

# સુરેન્દ્રનગરઃ માલવણ ટોલટેક્ષ પાસે તમંચા સાથે એક શખ્સ પકડાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર એસઓજી પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. જેમાં બજાણા પોલીસ મથકની હદમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે સેડલાથી માલવણ ટોલ ટેક્ષ તરફના રસ્તા પરથી એક શખ્સ દેશી હથિયાર સાથે પસાર થવાનો હોવાની બાતમીના આધારે વોચ ગોઠવી હતી જેમાં શંકાસ્પદ હાલતમાં એક શખ્સ પસાર થતાં તેને રોકી પુછપરછ કરતા પોતાનું નામ અનીસખાન અનવરખાન મલેક રહે. સેડલા તા. પાટડીવાળો હોવાનું જણાવ્યું હતું અને યુવકની તલાસી લેતા ગેરકાયદેસર હાથ બનાવટનો દેશી તમંચો કિંમત રૂા. ૨૫૦૦ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ઝડપાયેલ શખ્સ વિરૂધ્ધ બજાણા પોલીસ મથકે હથિયાર ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાપર પંથકમાં ભુસુ ખાધા બાદ ૨૦ પશુના મોતઃ ૫૦થી વધુને અસર

## દુધઈ નજીક ફેક્ટરીમાંથી આવેલૂ ભુસુ ખાધા બાદ ઝેરની અસરનું કારણ બન્યું હોવાનું વેટરનરી અધિકારીનો મત

**અબતક, ભારતી**
**માખીજાણી, ગાંધીધામ**

રાપર તાલુકાના ગામડાઓમાં પશુઓ ના ખોરાકી ઝેરી અસર ના કારણે ટપોટોપ મોત ના બનાવને લઈને માલધારી વર્ગમાં ભારે ફફડાટ ફેલાયો છે. રાપર અને નંદાસર ,વજ વાણી ,બાદરગઢ ,આણંદપર, નાગપુર, લોદરાણી, જનાણ બામણકા, કલ્યાણ પર, ખંડીર, ગણેશ પર, રતનપર સહિતના ગામમાં પાંચ દિવસથી પશુઓને ભુસુ ખવડાવ્યા બાદ ખોરાકની અસરની ફરિયાદ વચ્ચે ૭૦ થી વધુ પશુઓને અસર થઈ છે અને ૧૬ ગાય, ૪ ભેસો અને પાડા ના મોત થયા છે જ્યારે ૭૦ થી વધુ પશુઓને અસર થઈ હતી તેમાંથી ૫૦ ને બચાવી લેવાયા છે. ભુજ ભચાઉ હાઈવે પર આવેલ વૃંદાવન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દુબઈ માંથી આવેલા ભૂસો ખાવાથી આ ખોરાકની અસર થઈ હોવા નો આક્ષેપ થઈ રહ્યો છે આ પ્રકરણ બહાર આવતા વેટરનરી ઓફિસર દ્વારા ભૂસાના સેમ્પલ અનેમૃત પશુના પોસ્ટમોર્ટમ અને પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરવામાં આવી છે ગૌરક્ષક રાજભા ગઢવી , જગુભા જાડેજા ,બાબુ મહારાજ લાકડીયા દ્વારા આ બનાવમાં તટસ્થ તપાસની માંગ કરી કસુર વારો સામે આકરી કાર્યવાહીની માંગ કરી છે.

# ધ્રાંગધ્રાઃ જુગાર રમતા બે ઝડપાયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાનાં નિમાકનગર ગામે જાહેરમાં જુગાર રમતા બે જુગારીઓને રૂપિયા ૧૦,૨૦૦ સાથે તાલુકા પોલીસે ઝડપી લીધા છે. નિમકનગર ગામે ઝૂડીમાં જાહેર પટમાં પૈસાની હારજીતનું જુગાર રમતા આરોપી સીતાપસિંગ તથા સલીમભાઈ સહીતને કુલ રોકડા રૂપિયા ૧૦,૨૦૦ /- ગણીને તમામ બે આરોપીને પકડી પાડીને જુગાર ધારા મુજબનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી તાલુકા પોલીસે હાથ ધરી હતી.

# એક માસમાં ગુમ થયેલા ૧૧ લોકોને શોધી કાઢતી ઉપલેટા પોલીસ

## ગુમશુદાને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવતી પીઆઈ બી આર પટેલની ટીમ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

પોલીસ પ્રજાની મિત્ર છે આ સૂત્રને ઉપલેટા પોલીસે સાર્થક કરી બતાવી છે. છેલ્લા એક માસમાં પોલીસ મથક વિસ્તારમાંથી ગુમ થયેલા કુલ ૧૧ લોકોને શોધી કાઢી પરિજનો સાથે મિલન કરાવવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ, ડીવાયએસપી સિમરન ભારદ્વાજએ પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે આવતા લોકોને શક્ય હોય તેટલી મદદ કરવા સૂચના આપી હતી. જે સૂચનાને પગલે ઉપલેટા પોલીસના પીઆઈ બી આર પટેલમાં માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ અલગ ટીમોએ એક માસમાં ગુમ થયેલા ૧૧ લોકોને શોધી કાઢ્યા હતા. પોલીસે મંજુબેન હેમંતભાઈ મકવાણા (ઉ.વ. ૩૫), નરગીશબેન ફારૂકઅલી કટારીયા (ઉ.વ.૩૮), કાળીબેન અરવિંદભાઈ સોલંકી (ઉ.વ.૩૨), એકતાબેન હિતેષભાઈ દેગામા (ઉ.વ.૧૯), જાનકીબેન ગોપાલદાસ ગોંડલીયા (ઉ.વ. ૨૪), ચંદ્રિકાબેન ઉમેશભાઈ વાઢેર (ઉ.વ.૨૫), દેવાંશીબેન ડેનિશભાઈ જલુ (ઉ.વ.૨૧), ઉમેશભાઈ રાજાભાઈ વાઢેર (ઉ.વ.૨૫), શકીલા હુશેનભાઈ બેલીમ (ઉ.વ.૩૨), ખુશ્બુબેન અતુલભાઈ બારૈયા (ઉ.વ.૨૬), શબાનાબાનું અબ્દુલભાઈ શેખ (ઉ.વ.૨૦)ને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

# વાંકાનેર તાલુકાના ૧૯ ગામોમાંથી ૩ ગ્રામ પંચાયતો સમરસ જાહેર

## ચંદ્રપુર, ગારીયા અને ધરમનગર ગ્રામ પંચાયતો સમરસ થતા ચૂંટણીનો માહોલ શાંત

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રક્રિયા હાલ પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં તાલુકાના ૧૯ ગામોના સરપંચની ચૂંટણી તથા પેટા ચૂંટણી થઈ રહી છે, આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે વાંકાનેર તાલુકાની ચંદ્રપુર, ગારીયા અને ધરમનગર ગ્રામ પંચાયતો સમરસ થઈ છે.

વાંકાનેરના ચંદ્રપુર ગામમાં સરપંચ તરીકે ગામના પીઢ અગ્રણી જલાલભાઈ શેરસીયાના પત્ની હલુબેન જલાલભાઈ શેરસીયાની બિનહરીફ વરણી કરવામાં આવી છે, જ્યારે સભ્યોમાં (૧). શેરસિયા સુગરાબાનું ઈસ્માઈલભાઈ, (૨). પિંડાર કુસુમબેન ઉસ્માનભાઈ, (૩). શેરસીયા હુરબાઈ જલાલભાઈ, (૪). મકવાણા મનુભાઈ હિરજીભાઈ, (૫). ખોરજીયા ફિરોઝાબેન ઈરફાનભાઈ, (૬). કડીવાર જાહેદા આહમદભાઈ, (૭). ખોરજીયા સાદીક ફતેભાઈ, ૮). મરડિયા ઉસ્માનભાઈ નુરમામદ, (૯). પરાસરા મામદભાઈ વલીભાઈ (૧૦). શેરસીયા જલાલભાઈ અલીભાઈ બિનહરીફ થયા છે.

વાંકાનેર તાલુકાની ગારીયા ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે પુનમબા ગિરિરાજસિંહ વાળાની બિનહરીફ વરણી કરવામાં આવી છે, જ્યારે સભ્ય તરીકે ૧) પરસોત્તમદાસ પિતાંબરદાસ રાઠોડ, ૨) રેખાબેન સાગરભાઈ રોજાસરા, ૩) અરવિંદભાઈ મહિપતભાઈ સરવૈયા, ૪) મનસુખભાઈ વાલજીભાઈ થુલેટીયા,૫) નિઝામબાદ ધર્મેન્દ્રસિંહ વાળા, ૬) રૂપાબા લકીરાજસિંહ વાળા, ૯) મીનાબા રસિકસિંહ વાળા, ૮) શૈલેષભાઈ સોમાભાઈ વહાનીયાની બિનહરીફ થયા છે.

ધર્મનગર ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે કાંતાબેન ગોવિંદભાઈ મકવાણા બિનહરીફ થયા છે, જ્યારે સભ્યોમાં પ્રિતેશભાઈ વિનોદભાઈ સોલંકી, માધવીબેન રાજનભાઈ મહેતા, રીટાબેન રજનીકાંતભાઈ પિલોજપરા, મહેન્દ્રભાઈ દેવકરણભાઈ કણસાગરા, મંજુબેન કનાભાઈ સોડમિયા, ગીતાબેન કેશુભાઈ વાઘેલા, ઉત્તમભાઈ નરશીભાઈ સરાવડિયા, અકબરભાઈ અલીભાઈ દલપોત્રા બિનહરીફ થયા છે.આ સમરસ થયેલ ત્રણેય ગ્રામ પંચાયતમાં રેગ્યુલર ચૂંટણી થઈ રહી છે જ્યારે બીજી કેટલીક ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી થઈ રહી છે, જ્યારે ઉપરોક્ત ત્રણ ગ્રામ પંચાયતમાં સિવાય અન્ય ગ્રામ પંચાયતમાં પણ રેગ્યુલર ચૂંટણી થઈ રહી છે. સમરસ ગ્રામ પંચાયત સિવાય બીજી ગ્રામ પંચાયતોમાં જ્યાં બિનહરીફ નથી થયું ત્યાં ચૂંટણી પ્રક્રિયા થશે.

# ટંકારા જુગાર તોડકાંડમાં પીઆઈ વાય.કે.ગોહિલ વધુ ૨ દિવસના રિમાન્ડ પર




ટંકારા તત્કાલીન પીઆઈ વાય.કે.ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકી સામેના ૫૧ લાખની લાંચ લઈ કેસ દબાવ્યાના કેસમાં પીઆઈ ગોહિલને કચ્છના આદિપુરથી પકડી કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. ત્યારે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થયા હતા, જે રિમાન્ડ પૂર્ણ થતા વધુ તપાસ માટે ૨ દિવસના ફર્ધર રિમાન્ડ મંજૂર થયા છે.

ટંકારા પોલીસ મથકના તત્કાલિન પીઆઈ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકી સામે ગંભીર આરોપો વચ્ચે નવો વળાંક આવ્યો છે. ૨૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ પીઆઈ અને તેમની ટીમે કમ્ફર્ટ રિસોર્ટના રૂમ નં.૧૦૫માં દરોડો પાડી ૮ લોકોને જુગાર રમતા પકડી પાડ્યા હતા. આ સાથે આ જુગાર કેસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તેઓએ જુગારનો કેસ ન કરવા, મીડિયામાં પ્રકાશિત ન થવા દેવા, આરોપીઓના નામ બદલવા અને સવારે જામીન આપવા જે બદલ રૂ. ૫૧ લાખ રૂપિયા લીધા હતા. સમગ્ર મામલે તપાસ એસએમસી વિભાગને સોંપવામાં આવી હતી.

તપાસ દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકીએ થોડા સમય પહેલા સરેન્ડર કર્યું હતું. બાદમાં ફરાર પીઆઈ ગોહિલને એસએમસીની ટીમે કચ્છના આદિપુરમાંથી ઝડપી પાડી મોરબી કોર્ટમાં રજુ કર્યા હતા. ગત તા.૦૬/૦૬ ના રોજ ગોહિલને ૧૦ દિવસના રિમાન્ડ સાથે રજુ કરવામાં આવતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યા હતા, જે રિમાન્ડ પૂર્ણ થયે તપાસમાં અમુક મુદ્દાઓ રહી ગયા હોવાને કારણે પોલીસે વધુ ૫ દિવસના રિમાન્ડની માંગ કરી. જોકે કોર્ટ દ્વારા પીઆઈના વધારાના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# લીલાપર ગામે રહેણાંકમાંથી દેશી દારૂની ચાલુ ભઠ્ઠી સાથે બે ઝડપાયા

મોરબી તાલુકા પોલીસે લીલાપર ગામમાં ત્રિદેવનગર વિસ્તારમાં રહેણાંક મકાને રેઈડ કરી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી લીધી હતી, આ સાથે પોલીસે ગરમ તથા ઠંડો આથો, તૈયાર દેશી દારૂ તેમજ ભઠ્ઠીના સાધન સામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, ત્યારે રેઈડ દરમિયાન પકડાયેલ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકાના લીલાપર ગામે નિલેશ દેગામા પોતાના રહેણાંકમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવતો હોવાની પૂર્વ બાતમીને આધારે તાલુકા પોલીસે લીલાપર ગામે ત્રિદેવનગરમાં ઉપરોક્ત રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી, રેઈડ દરમિયાન મકાનમાંથી ગરમ આથો ૫૦ લીટર કિ.રૂ.૧૦૦૦/-, ઠંડો આથો ૧૦૦ લીટર કિ.રૂ.૨ હજાર, ૧૫ લીટર ગરમ દેશી દારૂ કિ.રૂ.૩ હજાર તથા ગેસનો ચૂલો, ગેસનો બાટલો તેમજ સાધન સામગ્રી સહિત કુલ રૂ.૭,૬૫૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નિલેશભાઈ નાગજીભાઈ દેગામા ઉવ.૩૦ રહે.લીલાપર ગામ ત્રિદેવનગર તથા આરોપી જગદીશભાઈ જેસંગભાઈ ફિસડીયા ઉવ.૪૦ રહે. લીલાપર નિલકમલ નળીયાના કારખાનાની સામે વાળાને ઝડપી લેવામાં આવી બન્ને આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી.

# વાંકાનેરના તીથવા ગામે તળાવમાં ન્હાવા પડેલા યુવકનું મોત

વાંકાનેર તાલુકાના રાતીદેવરી ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જીલ્લાના બેલડી ગામના વતની મુનાભાઈ શેખરસિંગ બામનીયા ઉવ.૪૦ વાળા તા.૦૮ જૂન ૨૦૨૫ના રોજ તીથવા ગામે વડસલ તળાવમા નાહવા જતા, અકસ્માતે તળાવના પાણીમા ડુબી ગયો હતો, ત્યારે સ્થાનિકોએ ફાયર બ્રિગેડમાં જાણ કરતા ફાયર બ્રિગેડ ટીમ દ્વારા માણસોએ તળાવના પાણીમા શોધખોળ શરૂ કરી તા.૦૯ જુનના રોજ સાંજના પાંચેક વાગ્યે મુનાભાઈનો મૃતદેહ તળાવના પાણીમાંથી બહાર કાઢ્યો હતો, ત્યારે સમગ્ર બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# વાંકાનેર: અમરસર ગામે ગાળો બોલતા શખ્સને ટપારતા યુવકને માર પડયો

વાંકાનેરના અમરસર ગામે રહેતા વિનોદભાઈ જીવાભાઈ ધંધુકીયા ઉવ ૩૯ એ આરોપી મુકેશભાઈ વેરશીભાઈ સીતાપરા રહે. અમરસર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૮/૦૬ના રોજ ઉપરોક્ત આરોપી શેરીમાં ગાળો બોલી દેકારો કરતો હોય, જે બાબતે બજારમાં આરોપી મળતા વિનોદભાઈએ શેરીમાં દેકારો કરવા પાછળનું કારણ પૂછતાં, આરોપીને સારું નહિ લાગતા, વિનોદભાઈને લાકડાના ધોકા વડે માર મારી હાથમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચાડી હતી, ત્યારે ઝમગર મામલે ફરિયાફીએ વાંકાનેર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી મુકેશભાઈ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી)ના વીરવિદરકા ગામે લેબર ક્વાર્ટરમાં કિશોર પર તલવાર અને છરી વડે જીવલેણ હુમલો

## છત પર સુઈ રહેલા બાળક ઉપર હુમલો થતા સારવાર માટે રાજકોટ ખસેડાયો

માળીયા(મી)ના વિદરકા ગામે નવી બનતી કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા મધ્યપ્રદેશના પરિવારના ૧૪ વર્ષના દીકરા પર ચાર ઈસમો દ્વારા ગંભીર રીતે હુમલો કરાયો હતો. જેમાં નવી બનતી કંપની બહાર રોડની સાઈડમાં કુદરતી હાજત કરવા બેસેલ જે ત્યાંથી ફોરવ્હીલ ગાડીમાં નીકળેલ શખ્સોને સારું નહિ લાગતા, આરોપીઓ તલવાર, છરી અને લાકડાના ધોકા સાથે લેબર ક્વાર્ટરની છત પર ચઢી ગયા અને બાળકને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે બાળકને સારવાર માટે પ્રથમ મોરબી અને ત્યારબાદ રાજકોટ ખસેડાયો છે.

માળીયા(મી) તાલુકાના વિદરકા ગામની સીમમાં આવેલી નવી બનતી કંપની એલીગોલ્ડ માઈક્રોનના લેબર ક્વાર્ટરમાં મૂળ મધ્યપ્રદેશના નિવાસી અનિલભાઈ બુધિયાભાઈ વર્મા ઉવ.૩૮ એ માળીયા(મી) પોલીસ સમક્ષ આરોપી જાવેદ ગુલામભાઈ જેડા, સદામ હસનભાઈ કટિયા, યારો શેરમહમદ મોવર તથા એક અજાણ્યો માણસ એમ ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા. ૭ જૂનના રોજ રાત્રે તેમનો ૧૪ વર્ષનો દીકરા શુભમ અને સાળો સંજયભાઈ વર્મા કંપનીની બહાર કુદરતી હાજતે ગયા હતા. જ્યાંથી આવી બંને લેબર ક્વાર્ટરની છત પર સુવા ગયાં હતાં. ત્યાં અચાનક ચાર શખ્સો તલવાર, છરી અને લાકડાના ધોકા લઈને છત પર ચઢી આવ્યા અને શુભમ પર હુમલો કર્યો હતો.

આરોપી જાવેદ ગુલામભાઈ જેડાએ તલવારથી શુભમના હાથમાં ઘા કર્યો હતો, આરોપી સદામ હસનભાઈ કટિયાએ છરી વડે પડખામાં કેડ નીચે ઘા કર્યો, યારો શેરમહમદ મોવર ડોકની બાજુ છરી વડે ઈજાઓ કરી હતી, જ્યારે ચોથો અજાણ્યો ઈસમે શુભમને લાકડાના ધોકા વડે માર માર્યો હતો. ત્યારે આસપાસની કંપનીના લેબરો દોડી આવ્યા હતા અને બાળકને વધુ મારથી છોડાવ્યો હતો. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને શુભમને મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલુ છે. હાલ માળીયા(મી) પોલીસે ઈજાગ્રસ્ત બાળકના પિતાની ફરિયાદને આધારે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: મોમીન શેરીમાં જુગાર રમતા ૭ ઈસમો રૂ.૮૦ હજાર સાથે પકડાયા

વાંકાનેર સીટી પોલીસે મોમીન શેરી જુમ્મા મસ્જિદની પાસે ખુલ્લા પટ્ટમાં તીનપત્તિનો જુગાર રમતા ૭ ઈસમોને રોકડા રૂ.૮૦ હજાર સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.વાંકાનેર ટાઉન વિસ્તારમાં સીટી પોલીસ પેટ્રોલિંગના હોય તે દરમિયાન મોમીન શેરી જુમ્મા મસ્જિદ પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે અમુક શખ્સો પૈસાની લેતી દેતીનો જુગાર રમતા હોય જેથી તુરંત તે જગ્યાએ રેઈડ કરતા, ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો જુગાર રમતા જાકીરહુશેન ઈસ્માઈલભાઈ મેસાણીયા ઉવ.૬૦ રહે. વાલાસણ, આહમદભાઈ ઉસ્માનભાઈ શેખ ઉવ.૫૦, સલીમભાઈ ઈબ્રાહીમભાઈ થીમ ઉવ.૪૫, સાકીરભાઈ સકીલભાઈ મેસાણીયા ઉવ.૩૧, જુબેરભાઈ અબ્દુલકરીમભાઈ બોરડીવાલા ઉવ.૩૫, ફયાજહુશેન મહમંદ હનીફભાઈ કડીવાર ઉવ.૨૯, જાકીરભાઈ ઉસ્માનભાઈ ભોરણીયા ઉવ.૫૨ તમામ રહે. વાંકાનેર વાળાને રોકડા રૂ. ૮૦,૧૦૦/- સાથે રંગેહાથ પકડી લઈ તમામ સાતેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# કોરોનાના નવા ૪ કેસ સંક્રમણ વધતા આરોગ્ય તંત્ર સજાગ

## કુલ એકટીવ કેસની સંખ્યા ૭ બે દર્દીઓ રિકવર

રાજ્યના મોટાં શહેરોમાં કોરોનાના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે, જ્યારે મોરબી જીલ્લામાં સ્થિતિ હજુ સુધી કાબૂમાં છે. ગઈકાલે શહેર વિસ્તારમાં નવા ૪ કેસ નોંધાયા છે, જ્યારે બે દર્દીઓ સાજા થયા છે. મોરબીમાં હાલ એક્ટિવ કેસોની સંખ્યા સાત પર પહોંચી છે.

રાજ્યમાં ફરી એકવાર કોરોનાના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ, રાજકોટ, સુરત જેવા મહાનગરોમાં રોજબરોજના કેસમાં ઉછાળો જોવા મળી રહ્યો છે, જેના કારણે તંત્ર અને નાગરિકોમાં ચિંતાનો માહોલ છવાયો છે. તુલનાત્મક રીતે જોવામાં આવે તો મોરબી જીલ્લાની સ્થિતિ હજુ કાબુમાં છે. આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ગઈકાલે નવા ચાર પોઝિટિવ કેસ નોંધાયા છે, જે તમામ સિટી વિસ્તારના છે. જીલ્લામાં અગાઉ નોંધાયેલા પાંચ કેસો સાથે હાલ કુલ એક્ટિવ કેસોની સંખ્યા ૭ થઈ ગઈ છે, કારણ કે બે દર્દીઓ તાજેતરમાં રિકવર થઈ ગયા છે.

# બેલા(રં) ગામે ૨૦૦ લીટર દેશી દારૂ સાથે એક ઝડપાયો

મોરબી એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકાના બેલા રંગપર ગામની સીમમાં લેડસન સીરામીક સામે વોકળા પાસે ખુલ્લી જગ્યામાં એક ઈસમ પ્લાસ્ટિકના બાચકામાં પારદર્શક કોથળીમાં કશુંક પ્રવાહી લઈને શંકાસ્પદ હાલતમાં બેઠો હોય, જેથી તે પ્રવાહી ચેક કરતા, દેશી દારૂ હોવાનું સામે આવ્યું હતું, જેથી તુરંત આરોપી અર્જુનભાઈ ઉર્ફે ટકો હીરાભાઈ ધોળકીયા ઉવ.૨૩ રહે. મોરબી-૨ ઈન્દિરાનગર વાળાને દેશી દારૂ ૨૦૦ લીટરના જથ્થા સાથે પકડી લેવામાં આવ્યો હતો,

આ સાથે દેશી દારૂ કિ.રૂ.૪૦ હજાર કબ્જે લઈ ક્રાઈમ બ્રાંચ પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.

# બેલા આમરણ ગામે દીવાલ માથે પડતા ૫૭ વર્ષીય મહિલાનું મૃત્યુ

મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકાના આમરણ બેલા ગામે રહેતા રહેમતબેન મામદભાઈ જામ ઉવ.૫૭ ઉપર આમરણ બેલા ગામમાં ગઈકાલ તા-૦૮ જૂનના રાત્રીના ૮ વાગ્યા પહેલા કોઈપણ સમયે દિવાલ પડતા ઈજાગ્રસ્ત હાલતમાં મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં હાજર ડોક્ટરે રહેમતબેનને મૃત જાહેર કર્યા છે.

ત્યારે મૃત્યુના બનાવ મામલે તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: જેતપરડામાં વિજ લાઈન પસાર કરવાની કામગીરી સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ

## મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદન પાઠવી આંદોલનની ચિમકી ઉચ્ચારી

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેર તાલુકાના સરધારકા ગામ ખાતે ખાનગી કંપની દ્વારા સોલાર પ્લાન્ટ ઊભો કરવામાં આવેલ હોય, જે કંપની દ્વારા હેવી વિજ લાઈન પાથરવા માટે કોન્ટ્રાક્ટર મારફતે કામગીરી કરવામાં આવી રહી હોય, જેમાં જેતપરડા ગામના પાટળાના માર્ગ તેમજ મિનડોળીયુ સીમમાં ૫૦થી વધુ ખેડૂતો ખેતરના શેઢે કોન્ટ્રાક્ટર દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર મનમાની પુર્વક વિજપોલ ઉભા કરવાની કામગીરી સામે સ્થાનિકો ગ્રામજનો તેમજ આગેવાનો દ્વારા વાંકાનેર મામલતદાર તેમજ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક આ અયોગ્ય કામગીરી અટકાવી વિજ લાઈન માટે ખેડૂતોને નુકસાન ન થાય તે રીતે વૈકલ્પિક રસ્તો આપવામાં માંગ સાથે ઉગ્ર રજૂઆતો કરી જલદ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

આ સમયે ખેડૂતો દ્વારા ખેડૂતોને નુકસાન થાય તે રીતે નિયમો વિરુદ્ધ ખાનગી સોલાર પ્લાન્ટની વિજ લાઈન પાથરવાની કામગીરી માટે જવાબદાર ઓપેરા ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલ.એલ.પી., કનૈયા એન્ટરપ્રાઈઝ, ક્લિનમેક્સ પાવરીંગ સોલાર કંપની તેમજ જવાબદાર કોન્ટ્રાક્ટર તથા પેટા કોન્ટ્રાક્ટર સામે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

# લોહાણા વિદ્યોતેજક ફંડ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને કાલથી ચોપડા વિતરણ

મોરબી શ્રી લોહાણા વિદ્યોતેજક ફંડ દ્વારા ધોરણ ૫ થી કોલેજ સુધીના લોહાણા સમાજના વિદ્યાર્થીઓ માટે આવતીકાલથી ૧૪ જૂન ૨૦૨૫ દરમિયાન વિનામૂલ્યે ફુલસ્કેપ નોટબુક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. નોટબુક મેળવવા માટે વર્ષ ૨૦૨૫ની માર્કશીટની ઝેરોક્ષ અને મોબાઈલ નંબર સાથે આવવાનું રહેશે.

મોરબીના શ્રી લોહાણા વિદ્યોતેજક ફંડ દ્વારા દર વર્ષે યોજાતા અભ્યાસોપયોગી સહાય કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૫માટે પણ લોહાણા સમાજના ધોરણ ૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ફુલસ્કેપ નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આવતીકાલથી તા.૧૪/૦૬ શનિવાર સુધી ચાલશે. નોટબુક વિતરણ લોહાણા મહાજન વાડી, સુધારાવાડી શેરી સાંજે ૫ થી ૭ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ નોટબુક મેળવતી વખતે વર્ષ ૨૦૨૫ની ઓરિજિનલ કે ઓનલાઈન પ્રિન્ટેડ માર્કશીટની ઝેરોક્સ લાવવી રહેશે.

વિનામૂલ્યે નોટબુક વિતરણના કાર્યક્રમને સફળ બનાવવા માટે ઘણા દાતાઓએ સહયોગ આપ્યો છે.

જેમાં એડ. જયદીપભાઈ મીરાણી, સ્વ.કનુભાઈ કેશવજીભાઈ પંડિત પરિવાર, કલ્પેશભાઈ પુજારા, પ્રવિણભાઈ કક્કડ, હસમુખરાય ચીમનલાલ પુજારા પરિવાર, પ્રતિકભાઈ અને હાર્દિકભાઈ હાલાણી પરિવાર, મહેન્દ્રભાઈ બારા પરિવાર અને અન્ય દાતા પરિવારો જેમણે સમાજના શિક્ષણ હિત માટે મદદરૂપ બનવાનું સિદ્ધ કર્યું છે.

# જન્મજાત પોલીયોગ્રસ્ત મહિલાનું આયુષ હોસ્પિટલમાં સફળ ઓપરેશન

## ૪૫ વર્ષની મહિલાના પેટમાંથી ૧.૯ કિલો વજનની ગાંઠ કાઢવામાં આવી



મોરબી આયુષ હોસ્પિટલમાં પેટમાં અસહ્ય દુઃખાવાની ફરિયાદ સાથે ૪૫ વર્ષીય મહિલા પેશન્ટ આવી ત્યારે, સોનોગ્રાફી તપાસમાં મહિલાને કોથળીમાં ગાંઠ જોવા મળી હતી. પેશન્ટની અગાઉની સીઝેરિયન ડિલીવરી અને જન્મજાત પોલિયોની મેડિકલ હિસ્ટ્રી છતાં, હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરોએ સફળ ઓપરેશન દ્વારા ૧.૯ કિલો વજનની ગાંઠ કાઢી દર્દીનો જીવ બચાવી તેને અસહ્ય દુઃખાવામાંથી રાહત અપાવી હતી.

૪૫ વર્ષીય મહિલા, જે જન્મજાત પોલિયોથી પીડાતા હતા અને અગાઉ બે વાર સીઝેરિયન ડિલિવરીમાંથી પસાર થઈ ચુક્યા હતા, હાલમાં પેટમાં અસહ્ય દુઃખાવાના કારણે અનેક હોસ્પિટલોમાં સારવાર માટે ફરીને, અંતે તેમણે આયુષ હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો, જ્યાં નિષ્ણાત તબીબોએ સોનોગ્રાફી તપાસ દરમિયાન દર્દીની કોથળીમાં ગાંઠ હોવાનું સામે આવ્યું હતું. આ જટિલ સ્થિતિને ધ્યાને લઈને હોસ્પિટલના નિષ્ણાત ગાયનેક તબીબોએ ઓપરેશન કરવાનો નિર્ણય લીધો. ઓપરેશન દરમિયાન ડો.અદિતિ ઝાલાવાડિયાએ દર્દીને સ્પાઈનલ એનેસ્થેસિયા આપી, ત્યારબાદ ડો.મિલન શિંગાળા, ડો. રેશ્મા કાપડિયા અને ડો. ભાવના જોશી દ્વારા ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ તકનિકી અને અનુભવી ટીમના સહયોગથી સમગ્ર ઓપરેશન સફળતાપૂર્વક પાર પડ્યું અને ૧ કિલો ૯૦૦ ગ્રામ વજનની ગાંઠ દૂર કરવામાં આવી હતી. હાલમાં દર્દી સ્વસ્થ છે, દર્દી અને તેના પરિવાર દ્વારા આયુષ હોસ્પિટલના સ્ટાફ અને ડોક્ટરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માળીયા(મી): રહેણાંકમાં ધમધમતા જુગારધામ ઉપર એલસીબીના દરોડામાં ૧૬ જુગારી ઝબ્બે

## ૧ લાખથી વધુ રોકડા રૂપિયા સાથે તમામ જુગારીઓની અટક

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે માળીયા(મી) નવા રેલ્વે સ્ટેશન નજીક રહેણાંક મકાનમાં પૂર્વ બાતમીને આધારે જુગારના અખાડામાં રેઈડ કરી હતી, ત્યારે આ ધમધમતા જુગારધામમાં જુગાર રમતા ૧૬ જુગારીઓની રોકડા રૂ.૧.૦૯ લાખ સાથે અટકાયત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મોરબી એલસીબી ટીમને બાતમી મળી કે માળીયા(મી)માં નવા રેલ્વે સ્ટેશન બાજુમાં સુલેમાન દાઉદ મીયાણા પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી, નાલ ઉઘરાવી જુગાર રમાડતો હોય, જેથી મોરબી રલસીબી તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા ઉપરોક્ત રહેણાંકમાં રેઈડ કરતા, જ્યાં મકાન-માલીક સહિત ૧૬ જુગારીને તીનપત્તીનો જુગાર રમતા ઝડપી લેવામાં આવ્યા છે.

પોલીસે પકડેલ જુગારીઓમાં સુલેમાનભાઈ દાઉદભાઈ માલાણી ઉવ.૪૨ રહે. માળીયા મીં નવા રેલ્વે સ્ટેશન સામે, હાજીઆમીન જાનમામદ જેડા ઉવ.૩૨ રહે. માળીયા મીં વાડા વિસ્તાર, હકીમ રસુલભાઈ ભટ્ટી ઉવ.૪૫ રહે. કાજરડા તા. માળીયા(મી), કાસમભાઈ જુમાભાઈ મોવર ઉવ.૪૫ રહે. માળીયા(મી) વાગડીયા ઝાંપા પાસે, ઈમ્તીયાઝ સુલેમાનભાઈ માલાણી ઉવ.૨૦ રહે. માળીયા મીં નવા રેલ્વે સ્ટેશન સામે, હસનભાઈ કરીમભાઈ મુસાણી ઉવ.૩૩ રહે. માળીયા(મી) વાડા વિસ્તાર, ફારૂક અલીમામદ જેડા ઉવ.૨૮ રહે. માળીયા મીં પીપળી વાસ, આરીફભાઈ શેરઅલીભાઈ લધાણી ઉવ.૩૪ રહે. ખીરાઈ તા. માળીયા(મીં) મુળરહે. સરા તા. મુળી જી. સુરેન્દ્રનગર, અલાઉદીન મુસાભાઈ જામ ઉવ.૨૫ રહે. કાજરડા તા. માળીયા(મીં), મહેબુબભાઈ હરધોરભાઈ મોવર ઉવ.૪૧ રહે. માળીયા(મીં) પીપળી વાસ, આદમભાઈ વલીમામદભાઈ જેડા ઉવ.૫૦ રહે. માળીયા(મીં) વિરાબાપાની વાંઢ, સીકંદર જાનમામદભાઈ જેડા ઉવ.૨૯ રહે. માળીયા(મીં) વાડા વિસ્તાર, ઈકબાલભાઈ રાણાભાઈ મોવર ઉવ.૨૭ રહે. માળીયા(મી) વાડા વિસ્તાર, ઈલીયાસ જાનમામદભાઈ ભટ્ટી ઉવ.૪૦ રહે. માળીયા(મી) જુની મચ્છીપીઠ, સલીમ ગુલામહુશેનભાઈ ભટ્ટી ઉવ.૩૬ રહે. માળીયા(મી) પીપળી વાસ તથા કાદરભાઈ હાસમભાઈ સખાયા ઉવ.૫૨ રહે. માળીયા(મી) ત્રણ રસ્તા પાસે રાખોડીયો વિસ્તાર વાળાને રોકડા રૂ. ૧,૦૯, ૪૩૦/- સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી એલસીબી તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આક્ષેપ-પ્રતિઆક્ષેપ વચ્ચે તંત્ર 'ઝોલે' ચડ્યું

# અમિત ખૂંટ આપઘાત કેસમાં દુષ્કર્મ ફરિયાદીએ તંત્રના દબાણમાં ખોટા નિવેદનો લખાવ્યાનો આક્ષેપ

## જયરાજસિંહ અને પોલીસે દબાણ કરી છ લોકો સામે બોલવા મજબુર કરી : સગીરાનું ચોંકાવનારું નિવેદન

**અબતક, રાજકોટ**

ગોંડલ અને રીબડા જૂથ વચ્ચે ચાલતા રાજકીય વિવાદમાં તંત્ર આખું ઝોલે ચડ્યું છે. અગાઉ અમિત ખૂંટ વિરુદ્ધ દુષ્કર્મનો આરોપ, બાદમાં અમિત ખૂંટનો આપઘાત, અનિરુદ્ધસિંહ-જયરાજ સિંહ સહિતના નામવાળી સુસાઈડ નોટ સહિતના ઘટનાક્રમમાં હવે વધુ એક નવો વળાંક આવ્યો છે. દુષ્કર્મની ફરિયાદ કરનાર સગીરા જેના પર હનિટ્રેપનો આરોપ મૂકવામાં આવ્યો છે તે સગીરાએ ગંભીર આક્ષેપો સાથે મેજિસ્ટ્રેટ સમક્ષ ચોંકાવનારૂં નિવેદન આપ્યું કે, 'પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને પોલીસે દબાણ લાવીને મારી પાસે નિવેદન લખાવ્યા હતા. મારી પર દુષ્કર્મ થયું છે, પણ પોલીસ મને જ ખોટી રીતે ફસાવી રહી છે. મને હેરાન કરીને છ લોકો વિરૂધ્ધ બોલવા મજબૂર કરી હતી. મને જીવનું જોખમ છે.'

રાજકોટમાં મોડેલિંગ કરતી ૧૭ વર્ષીય સગીરાએ ગત તા. ૩ મેના રોજ રીબડાનાં અમિત ખૂંટ નામના યુવાન સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેના બે દિવસ બાદ દુષ્કર્મના આરોપી એવા અમિત ખૂંટે રીબડા ગામમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી હતી, જેમાં તેણે લખ્યું હતું કે 'મને મારવા પાછળ અનિરૂદ્ધસિંહ રીબડાનો હાથ છે. રાજદીપ ત્રાસ આપતો, પૈસા આપી



ખોટી ફરિયાદ કરાવી છે.' મૃતક અમીત ખૂંટ ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનો સમર્થક હોવાથી રાજકીય રંગ લાગતા મામલો ગરમાયો હતો અને આ મામલે રીબડાનાં ક્ષત્રિય આગેવાન અનિરૂદ્ધસિંહ અને તેમના દીકરા રાજદીપસિંહ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ચકચારી પ્રકરણમાં સમયાંતરે અનેક આક્ષેપબાજી ચાલુ છે ત્યાં આજે હનિટ્રેપ કેસની આરોપી સગીરાએ તેણીના વકીલ સાથે મેજિસ્ટ્રેટ સમક્ષ ચોંકાવનારૂ નિવેદન નોંધાવતા જણાવ્યું કે, 'મૃતક અમિત ખૂંટ દ્વારા કેફી પીણું પીવડાવીને મારા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે અને પછી મેં ફરિયાદ કરતા પોતે આપઘાત કરી લીધો છે. તેની પાસેથી મળેલી

## છ લોકોના નામ આપી દે તો ફરિયાદમાંથી તારૂ નીકળી જશે, આજીવન ખર્ચ આપીશું : લાલચ આપ્યાનો આરોપ

સુસાઇડ નોટમાં લગાવવામાં આવેલા હનીટ્રેપના આક્ષેપ ખોટા છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેના માણસો દ્વારા ખુબ દબાણ કરીને મને ૬ લોકો અનિરૂદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા, દિનેશ પાતર, રહીમ અને સંજય પંડિતનાં નામ આપી દેવા માટે કહેવામાં આવ્યું હતું. જેમાં અનિરૂદ્ધસિંહ કે રાજદીપસિંહ જાડેજાને હું ઓળખતી પણ નથી. આજે મારાં અને મારા પરિવારનાં જીવને જોખમ છે, અમને સુરક્ષા મળે એવી મારી માગ છે.

મેજિસ્ટ્રેટ સમક્ષ વકીલ મારફતે સગીરાએ નિવેદન નોંધાવવા સાથે આ કેસમાં પીડિતા સગીરાની ગેરકાયદે અટકાયત, અપહરણ, ધાક-ધમકી આપવી સહિતની કલમ હેઠળ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, તેના પુત્ર ગણેશ જાડેજા તેમજ ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કિશોરસિંહ ઝાલા, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ એ. ડી. પરમાર તેમજ રાજકોટ શહેરના ઝોન-૨ના ડીસીપી જગદીશ બાંગરવા તેમજ એ-ડિવિઝનના પોલીસ અધિકારી સહિતના વિરૂદ્ધ અલગથી ફરિયાદ નોંધીને ગુનો દાખલ કરવાની માંગ કરી હતી. સગીરાએ નિવેદનમાં કહ્યુ કે, 'મને હેરાન કરીને ખોટુ બોલવા મજબુર કરાઈ હતી. જયરાજસિંહ અને પોલીસ મને નિવેદન અપાવતા હતા અને દબાણ કરતા હતા કે તું છ-સાત વ્યક્તિઓના નામ આપી દે એટલે તારૂ નામ આરોપીમાંથી નીકળી જશે. તને આજીવન ખર્ચ આપીશું. આ રીતે દબાણ કરી નિવેદન લખાવતા હતા.

### જયરાજસિંહથી માંડી પોલીસ અધિકારીઓ સામે અલગથી ફરિયાદ નોંધવા માંગ

મેજિસ્ટ્રેટ સમક્ષ વકીલ મારફતે સગીરાએ નિવેદન નોંધાવવા સાથે આ કેસમાં પીડિતા સગીરાની ગેરકાયદે અટકાયત, અપહરણ, ધાક-ધમકી આપવી સહિતની કલમ હેઠળ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, તેના પુત્ર ગણેશ જાડેજા તેમજ ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કિશોરસિંહ ઝાલા, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ એ. ડી. પરમાર તેમજ રાજકોટ શહેરના ઝોન-૨ના ડીસીપી જગદીશ બાંગરવા તેમજ એ-ડિવિઝનના પોલીસ અધિકારી સહિતના વિરૂદ્ધ અલગથી ફરિયાદ નોંધીને ગુનો દાખલ કરવાની માંગ કરી હતી.

# કોટડા સાંગાણી નજીક બે બાઈક સામસામા અથડાતા બે યુવાનનાં મોત: એક ગંભીર

## બહેન અને પુત્રીને રામપરા - નવાગામે મુકી પરત રાજકોટ પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

કોટડાસાગાંણી તાલુકાના રાજગઢ ખાંડાધાર રોડ પર બે બાઈક સામસામે અથડાતા સર્જાયેલ અકસ્માત માં બે યુવાન નાં મોત નિપજ્યા હતા.જ્યારે એકને ગંભીર ઈજા પંહોચતા સારવાર માં રાજકોટ ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગત રાતે કોટડા સાંગાણી તાલુકાના રાજગઢ ખાંડાધાર રોડ પર સામસામે આવી રહેલા બે બાઈક ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સરજાયો હતો.જેમા રોહિત દીપકભાઈ રાઠોડ (ઉ.વ. ૨૪) રહે. રામોદ અને કરણભાઈ કમલેશભાઈ દિવેચા (ઉ.વ. ૨૮) રહે. રાજકોટ મૂળ. રામપરા - નવાગામ નાં ઘટના સ્થળે ગંભીર ઈજાઓ ને કારણે મોત નિપજ્યા હતા.

રોહિત તેમની સાથે કામ કરતા કિશન રસિકભાઈ પડાળીયા (ઉ.વ.૨૩) સાથે શક્તિમાનમાં નોકરી પુરી કરી બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા.

જ્યારે કરણભાઈ તેમની દીકરી અને બહેનને રામપરા નવાગામ ઘરે મૂકી પરત રાજકોટ ફરી રહ્યો હતો. ત્યારે ગમ્બવાર અકસ્માત સર્જાયો હતો.

કરણભાઈને સંતાનમાં એક દીકરી છે. છુટક મજૂરી કામ કરી પરિવાર ગુજરાન ચલાવે છે.

રોહિતભાઈ એક વર્ષથી શક્તિમાનમાં નોકરી કરે છે. પરિવારમાં માતા અને બે ભાઈઓ અને એક બેહનમાં સૌથી નાનો હતો.

આ બનાવની જાણ કોટડા સાંગાણી પોલીસ મથકના સ્ટાફને થતા દોડી ગઈ હતી. બન્ને મૃતકોનું પી.એમ. કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપ્યો હતો. અકસ્માત અંગે પોલીસે કાગળો કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવથી રામોદ પંથકમાં શોકનું મોજુ ફેલાયું છે.

# ભાવનગર એસઓજીએ ૧૩ લાખનો કેફી દ્રવ્ય નાશ કર્યો

## નશામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અફીણ, ગાંજો પોષ ડોડાનો પોલીસે પકડેલો માલનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાયો

**અબતક આનંદ રાણા શિહોર**

ભાવનગર જિલ્લામાં થી પકડાયેલા કેફી દ્રવ્યો નો નશામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત એસોજીએ નાશ કર્યો હતો.



આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગુજરાત સરકારના નશામુક્ત ગુજરાત અભ્યાસ અંતર્ગત કેફી દ્રવ્યો ઝડપી કરેલા કેસ ના મુદ્દા માલનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી અંતર્ગત ભાવનગર ડ્રગ ડિસ્પોઝલ કમિટી ના નેજા હેઠળ અલગ અલગ પોલીસ સ્ટેશન માંથી પકડાયેલા તેથી દ્રવ્યોમાં ૬૩.૪૭૫ ગ્રામ ગાંજો, પોસ ડોડા ૧૧૭ ,૨૫કિલ્લો,૩૫.૮૬ કિલ્લો અફીણ મળી કુલ ૧૩ ૪૫ ૦ ૨૫ રૂપિયા નો મુદ્દામાલ ૯ ૬૨૫ ના રોજ ભાવનગર પી.આઈ.ડી.યુ સુનેસરા અને એસોજી સ્ટાફ ની હાજરીમાં દહેજ બેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ કંપની ખાતે મુદ્દામાલનો નાશ કર્યો હતો આ કામગીરીમાં એસઓજી પી આઈ ડીયુ સુનેસરા, અને સ્ટાફના વિજયસિંહ ગોહિલ, મહાવીર સિંહ ગોહિલ, યોગીન પંડ્યા, ભારતીબેન ચાવડા, પ્રતાપ સિંહ પરમાર એ કામગીરી કરી હતી

# જુનાગઢ : હિરલબા જાડેજા તથા બે સાગરીતોની સાયબર ક્રાઈમના ગુનામાં એસઓજી દ્વારા ધરપકડ




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના રેન્જ સાયબર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની વિવિધ કલમો તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમો અંતર્ગત નોંધાયેલ એફ.આઈ.આર. મુજબની તપાસ જૂનાગઢ એસ.ઓ.જીના પોલીસ ઈન્સ. પી.સી. સરવૈયા ચલાવી રહેલ છે. ત્યારે ગઈકાલે એસોજીના તપાસની પીઆઈ સરવૈયાએ ટ્રાન્સફર વોરંટ ના આધારે હિરલબેનનો જુનાગઢ જેલમાંથી અને તેના બે સાગ્રિતોનો પોરબંદર જિલ્લોમાંથી કબજો મેળવી ધરપકડ કરી, પૂછપરછ હાથ ધરી હતી.

. પોલીસ.માંથી પ્રાપ્ત વિગતો મુજબ, પોરબંદરના હિરલબા જાડેજા તથા તેમના માણસો નૈતિક માવાણી, સચીન મહેતા, હીતેષ ઓડેદરા તથા તપાસ જે ખુલે તેઓ દ્વારા પૂર્વ આયોજીત કાવતરૂ રચી પ્રતાપભાઈ ભરાડ, પારસભાઈ જોષી તથા ભરતભાઈ સુત્રેજા તથા અન્ય તપાસમાં ખુલે તેઓને કપટપૂર્વક પ્રલોભન આપી, તેઓના નામના ખોટા દસ્તાવેજો તથા ખોટા બિલો આધારે બોગસ પેઢીઓ બનાવડાવી તથા પેઢીઓના નામના સિક્કાઓ બનાવડાવી તેઓ ત્રણેયની જાણ બહાર તેમના નામનાં જીએસટી નંબર તથા અન્ય સર્ટીફિકેટ કઢાવી, જે સર્ટીફિકેટ ખોટા છે તેવુ આરોપીઓ જાણતા હોવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી, તેના આધારે અલગ અલગ બેંકોમાં કરંટ એકાઉન્ટ ખોલાવી, કપટપુર્વક ત્રણેય પાસેથી બેંકના કોરા ચેકોમાં તેમજ આરટીજીએસ ફોર્મમાં સહીઓ કરાવી, તે મેળવી લઇ, સાયબર ફ્રોડ દ્વારા વિવિધ રાજ્યોના અલગ અલગ ભોગ બનનાર પાસેથી છેતરપીંડીથી મેળવેલ રૂપીયા તે રૂપીયા સાયબર ફ્રોડના છે તેવું જાણતા હોવા છતા જાણીબુજીને સાહેદોના કુલ ૨૨ બેંક ખાતાઓમાં વારંવાર મેળવી લઇ, પ્રોપરાઇટરોની જાણ બહાર બેંક એકાઉન્ટમાંથી નાણા ઈલેક્ટ્રોનીકના માધ્યમથી ઓનલાઈન ટ્રાન્સફર તથા કેસ વિડ્રોલ કરી રૂપીયાને સગેવગે કરી, સાયબર ફ્રોડની ઠગાઈના નાણાનો આર્થિક લાભ મેળવી ગુનો કરેલ હોય, જે મતલબની જૂનાગઢના રેન્જ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

# પખવાડિયામાં ગુમ થયેલા નવ લોકોને શોધી કાઢતી શાપર(વે.) પોલીસ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ અને ડીવાયએસપી કેજી ઝાલા દ્વારા રાજકોટ ગ્રામ્યના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સૌહાર્દપૂર્ણ વર્તન કરી શક્ય હોય તેટલી મદદ કરી પોલીસ પ્રજાનો મિત્ર છે સૂત્રને સાર્થક કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થનાર લોકોને શોધી કાઢવા પીઆઈ આર બી રાણાએ અલગ અલગ ટીમો બનાવી અલગ અલગ દિશાઓમાં ટેકનીકલ સોસ તેમજ હ્યુમન રિસોર્સના આધારે તપાસ કરાવી છેલ્લા પખવાડિયામાં ગુમ થયેલ કુલ ૯ લોકોને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

શાપર પોલીસે રિયાબેન હિતેશભાઈ ગોહેલ, સીરતનાબેન ભીખાભાઈ સાદીયા, પ્રિયંકાબેન ડાયાભાઈ સોલંકી, પ્રકાશભાઈ કિશોરભાઈ સોલંકી, જીતેન્દ્રભાઈ ઝીણાભાઈ દાફડા, સવિતાદેવી અમરેન્દ્રકુમાર, જયાદેવી ભાણજીભાઈ વાણવી, જ્યોતિબેન મહેશભાઈ ચાવડા અને કિંજલબેન નરેશભાઈ દાફડાને શાપર ખાતેથી શોધી કાઢ્યા હતા.

આ કામગીરીમાં શાપર પોલીસ મથકના પીઆઈ આર બી રાણા, એસઆઈ દિવ્યરાજસિંહ સરવૈયા, હેડ કોન્સ્ટેબલ રવિરાજસિંહ જાડેજા, રાજેશભાઈ વાવડીયા પ્રતિપાલસિંહ જેઠવા, રાજેશભાઈ બાયલ, દિનેશભાઈ ખાટરીયા, તુષારસિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા અલ્પેશભાઈ ડામસિયા, મહિલા કોન્સ્ટેબલ કિંજલબેન માટીયા રોકાયા હતા.

# જામજોધપુર: ત્રણ સ્થળે જુગારના દરોડા

## ૧૫ શખ્સોની ધરપકડ કરી ૬૩૦૦૦નો મુદામાલ કબ્જે

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ઝીણાવારી ગામે એલ.સી.બી.એ પાડેલા જુગારના દરોડા બાદ સ્થાનિક પોલીસ હરકતમાં આવી મોટાવડીયા ગામે બે સ્થળે અને જામજોધપુર મળી ત્રણ સ્થળે જુગારના દરોડા પાડી ૧૫ શખ્સની ધરપકડ કરી ૬૩૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો છે.

જામજોધપુર તાલુકાના મોટા વડીયા ગામે ગામમાં જાહેરમાં જુગાર રમતા ગઈકાલે બપોરે જાહેરમાં ગંજીપાના કૂટતા ભરત દેવશીભાઈ કરંગીયા, ભીખાભાઈ કેશુરભાઈ ગોજીયા, અશીભાઈ મેરામણભાઈ કરંગીયા, મહેશ મંગાભાઈ વાઘ, જીતેન્દ્રભાઈ કરશનભાઈ ખવા ઉર્ફે ભયલા તથા પિયુષ હમીરભાઈ કરંગીયા નામના છ શખ્સને જામજોધપુર પોલીસે પકડી લઈ પટમાંથી રૂ. ૧૦૬૦૦ કબજે કર્યા

જયારેબીજા દરોડો જામ જોધપુરમાં શહેરમાં પાડવામાં આવેલ જેમાં એસ .ટી બસ સ્ટેન્ડ ની બાજુમાં ભુવનેશ્વરી ચોકમાં ધવલ કિશોરભાઈ ખાંટ ઉર્ફે કાનો, પ્રદીપભાઈ રમણીકભાઈ બરોચીયા, અશ્વિન કાંતિલાલ ભાયાણી નામના ત્રણ શખ્સ તીનપત્તી રમતા મળી આવ્યા હતા. પટમાંથી રૂ. ૧૬૩૦૦ રૂ કબજે કરી આગળની કાર્યવાહી કરેલ હતી.

જ્યારે ત્રીજો દરોડો મોટા વડીયા ગામાં જ જાહેરમાં જુગાર રમતા વજશીભાઈ અરજણભાઈ કરંગીયા, ભોજાભાઈ રામાભાઈ બળીયાવદરા, ડાડુભાઈ સુમાતભાઈ કરંગીયા, મુકેશ દેવાણંદભાઈ કરંગીયા, રાજશી ખીમાભાઈ ડાંગર, અરશીભાઈ અમિતભાઈ ગાગીયા નામના છ શખ્સ જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૩૩૩૪૦ રોકડા અને ગંજીપાના ઝબ્બે લીધા છે.

# ગોંડલ: વેજાગામે ચેકડેમમાં પડી ગયેલા પ્રૌઢનું મોત

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ તાલુકાનાં વેજાગામ માં સીમમાં આવેલ સાપરવડી નદી પરનાં ચેકડેમ માં પગ લપસી જતા પાણીમાં ખાબકેલા પ્રૌઢનું ડુબી જવાથી મોત નિપજ્યુ હતુ.

પ્રાપ્ત વિગત મુજબ વેજાગામ નાં સરપંચ જીતુભાઈ ભાલાળાનાં કાકા ધીરજલાલ ધરમશીભાઈ ભાલાળા ઉ.૫૫ બપોર નાં સમયે સાપરવડી નદી પર આવેલા ચેકડેમ માંથી પાણી ની મોટર કાઢી રહ્યા હતા ત્યારે અચાનક પગ લપસતા ચેકડેમ નાં પાણીમાં પડી જતા ડુબી જવાથી તેમનુ મોત નિપજ્યુ હતુ.બનાવ સમયે બે થી ત્રણ મજુરો હાજર હોય બચાવવા પ્રયત્ન કર્યા હતા.પણ બચાવ શક્ય બન્યો હતો નહી.બાદ માં મૃતક નાં ભત્રીજા જીતુભાઈ ને જાણ કરાતા તે ઘટના સ્થળે દોડી આવ્યા હતા.તરવૈયાઓ ની મદદથી મૃતદેહ બહાર કાઢી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

મૃતક ધીરજલાલ ચેકડેમ નજીક ભત્રીજા જીતુભાઈ ની ખેતીની જમીન વાવતા હતા.સંતાન માં બે પુત્ર હોવાનું જાણવા મળેલ હતુ.બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ધાંગધ્રા: ગેરકાયદ ખનન કરેલો પથ્થર ભરેલા ટ્રક ઝડપાયો

## નાયબ કલેક્ટર દ્વારા ૨૦ દિવસમાં કરોડો રૂપિયાનો મુદામાલ સીઝ કર્યો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા હાઈવે કલ્પના ચોકડી નજીકથી કોઈ પણ જાતની પાસ પરમીટ વગર પથ્થરના ટ્રક સરેઆમ ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતાં સામે ધાંગધ્રા નાયબ કલેક્ટર દ્વારા પથ્થર ભરીને જતો એક ટ્રક ગાડી ને ઝડપીને સેવા સદન ખાતે લાવીને સીઝ કરવામાં આવ્યો હતો. ધ્રાંગધ્રા હાઈવે કલ્પના ચોકડી નજીકથી કોઈ પણ જાતની પાસ પરમીટ વગર પથ્થરના ટ્રક સરેઆમ ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતાં સામે ધાંગધ્રા નાયબ કલેક્ટર દ્વારા પથ્થર ભરીને જતો એક ટ્રક ગાડી ને ઝડપીને સેવા સદન ખાતે લાવીને સીઝ કરવામાં આવ્યો હતો ત્યારે સરેઆમ ગેરકાયદેસર ખનન માઁ તમામ નિયમો ની ઐસીતૈસી કરવામાં આવતી જોવા મળી હતી જેમાં પ્રાંત અધિકારી દ્વારા ઝડપી પાડી અને સેવાસદન ખાતે લઈને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ત્યારે છેલ્લા ૨૦ દિવસમાં પ્રાંત અધિકારી દ્વારા ગેરકાયદેસર રીતે ખનન કરતાં ૧૫ થી વધુ વાહનોને ઝડપી સીઝ કરવામાં આવ્યા હતા કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને ડંડ ફટકારવામાં આવ્યો છે.

# મોટર સાયકલ તળે કચડી નાખવાનો પ્રયાસ: વાહન સળગાવી નખાયું

## ભેસાણમાં કોર્ટ મેરેજ કરનાર યુવકના ભાઈ ઉપર યુવતીના ભાઈનો હુમલો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભેસાણમાં કોર્ટ મેરેજ કરનાર યુવકના ભાઈ ઉપર યુવતીના ભાઈએ ધાર્યા વડે હુમલો કરી, મોટર સાયકલ સળગાવી દઈ, સાહેદ માથે જીવ લેવાના ઈરાદે મોટરસાયકલ ચડાવી દઈ, ગંભીર ઈજાઓ કર્યાની ભેસાણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ભેસાણ તાલુકાની નવી ધારી ગુંદાળી ગામે રહેતા ભાવેશભાઈ મનસુખભાઈ રાઠોડના ભાઈ મહેશને તેના જ ગામના રાજેશભાઈ છગનભાઈ ચાવડાની બહેન રસીલાબેન સાથે પ્રેમ સબંધ હોય અને બંન્નેએ કોર્ટ મેરેજ કરેલ હોય, જે બાબતેનુ મન દુખ રાખી, રાજેશભાઈએ ભાવેશભાઈ સાથે ઝગડો કરી, મારી નાખવાના ઈરાદે ધારીયા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ભાવેશભાઈના કૌટૂંબીક કાકા સાહેદ બધાભાઈ મીઠાભાઈ મકવાણા છોડાવવા માટે વચ્ચે પડતા રાજેશભાઈ એ પોતાના હવાલાની મોટર સાયકલ તેમના ઉપર ચડાવી, નીચે પછાડી દઈ, માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજા પહોચાડી તેમજ ભાવેશભાઈની મોટર સાયકલને સળગાવી દઈ બીગાડ કરી તથા છગનભાઈ નાનજીભાઈ ચાવડા અને નિર્મળાબેન છગનભાઈ ચાવડાએ ભાવેશભાઈના માતા પીતાને અવાર નવાર જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની ભેસાણ પોલીસમાં ફરિયાદ નોંધાતા પી.એસ.આઈ. આર.એમ. વાળા એ તપાસ હાથ ધરી છે.

# હળવદ : સરા ચોકડી પાસે બાઈક પરથી પટકાતા માસુમ બાળકનું મોત

## નાડધરી ની પરણીતા પતિ સાથે પિયર જતી હતી ત્યારે રસ્તામાં કાળ નો ભેટો થઈ જતા એકના એક પુત્રનું જીવન મૂરઝાઈ ગયું

**અબતક રાજકોટ**

ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે? મુળી તાલુકાના નાડીધરા નો શ્રમજીવી પરિવાર ના મોટરસાયકલને રસ્તામાં અકસ્માત કરતા છ વર્ષના બાળકને ગંભીર ઈજા બાદ સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું .આ અંગે પ્રાપ્ત વિગત મુજબ નાડીધરા ગામે રહેતાને શાકભાજી વેચી ગુજરાન ચલાવતા વસંતભાઈ જાદવ, તેમના પત્ની કાજલબેન અને છ વર્ષનો પુત્ર સચિન નાડીધરા થી રાહુલભાઈ કાજલબેન ના પિતા ને ત્યાં હળવદ જવા નીકળ્યા હતા ત્યારે



સરા ચોકડી પાસે રસ્તા નું કામ ચાલે છે ત્યાં પહોંચતા આડે ખાડો આવતા મોટરસાયકલ ચલાવી રહેલા વસંત જાદવ મોટરસાયકલને બ્રેક મારતા પાછળ બેઠેલા કાજલબેન અને છ વર્ષનો પુત્ર સચિન નીચે પડી ગયો હતો અને સચિનને પગમાં ઈજા થતાં પ્રથમ હળવદ શ્રીજી હોસ્પિટલ ત્યાંથી સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલની ત્યાથી રાજકોટ સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવતા આજે વહેલી સવારે સારવાર દરમિયાન સચિન નું મોત નીપજ્યું હતું, ભીમ અગિયારસના તહેવારો કાજલબેન તેમના પિતા ડેમીભાઈ સુખાભાઈ હળવદિયા ને ત્યાં હળવદ જતા હતા અકસ્માતનો ભોગ બનેલ સચિન બે બહેન અને એક ભાઈ માં સૌથી નાનો હતો અકસ્માતે સચિનનું મૃત્યુ નીપજતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ અંગે હળવદ પોલીસ આગળની તપાસ કરશે

# ગાંધીધામ: 'એકના ડબલ' કરવાના કૌભાંડમાં વધુ એક પકડાયો

## સોશ્યલ મીડિયા મારફતે પરિચયમાં આવેલા સુરતનાં યુવાને અડધા લાખ ગુમાવ્યા

**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ શહેરમાં નાણા બેવડા કરી આપવાના બહાના તળે સુરતના યુવાન સાથે રૂા. ૫૦ હજારની છેતરપિંડી થઈ હોવાનો મામલો એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયો હતો. સુરતમાં રહેતા અને વાહન ચલાવાનું કામ કરતા હસન મહમ્મદ અબ્દુલ અંસારીએ અંજારના આરોપી અલીઅસગર સુલેમાન શેખ અને અલતાફ ઈબ્રાઈમશા શેખ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

ઈન્ટાગ્રામ ઉપર નાણા ડબલ કરવાની જાહેરાતના આધારે ફરિયાદી આરોપીઓના સંપર્કમાં આવ્યા હતા. ભેજાબાજોએ ફરિયાદીને ગાંધીધામ બોલાવ્યા હતા. આરોપીઓ રોકડા રૂા.૫૦ હજાર લઈને ફરિયાદીને પાંચસો રૂપિયાનાં બે બંડલ આપી ગયા હતા, જેમાં ઉપર અને નીચેના ભાગે સાચી ૫૦૦ની નોટ હતી વચ્ચેના ભાગે કોરા કાગળ નીકળ્યા હતા.



સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ આરંભી હતી દરમિયાન ગત તારીખ ૬/૬ ના રોજ બે આરોપીઓ અલીઅસગર સુલેમાન શેખ અને અલ્તાફહુશ ઈબ્રાહીમશા શેખને ૬૦,૦૦૦ મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. વધુ એક સહ આરોપી મામદશા સ/ઓ જુસબશા શેખની ધરપકડ કરવામાં આવી છે. આરોપી મામદશા શેખ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરીને ગાંધીધામ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ત્રણ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

પોલીસ તપાસ દરમિયાન, ફરિયાદીનો ગુમ થયેલ તમામ મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે. આરોપી પાસેથી ખોટી નોટોના બંડલ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા કોરા કાગળો અને કાગળો કટીંગ કરવા માટેનું કટર મશીન, કલરના ડબ્બા મોબાઈલ ફોન સહિત કુલ ૬૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યું છે.

ભરોસાની ભેંસે...!!

# રાજકોટની જવેલર્સ પેઢીમાંથી કટકે કટકે બઠાંતરી કરેલું સોનું પરત નહિ આપતાં ‘હેડ’ વિરુદ્ધ ગુનો

## મવડીમાં આવેલા અર્જુન જવેલર્સમાંથી કર્મચારીએ જ રૂ.૨૫.૬૨ લાખના દાગીનાની ચોરી કરી

### શો-રૂમના સ્ટાફે સ્ટોક ચેક કરતાં ૨૫૨ ગ્રામના સોનાના ૧૦ દાગીના ગુમ હોવાની જાણ થઈ : સીસીટીવી ચેક કરતાં નૈમિશ જાનીની કરતૂત હોવાનો ભાંડાફોડ

### દાગીના ચોર્યાની કબૂલાત બાદ પરત આપી દેવાની લેખિત બાહેંધરી આપી

માલીક મનિષભાઈએ સ્ટાફની રૂબરૂમાં નૈમિષ જાનીને વાતચીત કરવા શો રૂમે બોલાવી પુછતા તેને આશરે રૂ.૨૫,૧૨,૫૦૦ ના સોનાના દાગીના ચોરી કરેલ હોવાનુ કબુલ્યું હતું. તેમજ નૈમિષએ દાગીના પરત આપી દેવાનુ જણાવેલ જેથી આ ચોરી અંગે રૂ.૨૫ લાખનું લખાણ કરેલ જેમા તેને સહી કરી આપેલ હતી. જે બાદ તેમના વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

### રાજકોટની જ અલગ અલગ જવેલર્સ પેઢીમાં દાગીના વેંચી માર્યાની કેફીયત

મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સમાંથી ચોરીની ઘટના સામે આવી હતી. જેમાં એરપોર્ટ રોડ પર રહેતો અને શોરૂમમાં કામ કરતો નૈમિશ જાની છેલ્લા બે વર્ષથી શો-રૂમમાં કામ કરે છે અને એક વર્ષથી ચોરી કરતો હતો. જે બાદ તેને મોટો હાથ મારતાં ચોરીનો કિસ્સો સામે આવ્યો હતો. જે બાદ પોલીસની પૂછતાછમાં તેને અલગ અલગ શહેરના જવેલર્સમાં દાગીના વેંચી નાંખ્યા હતાં. જે અંગે પોલીસે દાગીના રિકવર કરવાં તજવીજ આદરી છે.

### દેણું થઈ જતાં ચોરી કર્યાની લેખિતમાં કબૂલાત : ગુનો નોંધી દાગીના રિકવર કરવાં તાલુકા પોલીસની કવાયત

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સમાંથી ૨૫.૬૨ લાખના દાગીનાની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ કર્મીએ જ હાથ ફેરો કર્યાનું સામે આવતાં તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મોટા મવા સ્મશાન પાસે આંગન ગ્રીન સીટીમાં રહેતાં હીતેષભાઈ ભગવાનજીભાઈ વસોયા (ઉ.વ. ૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નૈમિશ વિજય જાની (રહે. રાજકોટ) નું નામ આપતાં તાલુકા પોલીસે ચોરીની કલમ કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સાતેક વર્ષથી મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સ પ્રાઈવેટ લીમીટેડ નામની સોના ચાંદીના રીટેલ વેપારના શો રૂમમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવે છે. તે શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે નૈમિષ જાની તથા યશભાઈ ઠુંમર જે સ્ટોકની દેખભાળની ફરજ બજાવે છે.

ગઈ તા.૨૨/૦૫/૨૦૨૫ ના અર્જુન જવેલર્સનું સ્ટોકનું કામ સાંભળતા યશભાઈ ઠુંમરએ સ્ટોક ચેક કરતા શો-રૂમની તિજોરીમાં જોતા એક પ્લાસ્ટીકના પાઉચમાં રાખેલ સોનાના દાગીના જેમા સોનાના ચેઈન ત્રણ જેમા એક ચેઈન ૮૨ ગ્રામનો જેમાથી એક ભાગ જે આશરે ૧૩.૫ ગ્રામનો ચેઈન મુકેલ પાઉચમાં પડેલ છે. બીજો ભાગ જે ૬૮.૫ ગ્રામનો ચેઈન રૂ.૬.૯૭ લાખ, બીજા બે ચેઈન જે ૨૪-૨૪ ગ્રામના કુલ બે ચેઈન ૪૮ ગ્રામના રૂ.૪.૮૭ લાખ તેમજ સોનાની વીંટી ત્રણ નંગ રૂ.૪.૨૮ લાખ, સોનાની માળા આશરે ૧૭ ગ્રામની રૂ.૧.૭૨ લાખ, સોનાની હાથના આંગળામાં પહેરવાની પ્લેન રીંગ નંગ-૦૧ રૂ. ૭૫,૫૦૦ સોનાનુ પેન્ડલ નં.૦૧ રૂ.૧.૭૫ લાખ, સોનાનુ બ્રેસલેટ નં.૦૧, રૂ.૫.૨૮ લાખ મળી કુલ ૨૫૨ ગ્રામના ૧૦ નંગ સોનાના દાગીના રૂ.૨૫,૬૨,૫૦૦ ના જોવામાં આવેલ નહી.

જેથી તેઓએ શો રૂમની કોર ટીમને વાત કરતા આ પાઉચમાં જોતા સોનાના દાગીના જોવામાં આવેલ નહી, બાદમાં ફરીયાદીએ સ્ટાફને પુછપરછ કરેલ પરંતુ આ ચોરી થયેલ સોનાના દાગીના બાબતે કાઈ જાણવા ન મળતા બાદ તા.૦૬/૦૬/૨૦૨૫ ના શો-રૂમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા તા.૧૫/૦૩/૨૦૨ ૫ ના લોકરની બાજુમા કેશ કાઉન્ટર ઉપર મુકેલ પ્લાસ્ટીકના ડબ્બામાના પ્લાસ્ટીકના પાઉચમા રહેલ દાગીના પૈકી અમુક દાગીના ભરેલ જે પાઉચ આ શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે નોકરી કરતા નૈમીષ જાનીએ ચોરી જતા જોવામાં આવતા હોય જેથી ગઈ તા.૦૩ ના નૈમિષ જાનીને ચોરીના દાગીના બાબતે પુછતા તેને વાત કરેલ કે, મારે દેવું વધી ગયેલ હોય જેથી સોનાના દાગીના ચોરી કરેલ છે, તેમ વાત કરતા શો-રૂમના માલિક મનિષભાઈ ધાડીયાને બનાવની વાત કરેલ હતી.બાદમાં માલીક મનિષભાઈએ સ્ટાફની રૂબરૂમાં નૈમિષ જાનીને વાતચીત કરવા શો રૂમે બોલાવી પુછતા તેને આશરે રૂ.૨૫,૧૨,૫૦૦ ના સોનાના દાગીના ચોરી કરેલ હોવાનુ કબુલ્યું હતું. તેમજ નૈમિષએ દાગીના પરત આપી દેવાનુ જણાવેલ જેથી આ ચોરી અંગે રૂ.૨૫ લાખનું લખાણ કરેલ જેમા તેને સહી કરી આપેલ હતી. જે બાદ તેમના વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

# પડધરી: મોવીયા ગામે મારામારીન ગુનામાં બે શખ્સોના આગોતરા જામીન મંજૂર

## પુત્રવધુને મોકલવા બાબતે વેવાઈ પક્ષ વચ્ચે થયેલી બોલાચાલી મારામારીમાં પરિણમી

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના મોવીયા ગામે પુત્રવધુને મોકલવા બાબતે વેવાઈ પક્ષ વચ્ચે થયેલી માથાકૂટના ગુનામાં પોલીસ ધરપકડની દેહશતથી બે શખ્સોએ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે મંજૂર કરી દીધી છે. વધુ વિગત મુજબ પડધરી નજીક મોવૈયા ગામે બાલાજી પાકમાં રહેતા અને ફૂલનો વેપાર કરતા સાગરભાઈ મનસુખભાઈ સોલંકી હિતેશ મકવાણા સુરેશ મકવાણા અજય મકવાણા અને કમલેશ મકવાણાએ પુત્રવધુ ને મોકલવા બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી લોખંડના પાઈપ વડે મનસુખભાઈ સોલંકી અને તેમના પત્ની ને માર માર્યા અંગેની પડધરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે તમામ સામે અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી હતી ત્યારે સુરેશ અને કમલેશે પોતાના એડવોકેટ મારફત રાજકોટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. આગોતરા જામીન અરજીની સુનાવણી પર આવતા જેમાં સામાપક્ષને સરકારને નોટીસ બજતા સરકારી વકીલ હાજર થયેલ અને પોલીસ ધ્વારા એફીડેવીટ ફાઈલ કરવામાં આવેલ. આરોપી વતી એડવોકેટ સ્તવન જી. મહેતા ધ્વારા ધારદાર દલીલ કરવામાં આવેલ કે, આરોપીઓ હાલના ગુન્હામાં કોઈ ભાગ ભજવેલ નથી. તેઓનો કોઈ ગુનાહીત ઈતીહાસ ન હોય આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ ન હોય અને આરોપીઓએ ગુન્હો આચરેલ ન હોય જેથી આગોતરા જામીન પર મુકત કરવા દલીલ કરેલ જે દલીલ ધ્યાને લઈ સેશન્સ જજે શરતોને આધિન આરોપીઓને આગોતરા જામીન પર મુકત કરવા આદેશ ફરમાવવામાં આવેલો હતો. આરોપીઓ વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ શુકલા, શ્રીકાન્ત મકવાણા, બ્રીજેશ ચૌહાણ, પ્રકાશ ચાવડા તથા મદદનીશ તરીકે નિરજંન ભટ્ટી, નિશાંત ચાવડા, ઋક્ષીત રોહીત અને અભય લખતરીયા રોકાયેલ હતા.

# ઢાંક ગામ ટ્રેક્ટરમાંથી અકસ્માતે નીચે પટકાયેલા ચાલકનું મોત

## મોડીરાત્રે નદી કાંઠે સર્જાયેલા અકસ્માત સર્જાયો, પરિવારમાં શોકનું મોજુ ફેલાયું

**અબતક,રાજકોટ**

ઉપલેટા તાલુકાના ચારેલીયા ગામે નદી કાંઠે ચાલુ ટ્રેકટર માંથી નીચે પડી ગયેલા ચાલકનું ગંભીર ઈજા ના કારણે ના કારણે મોત નીપજયાનો બનાવ ભાયાવદર પોલીસ મથકના ચોપડે નોંધાયો છે.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ઉપલેટા ચારોલીયા ગામ નજીક બેડી નદીના કાંઠે ગત મોડી રાતે ચાલુ ટેકટર માંથી જુગલભાઈ પુનાભાઈ કરોત્રા નામના ૨૦ વર્ષે યુવાન ઢાંકવાળા અકસ્માતે પડી જતા ગંભીર ઈજા થતાં નાકમાંથી અને મોઢામાંથી લોહી નીકળેલી ગંભીર હાલતમાં ઘટના સ્થળે મોત નીપજ્યું હતું આ બનાવ અંગે ભાયાવદર પોલીસે તપાસ હાથ ધરી છે

# શાપર કારખાનામાં બોઈલર ફાટતા યુવાન દાઝ્યો: મોટી દુર્ઘટના ટળી

**અબતક ,રાજકોટ**

સાપર જીઆઈડીસી માં ગોલ્ડન ગેટ નંબર ૨ નજીક આવેલા કાસ્ટિંગના કારખાનામાં મોડી રાત્રે બોઈલર ફાટતા કારખાનામાં કામ કરતા શ્રમજીવી આખા શરીરે દાજી ગયો હતો સદનસીબે મોટી દુર્ઘટના સહેજમાં અટકી હતી. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ શાપર જીઆઈડીસી માં રહેતા અને કાસ્ટિંગના કારખાનામાં કામ કરતા પ્રદ્યુમનભાઈ રામકૃષ્ણ રાજપુત ગઈકાલે રાત્રે ૧૦:૩૦ વાગે કારખાનામાં કામ કરતો હતો ત્યારે કોઈ કારણોસર બોઈલર ફાટતા પ્રદ્યુમનભાઈ આખા શરીરે દાઝી ગયો હતો દાદાની હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે જ્યાં સમયસર ની સારવારથી પ્રદ્યુમન નો જીવ બચી ગયો છે

(પહેલા પાનાનું ચાલું)

### જગનો તાત...

પહેલા વરસાદની આગાહીના પગલે ખેડૂતોએ કપાસિયાનું વાવેતર અને રોપણી કરી દીધી અને વરસાદ ખેંચાયો છે. ૨૨ જૂન સુધીમાં વરસાદ નહિ વરશે તો મગફળી-કપાસના પાક પર જોખમ તોળાઈ રહ્યું છે. ગુજરાતમાં ખરીફ ૨૦૨૫ ની વાવણી કામગીરી શરૂ થઈ ગઈ છે, પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૭૭,૦૬૭ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે, જે રાજ્યના સરેરાશ ખરીફ વાવણી (૮.૫૬ મિલિયન હેક્ટર) ના માત્ર ૦.૯૦% છે. રાજ્ય કૃષિ વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, મગફળી, કપાસ અને શાકભાજીની વાવણીમાં આંશિક પ્રગતિ જોવા મળી છે, જ્યારે મુખ્ય અનાજ પાકો હજુ પણ ખેતરોમાંથી ગાયબ છે. ખરીફની શરૂઆતમાં મગફળી સૌથી આગળ છે, અત્યાર સુધીમાં ૩૧,૧૧૦ હેક્ટરમાં વાવણી થઈ છે (સામાન્ય વિસ્તારના ૧.૭૮%). કપાસનું પણ સારું પ્રદર્શન થયું છે, ૩૪,૦૧૧ હેક્ટરમાં વાવણી થઈ છે (૧.૩૪%). શાકભાજીનું વાવેતર ૫,૧૪૪ હેક્ટરમાં થયું છે, જે ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ (૧.૯૬%) છે. તેલીબિયાંનો કુલ વાવેતર વિસ્તાર ૩૧,૨૨૫ હેક્ટર છે, જેમાં મગફળીનો હિસ્સો સૌથી મોટો છે. સોયાબીન અને એરંડાનું વાવેતર નહિવત્ છે.

### સરકારી બેંકો...

વાજબી મૂલ્યાંકન પર વેપાર કરે છે, ત્યારે સંબંધિત વૃદ્ધિ મંદીના વર્તમાન જોખમને સંપૂર્ણપણે મૂલ્ય આપવામાં આવશે નહીં.‘‘

ખાનગી ક્ષેત્રની બેંકો જાહેર ક્ષેત્રની બેંકો તરફથી આ વધતી આક્રમકતા અને પરિણામે વૃદ્ધિ અને નફાકારકતાના દબાણમાં વધારોનો વિરોધ કરી રહી છે. ઘણા મોટા, સક્ષમ સ્પર્ધકો છે, જેમની કિંમત પણ નોંધપાત્ર રીતે ઓછી છે,‘‘ આઈસીઆઈસીઆઈ બેંકના ગ્રુપ સીએફઓ અનિંદ્ય બેનર્જીએ ૧૯ એપ્રિલના રોજ તેમના પોસ્ટ-અર્નિંગ એનાલિસ્ટ કોલમાં જણાવ્યું હતું. ‘‘તે વૃદ્ધિના સંદર્ભમાં કેટલાક પડકારો ઉભા કરે છે, પરંતુ મને લાગે છે કે તે જીવનનો એક ભાગ છે. તેથી, આપણે આગળ વધતાં તેનો સામનો કરવો પડશે અને નફાકારક વૃદ્ધિ ટકાવી રાખવા માટે આપણે અન્ય પરિબળો કેવી રીતે ભજવી શકીએ તે જોવું પડશે.‘‘ એચડીએફસી બેંક પણ ઘણા ક્વાર્ટરથી આ જ સમસ્યાનો સામનો કરી રહી છે. ‘‘છેલ્લા ૧૨ મહિના, ૧૮ મહિનામાં અમે જોયું છે કે મોટી-ટિકિટ કોર્પોરેટ લોન અને મોટી-ટિકિટ એસએમઈ લોન સ્પર્ધાત્મક રહી છે, ખાસ કરીને કેટલીક જાહેર ક્ષેત્રની સંસ્થાઓ તરફથી, જ્યાં વૃદ્ધિ એક ઉદ્દેશ્ય છે અને જરૂરી માર્જિન કે વળતર નહીં. અમે જોયું છે કે તેના પર કિંમતો ખૂબ ઓછી રહી છે,‘‘ એચડીએફસી બેંકના મુખ્ય નાણાકીય અધિકારી શ્રીનિવાસન વૈદ્યનાથને એપ્રિલમાં જણાવ્યું હતું.

આરબીઆઈના ડેટા અને બર્નસ્ટેઈન વિશ્લેષણ દર્શાવે છે કે ૨૦૧૧ ની શરૂઆતમાં જાહેર અને ખાનગી બેંકોના લોન વૃદ્ધિ વચ્ચેનો તફાવત લગભગ ૪% હતો. ૨૦૧૬ માં તે ૨૦% ની ટોચ પર પહોંચ્યો. કોવિડની શરૂઆત સાથે વૃદ્ધિ તફાવત ઘટવા લાગ્યો જ્યારે તે ફરીથી ૪% પર આવી ગયો.

### ૨૦૨૯ પછી...

પ્રદેશ કાયદા (સુધારા) બિલ, ૨૦૨૪ સંસદમાં રજૂ કરવામાં આવ્યા છે. આ ફેરફાર હેઠળ, ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓ પછી ચૂંટાયેલી તમામ રાજ્યની વિધાનસભાઓની મુદત ઘટાડવામાં આવશે જેથી તેમને ૨૦૩૪ ની સામાન્ય ચૂંટણીઓ સાથે સુમેળ કરી શકાય.

‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ ના આ પ્રસ્તાવ પર રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષ અને રાજસ્થાનના પાલીથી ભાજપના સાંસદ પી. પી. ચૌધરીએ જણાવ્યું હતું કે ૨૦૨૭ પછી જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે તેમનો કાર્યકાળ ટૂંકો રાખવામાં આવશે. ઉદાહરણ તરીકે, ૨૦૩૨માં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ ફક્ત બે વર્ષના સમયગાળા માટે હોઈ શકે છે જેથી ત્યાંની વિધાનસભા ૨૦૩૪માં લોકસભાની ચૂંટણીઓ સાથે એકસાથે યોજાઈ શકે.

બંધારણ સુધારા બિલ મુજબ, રાષ્ટ્રપતિ ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ પછી લોકસભાની પ્રથમ બેઠકની તારીખના આધારે એક સૂચના જારી કરી શકે છે, જેમાં આગામી સામાન્ય ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવશે. ત્યારબાદ ચૂંટાયેલી તમામ રાજ્ય વિધાનસભાઓ તે લોકસભાના પાંચ વર્ષના કાર્યકાળ સુધી મર્યાદિત રહેશે. જો લોકસભા કે કોઈપણ રાજ્ય વિધાનસભા પાંચ વર્ષ પૂરા થાય તે પહેલાં વિસર્જન કરવામાં આવે છે, તો તે જ કાર્યકાળના બાકીના સમયગાળા માટે નવી ચૂંટણીઓ યોજવામાં આવશે. આનો હેતુ એ છે કે આગામી ચૂંટણી સમાન સમાન ચૂંટણી ચક્રમાં આવે.

જોકે, બિલમાં એવી પણ જોગવાઈ છે કે જો ચૂંટણી પંચ એવો અભિપ્રાય આપે કે તે સમયે કોઈ ચોક્કસ રાજ્યમાં ચૂંટણી યોજવી શક્ય નથી, તો તે આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને ભલામણ કરી શકે છે. આ પછી, રાષ્ટ્રપતિ તે રાજ્યની ચૂંટણી પછીની તારીખે યોજવાનો આદેશ આપી શકે છે.

### ટ્રમ્પ એકાઉન્ટ...

એકંદર શેરબજારમાં ઉછાળો લાવશે.‘‘

માતાપિતા અથવા વાલીઓ આ ખાતાઓનું સંચાલન કરશે, જેમાં ખાનગી સ્રોતોમાંથી વાર્ષિક ૫,૦૦૦ સુધીના વધારાના યોગદાનની મંજૂરી અપાશે. આ યોજનાને માઈકલ ડેલ, ઉબેરના દારા ખોસરોશાહી, ગોલ્ડમેન સેશના ડેવિડ સોલોમન અને રોબિનહૂડના વ્લાદિમીર ટેનેવ સહિત અનેક અગ્રણી સીઈઓ તરફથી મજબૂત સમર્થન મળ્યું છે, જેમણે ‘‘ટ્રમ્પ એકાઉન્ટમાં લાખો ડોલરનું યોગદાન આપવા‘‘ પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ગૃહના સ્પીકર માઈક જોહ્નસનને પણ આ યોજનાની પ્રશંસા કરતા તેને ‘‘બોલ્ડ, પરિવર્તનશીલ નીતિ‘‘ ગણાવી હતી જે ‘‘દરેક લાયક અમેરિકન બાળકને પહેલા દિવસથી જ નાણાકીય રીતે મજબૂત બનાવે છે.‘‘

જોકે, આ યોજના ટ્રમ્પના ‘‘એક મોટા, સુંદર બિલ‘‘ નો ભાગ છે, જે કોંગ્રેસનલ બજેટ ઓફિસ અનુસાર, આગામી દાયકામાં રાષ્ટ્રીય દેવામાં ૨.૪ ટ્રિલિયન ઉમેરી શકે છે. બજેટ ઓફિસે મેડિકેડ અને ખાદ્ય સહાયમાં કાપ સહિતના પ્રસ્તાવિત ફેરફારો અંગે પણ ચેતવણી આપી છે, જેનાથી ૨૦૩૪ સુધીમાં લગભગ ૧૧ મિલિયન વધુ અમેરિકનો આરોગ્યસંભાળ વિનાના રહી શકે છે.

ટીકાઓ છતાં, ટ્રમ્પ આશાવાદી છે કે આ યોજના ‘‘લાભાર્થીઓને ખરેખર જીવનમાં મોટો ઉછાળો‘‘ આપશે. જોહ્નસનને કાયદા નિર્માતાઓને આ ‘‘વૃદ્ધિ તરફી કાયદા‘‘ ને સમર્થન આપવા વિનંતી કરી છે. આ બિલ ગૃહમાં પસાર થઈ ચૂક્યું છે પરંતુ સેનેટમાં અવરોધોનો સામનો કરી રહ્યું છે.

### વિસાવદર...

આવ્યા હતા. આ બેઠક પર સૌ પ્રથમવાર ધારાસભ્ય તરીકે મુસ્લિમ મહિલા ઉમેદવાર મદીનાબેન નાગોરી ચૂંટાય આવ્યા હતા. ૧૯૬૨, ૧૯૭૨ અને ૧૯૮૫માં આ બેઠક પર કોંગ્રેસનું વર્ચસ્વ હતું. ૧૯૯૫થી આ બેઠક પર કેશુભાઈ પટેલના કારણે ભાજપ વધુ મજબૂત બન્યું. કનુભાઈ ભાલાળાએ પણ અહી કમલને વધુ મજબુત પ્રદાન કરી આ બેઠક પર જનતાદળ, કેએસપી, અને જીપીપી જેવા પક્ષો પણ મેદાન મારી ચૂકયા છે. ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ભુપતભાઈ ભાયાણીએ વિસાવદર બેઠક પરથી ચુંટણી જંગ લડવા અને ધારાસભ્ય બન્યા તેઓએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા આગામી ૧૯મી જુનના રોજ વિસાવદર બેઠકની પેટા ચુંટણી માટે મતદાન યોજવાનું છે.

જેમાં ભાજપના ઉમેદવાર કિરીટભાઈ પટેલ, આમ આદમી પાર્ટીના ગોપાલભાઈ ઈટાલીયા અને કોંગ્રેસના નીતીનભાઈ રાણપરિયા વચ્ચે જંગ છે હવે વિસાવદરના મતદારો પોતાને મિજાજ બદલશે કે યથાવત રાખશે તેના પર મદાર છે. આ બેઠક પર ૨,૫૮,૧૦૪ મતદારો છે. જેમાં ૧,૩૪,૮૭૦ પુરૂષ મતદાર અને ૧,૨૩,૨૩૨ મહિલા મતદાર છે.

આ બેઠક પર સૌથી વધુ ૧,૩૫,૦૦૦ પાટીદાર મતદારો છે. જેનો સિધ્ધો અર્થ એવો થાય છે કે પાટીદારો જેના પર રિઝે તેનો રાજકીય સુર્યાદય થાય પરંતુ આ બેઠક પર પાટીદાર સમાજે કયારેય કોઈ એક પાર્ટી પર સતત પ્રેમ વરસાવવાનું ચાલુ રાખ્યું નથી. તમામને આવકાર્યા છે. અને સમય આવતા જાકારો પણ આપી દીધો છે. બીજા ક્રમે ૨૧૦૦૦ દલીત મતદારો, ત્રીજા ક્રમે ૨૦૦૦૦ કોળી, મતદારો અને ચોથા ક્રમે ૧૨૦૦૦ જેટલા મુસ્લિમ મતદારો છે.

વિસાવદર બેઠક પર ત્રિપાંખીયો જંગ છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ અહી પાટીદાર સમાજને ટિકીટ આપી છે હવે જયારે મતપેટી (ઈવીએમ) ખુલશે ત્યારે ખબર પડશે કે વિસાવદરવાસીઓ કોના પર રિઝયા છે. કોઈપણ રાજકીય પંડિત આ બેઠક અંગે સચોટ આગાહી કરતો નથી. ભરેલા નાળીયેર જેવી સ્થિતિ છે. ત્રણેય પક્ષો એડી ચૌટીનું જોર લગાવી રહી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ

સ્વામીના અધ્યક્ષ સ્થાને આ ગુરૂકુલ માત્ર ઉદઘાટિત થયું નથી, પણ દર્ભાવતી નગરીના ભવિષ્ય માટે નવો અધ્યાય લખાયો છે. ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સામાન્ય રીતે કોઈપણ શૈક્ષણિક સંસ્થા જ્યારે વ્યાવસાયિક લોકો ચલાવે ત્યારે તેમાં નફાકારક દ્રષ્ટિકોણ હોય છે, પણ જ્યારે સંતો સંસ્થા ચલાવે છે, ત્યારે તેમાં સેવાના ભાવ સાથે સંસ્કારનો સાર હોય છે, એ વાતને સમાજે અનુભવેલી છે. નૌતમ સ્વામિએ સ્વામિનારાયણ ગુરુકુળની પ્રવૃત્તિની રૂપરેખા પ્રસ્તુત કરી હતી.

### બોમ્બ વિસ્ફોટ

હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે બપોરે ૧.૪૫ વાગ્યા પછી કોર્ટની પ્રવૃત્તિ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. રજિસ્ટ્રાર જનરલ દ્વારા સહી કરાયેલી ઔપચારિક નોટિસમાં વકીલો અને કોર્ટ કર્મચારીઓને અવિરત સુરક્ષા નિરીક્ષણની સુવિધા માટે પરિસર ખાલી કરવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, સર્ચ દરમિયાન કંઈપણ શંકાસ્પદ સામગ્રી મળી નથી. જો કે, તેમણે જણાવ્યું હતું કે, કોર્ટ પરિસરમાં હાજર બધા માટે સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતીનાં પગલાં જરૂરી છે. કોઈ ભૌતિક ઉપકરણ ન મળ્યું હોવા છતાં, દિવસભર સુરક્ષા હાજરી યથાવત રહી હતી.

પોલીસે જણાવ્યું હતું કે કોઈપણ ઘટનાને પહોંચી વળવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડને હાઈકોર્ટમાં બોલાવવામાં આવી હતી. સોલા પોલીસે ઈમેઈલના મૂળ શોધવા માટે તપાસ શરૂ કરી છે.હજુ સુધી કોઈ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ થઈ નથી.

ઉલ્લેખનીય બાબત છે કે, છેલ્લા એક માસમાં ગુજરાતમાં ચાર વાર બોમ્બ વિસ્ફોટની ધમકીઓ આપવામાં આવી છે. અગાઉ ૭ મેના રોજ જેકે પાકિસ્તાન નામના ઈમેઈલ આઈડી પરથી મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકી મળી હતી. બાદના ૩ જૂને અમદાવાદની જીનીવા સ્કૂલને, ૪ જૂને ઈન્ડિગો ફ્લાઈટને ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી.

### રોહિતકુમાર

હેબિટેટમાં નાયબ કાયમી પ્રતિનિધિ તરીકે પણ ફરજ બજાવી હતી. ઓખાના દરિયાકાંઠાના શહેરથી લા પાઝના ઉચ્ચપ્રદેશ સુધીની તેમની આ ’અનન્ય’ યાત્રા સિવિલ સેવામાં જોડાવા માટેના તેમના નિર્ધારને દર્શાવે છે. પોરબંદરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એલએલબી અને ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા એમએ ની ડિગ્રી મેળવ્યા બાદ, તેમણે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા) માંથી સિવિલ સેવા પરીક્ષાઓની તૈયારી કરી હતી.

અમદાવાદમાં સિવિલ સેવાઓની તૈયારી દરમિયાન, વઢવાનાને તેમના જીવનસાથી ફેમિદા શેખ મળ્યા અને બંનેએ લગ્ન કર્યા. આંતર-ધાર્મિક લગ્નના પડકારોનો સામનો કરવા માટે તેમણે એક વર્ષનો વિરામ પણ લીધો હતો. આ દંપતી હાલમાં લા પાઝમાં નવા મિત્રો બનાવી રહ્યા છે, જ્યારે વઢવાનાનો પરિવાર, જેમાં તેમના માતાપિતા અને બહેનનો સમાવેશ થાય છે, હજુ પણ ઓખામાં રહે છે.

રોહિતકુમાર વઢવાનાએ જણાવ્યું હતું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય બોલિવિયામાં ભારતની સોફ્ટ અને હાર્ડ પાવરને પ્રોત્સાહન આપવાનો છે. ‘‘આજે આ મહત્વપૂર્ણ છે કારણ કે બોલિવિયા આ વર્ષે તેની સ્વતંત્રતાના ૨૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે, અને ભારતે અહીં રાજદ્વારી મિશન ખોલવું એ દ્વિપક્ષીય સંબંધોમાં પ્રતીકાત્મક રીતે ઉચ્ચ બિંદુ છે,‘‘ તેમણે કહ્યું. ભારત અને બોલિવિયા વચ્ચેનો વેપાર, જે ગયા નાણાકીય વર્ષમાં લગભગ ૨.૩ બિલિયનનો હતો, તે બોલિવિયાથી સોનાની નિકાસ પરના પ્રતિબંધને કારણે અડધા અબજ ડોલરથી ઓછો થઈ ગયો છે. રાજદૂત તરીકે, તેઓ દ્વિપક્ષીય વેપાર વધારવા અને માળખાગત સુવિધાઓ, ખાણકામ, ખનિજો અને ઊર્જા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કટિબદ્ધ છે.

### ફાર્મસી કોલેજો

આવશે. ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીનું ફાઈનલ મેરીટલીસ્ટ અને મોક રાઉન્ડનું પરિણામ આગામી ૧૭મી જૂનના રોજ જાહેર કરવામાં આવશે. હાલની સ્થિતિમાં ફાર્મસીની સરકારી કોલેજોમાં ૬૮૯૭ અને મેનેજમેન્ટ કવોટાની ૪૮૪૭ બેઠકો મળીને કુલ ૧૪૬ કોલેજોમાં ૧૧૬૮૪ બેઠકો ઉપલબ્ધ છે. પ્રવેશ સમિતિ દ્વારા મોક રાઉન્ડમાં ૬૮૯૭ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મેનેજમેન્ટ કવોટાની ૪૮૪૭ બેઠકો પર જે તે સ્વનિર્ભર કોલેજ દ્વારા પોતાની રીતે કાર્યવાહી કરવામાં આવશે. આગામી દિવસોમાં હજુ કેટલીક નવી કોલેજને પણ મંજુરી મળે તેવી શકયતાં છે. વિદ્યાર્થીઓને મોક રાઉન્ડમાં વધુમાં વધુ કોલેજોની ચોઈસ ફિલિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

### ગાયત્રી ટ્રસ્ટ

સ્કૂલના આચાર્ય અને જિલ્લા શિક્ષણ અધિકારીને પત્ર લખ્યાં છતાં કોઈ કાર્યવાહી ન થતાં ફરિયાદીએ ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીનો સંપર્ક કર્યો હતો. મેનેજીંગ ટ્રસ્ટી ગુણવંતરાય ચુનીલાલ ખીરા, (ઉ.વ.૭૪,) અને હાઈસ્કૂલના કલાર્ક ધરમેન્દ્ર ભાનુશંકર ખીરા (ઉ.વ.૫૫) એ સાથે મળી ટ્રસ્ટના લેટરપેડમાં તમારા તમામ બિલ બરોબર છે તેમ લખવા પેટે રૂ.૩ લાખની લાંચ માંગી હતી. જે બાદ રકઝકના અંતે રૂ.૨ લાખમાં નક્કી થયું હતું.

જો કે, ફરિયાદી લાંચ દેવાં માંગતા ન હોય જેથી તેઓએ તુરંત રાજકોટ શહેર એસીબીનો સંપર્ક સાધ્યો હતો. જેથી એસીબી પીઆઈ આર.આર.સોલંકી અને ટીમે ટ્રેપ ગોઠવી હતી. જેમાં આરોપીઓએ પોતાના વાણીયાવાડીમાં આવેલ મકાને લાંચ લેવાં બોલાવ્યા હતાં અને લાંચ રૂ.૨ લાખ સ્વીકારતાં ટ્રસ્ટી ગુણવંતરાય ખીરા અને કલાર્ક ધર્મેન્દ્ર ખીરાને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધાં હતાં.

બંને શખ્સોની ધરપકડ બાદ સુરેન્દ્રનગર એસીબીની ટીમે તપાસ હાથ ધરી બંને આરોપીના રીમાન્ડ મેળવવા તજવીજ આદરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી ૭૪ વર્ષીય ગુણવંતરાય ખીરા અને ધર્મેન્દ્ર ખીરા સગા કાકા ભત્રીજા થાય છે.


### કોરોના

છે. આ તમામ વેરિઅન્ટ સામાન્ય પ્રકારના જ હોવાના કારણે લોકોએ બહુ ચિંતા કરવાની આવશ્યકતા નથી.

દરમિયાન આજે રાજકોટમાં કોરોનાના નવા ૯ કેસ નોંધાયા છે. મલેરિયા અને મુંબઈની ટ્રાવેલીંગ હિસ્ટી ધરાવતા દર્દીઓ સંક્રમિત થયા છે. વોર્ડ નં.૮ માં કાલાવડ રોડ પર ૩૬ વર્ષીય યુવાન નરશી પાર્કમાં ૩૨ વર્ષીય યુવાન, અને મયુરનગરમાં ૨૬ વર્ષીય યુવાન, વોર્ડ નં.૩ માં વર્ધમાનનગરમાં ૨૬ વર્ષીય યુવાન, અને આકાશદીપ સોસાયટીમાં ૪૪ વર્ષીય મહિલા, વોર્ડ નં. ૭ માં હેમુ ગઢવી હોલ પાછળ યુવતિ, વોર્ડ નં. ૧૪માં કેવડાવાડી વિસ્તાર અને વોર્ડ નં. ૧૭માં રાજલક્ષ્મી સોસાયટીમાં ૬૯ વર્ષીય વૃધ્ધ કોરોના સંક્રમિત થયા છે.રાજકોટમાં આજ સુધીમાં કોરોનાના કુલ ૧૧૪ કેસ નોંધાયા છે. જે પેકેટ ૫૦ ટકાથી વધુ દર્દીઓ એટલે કે ૬૧ દર્દીઓએ કોરોનાને મ્હાત કર્યા છે. જયારે ૫૩ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. મલેરિયા અને મુંબઈની ટ્રાવેલ્સ હિસ્ટ્રી ધરાવતા વ્યકિતઓ કોરોનાથી ઝપટમાં આવી ગયા છે. આજે નોંધાયેલા નવ કેસમાં આઠ દર્દીઓ યુવા છે. રાજયભરમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. દેશમાં ગુજરાત બીજા ક્રમે છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** ઔદિચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ ઈશિત કમલેશભાઈ પંચોલી (ઉ.વ. ૨૬) તે કમલેશભાઈ પંચોલીના પુત્ર, સ્વ.જનકરાય મગનલાલ પંચોલીના પૌત્ર તેમજ જયંતભાઈના નાનાભાઈના પુત્ર તે પ્રિયંકા દીપભાઈ ભટ્ટના નાનાભાઈ તથા કલ્પેશ ચંપકલાલ ત્રિવેદી અને સોહિલ ચંપકલાલ ત્રિવેદીના ભાણેજનું તા.૯ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનુ બંને પક્ષનું બેસણું તા.૧૨ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ૪-ધરમનગર કો. ઓપ. સોસાયટી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ-રાજકોટ ખાતે રાખેલ છે.

**લોધીકાઃ** રામાનંદી સાધુ કોઠાપીપળીયા નિવાસી હરેશભાઈ ભગવનદાસજી અગ્રાવત (ઉ વ.૬૪ ) તે સ્વ.ભગવાનદાસજી શામદાસજી, શાંતાબેન ના પુત્ર, સ્વ.જયંતીલાલ, મહેન્દ્રભાઈ, ચંદ્રિકાબેનના નાનાભાઈ, દિલીપભાઈ, ચેતનભાઈ, હાર્દિકભાઈ, સંજયભાઈ, સાગરભાઈ, હર્ષાબેન ના કાકા, ક્રિષ્નાબેનના પિતાનું તારીખ ૬/૬ ને શુક્રવાર ના રોજ અવસાન પામેલ છે તેમનું બેસણું તારીખ ૧૨/૬ ને ગુરુવારે, તેમજ તેમની દશા તારીખ ૧૬/૦૬ ૫ ને સોમવાર અને પાણીઢોળ તારીખ ૧૭/૦૬ ને મંગળવાર ના રોજ રાખેલ છે

**રાજકોટઃ** પોપટલાલ જીવાભાઈ કકકડના પુત્રી ઈન્દુબેન કકકડ (ઉ.વ.૭૯) નં તા. ૯-૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા. ૧૨-૬ ને રોજ સાંજે પાંચ વાગ્યાથી છ વાગ્યા સુધી રાખેલ છે. પ્રેમિલાબેન કકકડ મો. નં. ૯૬૬૨૩ ૫૭૨૨૧, ડો. હેમંતકુમાર વાર્ષનીય મો. નં. ૮૫૧૧૦ ૭૨૯૨૩ અને ડો. ચંદ્રિકાબેન વાર્ષનીય મો. નં. ૯૩૭૪૧ ૦૩૦૬૦ પર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# દ્વારકા: ખાનગી લેબમાં એક્સપાયર્ડ કોરોના ટેસ્ટ કીટનો ઉપગોગ કરાતા હડકંપ

## પ્રજાના આરોગ્ય સાથે ચેડા બલ આરોગ્ય અધિકારી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી

અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા, મીઠાપુર અને સલાયામાં કોરોનાના એકાદ-બે કેસ આવ્યાની જાણ થવાની સાથે આરોગ્ય તંત્ર હકરતમાં આવ્યું હતું. તથા જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ચીરાગ ચોબીયા દ્વારા ચેકીંગ કરાવાતા બેબઅઢી વર્ષ પહેલાની જૂની ટેસ્ટીંગ કીટ જે આઉટ ઓફ ડેઈટ થયેલ હોય તેમાં ખાનગી ટેસ્ટીંગ થતું હોવાનું બહાર આવતા કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. દ્વારકામાં એક ખાનગી લેબના ટેસ્ટીંગમાં



કોરોના પોઝીટીવનું સેમ્પલ જી.જી. હોસ્પિટલમાં ટેસ્ટીંગ થતા રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો. જયાં જયાં શંકાસ્દ હોય તેવા તમામ લોકોના સેમ્પલ જામનગર જી.જી. હોસ્પીટલમાં મોકલવા વ્યવસ્થા કરાઈ છે અને ત્યારબાદ જ પોઝીટીવ હશે તેની સત્તાવાર જાહેરાત કરાશે. જૂની આઉટ ઓફ ડેઈટ કીટને ટેસ્ટીંગ કીટ તરીકે ઉપયોગ કરનારા ખાનગી લેબવાળા સામે કડક કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# સુરેન્દ્રનગર: પ્રોલોબીટીની મંજુરીમાં સરકારની ઢીલના કારણે અનેક પરિવારો અનાજથી વંચિત

## રેશનકાર્ડ હોવા છતાં મંજુરીના વાંકે રાશનીંગ દુકાનદારો અનાજનું વિતરણ નથી કરી શકતા: સત્વરે મંજુરી આપવા કાર્ડ ધારકોની માંગ

અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સરકાર દ્વારા વન નેશન વન કાર્ડની મોટી મોટી વાતો અને જાહેરાતો કરવામાં આવે છે પરંતુ સસ્તા અનાજના દુકાનદારો ને પ્રોલોબીટીની મંજુરી આપવામાં ન આવતા અનેક ગરીબ પરિવારો અનાજથી વંચીત રહે તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે આ મામલે સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરી પ્રોલોબીટીની મંજુરી આપવામાં આવે તેવી અનાજથી વંચીત રેશનકાર્ડ ધારકોએ સ્થાનીક તંત્રને લેખીત રજુઆત કરી છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લામાં પઢાર જ્ઞાતીના લોકો પોતાના



પરિવારનું ગુજરાન ચલાવવા માટે સુરેન્દ્રનગર કામ ધંધા અર્થે આવ્યા છે પરંતુ સરકારના નિયમના કારણે રેશનકાર્ડ હોવા છતાં મળવાપાત્ર અનાજથી વંચીત રહેવાનો વારો આવ્યો છે. આ તમામ પરિવારો ગરીબ હોવાથી રેશનકાર્ડ પર મળતું અનાજ તેમના માટે આર્શિવાદ સમાન છે પરંતુ સરકાર દ્વારા પ્રોલોબીટીની મંજુરી રાશનીંગ દુકાનદારોને આપવામાં ન આવતા આ તમામ પરિવારો પાસે રેશનકાર્ડ હોવા છતાં સરકારના નિયમ મુજબ તેઓને મળવાપાત્ર અનાજનો જથ્થો વિતરણ કરી શકતા નથી જેના કારણે આવા પરિવારોને રેશનકાર્ડ પર મળતા અનાજથી વંચીત રહેવાનો વારો આવ્યો છે અને ન છૂટકે બહારથી રૂપિયા ખર્ચી અનાજ મેળવવું પડે છે. એક તરફ સરકાર દ્વારા વન નેશન વન કાર્ડ મતલબ સમગ્ર દેશમાં એક જ રેશનકાર્ડને માન્ય રાખી રેશનકાર્ડધારક દેશના કોઈપણ ખુણેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે પરંતુ સરકારની બેદરકારી અને અણઆવડતના કારણે પ્રોલોબીટીના નિયમની આંટી ઘુટીના કારણે અનેક પઢાર પરિવારોને અનાજ નથી મળી રહ્યું ત્યારે સરકારની જાહેરાતો માત્ર કાગળ પર જ હોય તેમ લાગી રહ્યું છે અને આ મામલે યોગ્ય કાર્યવાહી કરી રાશનીંગ દુકાનદારોને પ્રોલોબીટીની મંજુરી આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સોમનાથ: સ્વ.હીરાબેન સતીકુંવરની ૨૫મી પૂણ્યતીથી નિમિતે યોજાયો સર્વરોગ નિદાન કેમ્પ

અબતક, જયેશ પરમાર, સોમનાથ

સોમનાથ મહાદેવ ના સાનિધ્ય માં સોમનાથ ટ્રસ્ટ ના સાથ સહયોગ સાથે આજરોજ સ્વ પુનમ બેન સોની સ્વ અરવિંદ ભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુવર ની પ્રેરણા અને સ્વ સ્વ રણધીર ભાઈ જીવા ભાઈ પરમાર સ્વ માતૃશ્રી જલુ બેન રણધીર ભાઈ પરમાર ના આશીર્વાદ અને પ્રેરણા થી કૌસ્તુભ ડીફેનસ ટ્રેનીંગ સેન્ટર પ્રમુખ મીના બેન જાદવ દ્વારા એક્સ આર્મી મુકેશ સિંહ ઝાલા સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર ની પુણ્યતિથી નિમિત્તે વ્યસન મુક્તિ કાર્યક્રમ સહિત સર્વ રોંગ નીદાન કેમ્પ નું આયોજન



કરવામાં આવ્યું જેનો ભવ્ય શુભારંભ ગીર સોમનાથ જીલ્લા કલેકટર સાહેબ ઉપાધ્યાય બ્રહ્મ સમાજ ના અગ્રણી ભાસ્કર ભાઈ જોષી ભારતીય જનતા પાર્ટીના જુનાગઢ ઉપ પ્રમુખ રામસિંહ ભાઈ ડોડીયા ભગવાન ભાઈ સોલંકી તુલશી ભાઈ ગોહિલ અને ડો દીનેશભાઈ બારડ ની ઉપસ્થિતિ સાથે શુભારંભ કર્યો હતો જેમાં જીલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ નું આયોજન આ કાર્ય ને સફળ બનાવવા મીના બેન જાદવ દ્વારા.સુદર આયોજન કરાયું.

# અમરેલી: ધારાસભ્ય કૌશિક વેકરીયાના જન્મદિવસની સેવા, સન્માન અને સૌજન્ય સાથે ઉજવણી

## સી.આર.પાટીલની સરપ્રાઈઝ હાજરીથી જન્મદિવસની ઉજવણીમાં ચાર ચાંદ લાગ્યા

અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી

અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના આજે જન્મ દિવસ નિમિત્તે અમરેલી વિધાનસભા વિસ્તારમાં અલગ અલગ રીતે સામાજિક સંસ્થાઓ યુવાનો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન સી.આર. પાટીલે મુલાકાત લીધી હતી ,પ્રથમ કૌશિક વેકરીયાના વતન અમરેલી તાલુકાના દેવરાજીયા આંગણવાડી ખાતે માસૂમ ભૂલકાઓ સાથે કેક કાપી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી, બાદ અમરેલી





તાલુકાના બાબાપુર ગામમાં સર્વોદય સરસ્વતી મંદિરના બાલઘર ખાતે વેકરીયાના હસ્તે વિશિષ્ટ બાળકોને સ્કૂલબેગ સહિત કીટ વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ વાગે જાળીયા ગામમાં સિંદૂર વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.જ્યાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ ઉપસ્થિત રહી સરપ્રાઈઝ આપી હતી.

જેમાં ૨૫૧ બોટલ રક્ત એકત્રિત કરાયું હતું. અમરેલી શહેરમાં મણીનગર માનસિક વિકાસ કેન્દ્રમાં બાળકો માટે સ્કૂલ બેગ તથા ભોજન સમારંભ અને મોટી કુંકાવાવમાં અલગ અલગ વિસ્તારમાં રાશન કીટ, વિતરણ શાળામાં એજ્યુકેશન કીટ વિતરણ, દવાખાનામાં ફ્રુટ વિતરણ, અજા વિસ્તારમાં બાળકો માટે કપડા ચપલ, રામરોટી ભોજનાલય ખાતે જરૂરિયાતમંદો માટે ભોજન સમારંભનું સહિતનું આયોજન કરવામાં આવ્યું હતું આમ દિવસ ભર અલગ અલગ સામાજિક સંસ્થાઓ અને કાર્યકરો અને મતદારો દ્વારા કૌશિક વેકરીયાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# પડધરીમાં પંચની મેલડી માઁ યુવા ગ્રુપ આયોજીત સમુહલગ્નમાં ૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા

## જ્ઞાતિના આગેવાનોએ એકત્ર થઈ સમૂહ લગ્નનું સફળ આયોજન કરી એકતાનું મિશાલ આપી

અબતક, જામનગર

પડધરી : પડધરીમાં જય હો પંચની મેલડી માઁ યુવા ગ્રુપ દ્વારા ગત રવિવારના રોજ સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ વેળાએ મોટી સંખ્યામાં આગેવાનોએ હાજરી આપી હતી.




પડધરીમાં મામલતદાર કચેરી સામે પંચની મેલડી માતાજીનું મંદિર છે. જે સમગ્ર પડધરી પંથકમાં આસ્થાનું પ્રતીક છે. અઢારેય વરણ અહીં મેલડી માતાજી પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે. ત્યારે અહીંના જય હો પંચની મેલડી માઁ યુવા ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારની ૫ દીકરીઓના સમૂહ લગ્ન યોજવામાં આવ્યા હતા. આ સમૂહ લગ્નમાં વિવિધ જ્ઞાતિના દાતાઓએ સહયોગ આપ્યો હતો. મંડપ મુહૂર્ત, જાન આગમન, હસ્ત મેળાપ અને ત્યારબાદ ભોજન સમારોહ યોજવામાં આવ્યો હતો. બાદમાં દીકરીઓને કરીયાવર સાથે વળવવામાં આવી હતી. આ સમુહલગ્નને સફળ બનાવવા ગ્રુપના કમિટી મેમ્બર ભુપતભાઈ ટોયટા, વિમલભાઈ જોશી, રામજીભાઈ ગોહિલ (હેમુ સાહેબ), રામભાઈ મૂંધવા, વનરાજસિંહ જાડેજા, નીતિનભાઈ રોજાલા, કિશોરપરી, ભાવિનભાઈ અગ્રાવત, કાનાભાઈ પરમાર અને જયદીપભાઈ રાવળદેવ તેમજ મોટી સંખ્યામાં હિન્દૂ આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# જસદણમાં ગરીબોના ઝુંપડાનું ડિમોલીશન અટકાવવા ચાર નગરસેવકો મેદાને

## વોર્ડ નં.૨ના ભાજપના બીજલ ભેંસજાળીયા, જલ્પાબેન કુબાવત, કાજલબેન ઘોડકીયા અને વિરમ મેવાડા ડિમોલીશન રોકવામાં નહી આવે તો ચારેય સભ્યોએ આપી રાજીનામાની ચીમકી



અબતક, હિતેશ ગોસાઇ, જસદણ

જસદણ નગરપાલિકાના વોર્ડ નં.૨ ના ભાજપના ચારેય સભ્ય બીજલભાઈ ભેંસજાળીયા, જલ્પાબેન કુબાવત, કાજલબેન ઘોડકીયા અને વિરમભાઈ મેવાડાએ જસદણ પ્રાંત અધિકારી અને જસદણ મામલતદારને લેખીત રજુઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે, વોર્ડ નં.૨ નાં ભારતીય જનતા પાર્ટીના ચારેય જસદણ નગરપાલિકાના નગર સેવકો આપને જણાવીએ છીએ કે છેલ્લા ઘણા દિવસોથી વોર્ડ નં.૨ માં આવેલ કમળાપર રોડ ઉપર આવેલ અંબાજી મંદિર પાસેના વિસ્તારમાં રહેતા દેવીપૂજક સમાજના ગરીબ પરિવારનાં લોકોને રહેણાંક કાનનું દબાણ દુર કરવા બાબતેની નોટીસો આપવામાં આવેલ છે.

જો તમારે દબાણ દુર કરવુ જ હોય તો આખા જસદણમાં દબાણો કરેલ છે તેવા આસામીઓના પહેલા દબાણો દુર કરો. ત્યારબાદ પછી અમારા વિસ્તારના દેવીપૂજક ગરીબ પરિવારના લોકો તેમની જાતે જ દબાણ દુર કરી આપશે જે વોર્ડ નંબર ૨ માં જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે છે ત્યારે વોર્ડ નંબર બેમાંથી ખૂબ જ લીડ આપે છે તેમજ જ્યારે સરકાર ના કાર્યક્રમો હોય ક્યારે બસો પણ આ વિસ્તારમાંથી જાજી ભરાય છે. વોર્ડ નં.૨ નાં જસદણ નગરપાલિકાના સદસ્યોની માંગણી છે કે આ ગરીબ દેવીપુજક સમાજનાં લોકોના રહેણાંક મકાનોના દબાણો દુર ન કરવા દેવીપૂજક સમાજનાં લોકોના મકાનો તોડવામાં આવશે તો અમો જસદણ વોર્ડ નં.૨ નાં ભારતીય જનતા પાર્ટીના ચારેય સદસ્યોને રાજીનામાં દેવાની ફરજ પડશે તેવી અંતમાં ચીમકી ઉચ્ચારવામા આવતા તંત્ર ભારે મૂંઝવણમાં મુકાયું છે. જસદણ નગરપાલિકાના ભાજપના ચારેય સભ્યોને રાજીનામાં આપવાની ફરજ પડશે તે જોવાનું રહ્યું.

# સુત્રાપાડા: નવાગામના પ્રતિક બામણીયા આર્મીની ટ્રેનીંગ પુરી કરી વતન પરત ફરતાં ભવ્ય સ્વાગત

અબતક, રામસિંહ મોરી,સુત્રાપાડા

સુત્રાપાડા તાલુકાના નવાગામ નું ગૌરવ ઈન્ડિયન આર્મીમાં ટ્રેનિંગ પૂરી કરીને માદરે વતન પધારતા પ્રતિકભાઈ રણજીતભાઈ બામણીયા ભવ્ય રેલી સ્વરૂપે સ્વાગત કરેલ તેમાં ઉપસ્થિત બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર ગીર સોમનાથ જિલ્લા કિસાન મોરસાના મહામંત્રી પ્રતાપસિંહ બારડ દેવેન્દ્રભાઈ સોલંકી નવાગામના સરપંચ પ્રતાપભાઈ બામણીયા અમરાપુર તાલુકા પંચાયત સદસ્ય જસુભાઈ



સોલંકી રામસિંહભાઈ જાદવ ઉપસરપંચ નાથાભાઈ માજી સરપંચ નવાગામ ભરતભાઈ માજી સરપંચ લાખાપરા દાનાભાઈ બામણીયા સરપંચ આણંદપુરા અરશીભાઈ વાળા આચાર્ય વરજાંગભાઈ બામણીયા રીટાયર્ડ આર્મીમેન અમરસિંહભાઈ વાળા રિટાયર્ડ આર્મીમેન પ્રકાશભાઈ વાળા રિટાયર્ડ આર્મી મેન બામણીયા ગટુરભાઈ ભીખાભાઈ ચુડાસમા તથા ગામજનો ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહેલ તેમનું ભવ્ય સન્માન અને સ્વાગત કરે

# જુનાગઢ: એસબીઆઈ બેંક દ્વારા રક્તદાન કેમ્પમાં ૫૩ બોટલ રક્ત એકત્રિત




અબતક, દર્શન જોશી, જુનાગઢ

જુનાગઢમાં આજે એસબીઆઈની ઓફિસ દ્વારા એક મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૩ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું અને આ રક્ત જૂનાગઢની સિવિલ હોસ્પિટલને જરૂરિયાતમંદ દર્દીઓ માટે સુપ્રત કરવામાં આવ્યું હતું.

જુનાગઢના આઝાદ ચોક સ્થિત રેડક્રોશ હોલ ખાતે રવિવારે એસબીઆઈ જુનાગઢની રીઝયોનલ બ્રાન્ચ દ્વારા એક મેગા બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બેંકના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્ટાફના પરિવારજનોની સાથે બેંકના કસ્ટમર દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. અને ૫૩ જેટલી રક્ત બોટલ એકત્રિત કરવામાં આવી હતી. જે જુનાગઢની સિવિલ હોસ્પિટલને સુપ્રત કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં આજીવન સેવાના ભેખધારી નવીનભાઈ આચાર્ય, જેસીઆઇ જુનાગઢના ડિરેક્ટર કિશોરભાઈ ચોટલીયા, એસબીઆઇ. રીજીયોનલ મેનેજર દીપ્તિ પટેલ, બેંક યુનિયનના કમલેશભાઈ મારુ, એસ.બી.આઈ.ના સર્કલ બ્રાન્ચ મેનેજર બિમલ રાજસિંહ, સુમિત કુમાર, બેંકના હિતેશ મહેતા સહિતનો સ્ટાફ પરિવારજનો સાથે ઉપસ્થિત રહ્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા એસબીઆઇ જુનાગઢના સ્ટાફે ભારે જહમત ઉઠાવી હતી.

# દ્વારકામાં ગોમતી પર ચાંપતો બંદોબસ્ત: અનિચ્છનીય ઘટનાને અટકાવવા સુરક્ષા જવાનો મૂકાયા



અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લા ડીઝાસ્ટર વહીવટી તંત્ર દ્વારા હાલનાં સમયમાં બનેલા યાત્રીકોના ડૂબવાના બનાવોને જોતાં ભવિષ્યમાં કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે સલામતીના ભાગરૂપે દોરડા બાંધવાની કામગીરી પણ કરાઇ છે તેમજ સિક્યોરીટી જવાનો ખડેપગે રાખવામાં આવ્યા છે. આ સાથે શ્રદધાળુઓની સલામતીના ભાગરૂપે તાત્કાલીક અસરથી હાઈસ્પીડ રેસ્ક્યુ બોટ તેમજ રીમોટ કન્ટ્રોલ જેકેટ આકારની લાઈફ બોટ પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

# સોમનાથ: સેવાની ધુણી ધખાવતાં ડો.દિનેશ બારડની સરાહના

## મુખ્યમંત્રીએ ડો. દિનેશ બારડ તબીબી સારવારને ઉજાગર કરીને બિરદાવી

અબતક, જયેશ પરમાર, સોમનાથ

વેરાવળ સોમનાથ મહાદેવ મંદિર સહિતના અનેક વિસ્તારોમાં લોકહિત સેવાઓમાં સદાય તત્પર અને પ્રેરણા દાયક માનદ સેવા બજાવતાં ડો. દીનેશભાઈ બારડ, જે ડી કે બારડ ડાયગનોસટીક હોસ્પિટલની શ્રેષ્ઠ કાર્ય તેમજ દર્દી દેવો ભવને ઉજાગર સાથે અમુલ્ય ફરજ બજાવતા ડો દીનેશભાઈ બારડ ડો એક્તા બેન વૈશ દ્વારા નિ સ્વાર્થ ભાવે તબીબી.ફરજ સાથે દર્દી માટે શ્રેષ્ઠ ફરજ નિભાવી છે. પણ તેની સેવાને મુખ્યમંત્રીએ બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.



# ગોંડલના યુવા અગ્રણી રવિભાઈ સોલંકીનો જન્મદિવસ

ગોંડલ નાં યુવા અગ્રણી રવિભાઈ સોલંકીનો આજે જન્મદિવસ છે. શહેર ભાજપ માં સક્રીય ભુમીકા સાથે રવિભાઈ સોલંકીએ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.લોકોની મદદે દોડી ઉઠતા રવિભાઈ સમાજ સેવક તરીકે લોકોમાં ખાસ્સી ચાહના ધરાવેછે.આજે તેમના જન્મદિવસ નિમિતે તેમને ખોબલે ખોબલે શુભેચ્છાઓ મળી રહી છે.



# ધ્રોલ: 'અબતક'ના પત્રકાર સંજય ડાંગરની લાડકી સંધ્યાનો જન્મદિવસ



અબતક ધ્રોલના પત્રકાર સંજયભાઈ ડાંગરની લાડકી દીકરી સંધ્યા ડાંગરનો આજે જન્મદિવસ છે. સમજુ તેમજ હોશિયાર અને ડાંગર પરિવારની વહાલી સંધ્યાના જન્મદિવસ નિમિત્તે જીવન સુખમય અને સફળ નીવડે તેવી ઠેર ઠેરથી શુભેચ્છાવર્ષા રહી છે

# જૂનાગઢ જિલ્લાની ૧૩૬ ગ્રામ પંચાયતની પેટા, સામાન્ય ચૂંટણી માટે કુલ ૧૩૮૧ ફોર્મ ભરાયા

અબતક, દર્શન જોશી, જૂનાગઢ

જુનાગઢ જિલ્લામાં ૬૨ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીમાં ફોર્મ ભરવાના ગઈકાલે અંતિમ દિવસ સુધીમાં સરપંચના ૪૧ અને સભ્યના ૩૯ તથા ૭૪ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં સરપંચ પદ માટે ૨૪૬ અને સભ્ય માટે ૧૦૫૫ ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળેલ છે.

સમગ્ર ગુજરાતની સાથે જુનાગઢ જિલ્લામાં આગામી ૨૨ જૂનના રોજ જિલ્લાના ૯ તાલુકાની ૬૨ ગ્રામ પંચાયતમાં પેટા ચટણી અને ૭૪ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવાની છે, ત્યારે ચૂંટણી પંચના આદેશ અનુસાર ગઈકાલે ચૂંટણી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો જેની સમય અવધી પૂર્ણ થયા પૂર્વે ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી માટે ૪૧ ઉમેદવારોએ સરપંચ માટે ફોર્મ ભર્યા હતા, જયારે ૩૯ ઉમેદવારોએ સભ્યપદ માટે ફોર્મ ભરેલ છે.

# કાલથી સાઉથ આફ્રિકા-ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલનો ટેસ્ટ મેચ

## ફાઈનલ વિજેતાને મળશે રૂ. ૩૦.૭ કરોડનું ઈનામ જે આઈપીએલ અને ફ્રેન્ચ ઓપન વિજેતા કરતા પણ વધુ છે

IPL અને ફ્રેન્ચ ઓપનના ક્રેઝ પછી, હવે ક્રિકેટની સૌથી મોટી મેચનો સમય આવી ગયો છે. એક એવી ચેમ્પિયનશિપ જેની ફાઈનલ બે વર્ષે એકવાર યોજાય છે. જ્યારે ટુર્નામેન્ટ આટલી લાંબી ચાલે છે, ત્યારે ઈનામી રકમ પણ અદ્ભુત હશે. ૧૧ જૂનથી ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) જીતનારી ટીમને એટલી ઈનામી રકમ મળશે જેટલી આઈપીએલ કે ફ્રેન્ચ ઓપનના ચેમ્પિયનને મળી નથી.

જ્યારે ૩ જૂને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલનો ખિતાબ જીત્યો, ત્યારે તેને ૨૦ કરોડની ઈનામી રકમ મળી. PSLના વિજેતાને મળેલી રકમ સાથે તેની સરખામણી તરત જ શરૂ થઈ ગઈ. પાકિસ્તાની T20 લીગ PSLના ચેમ્પિયનને ૪.૨૫ કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી. ઘણા રમત પ્રેમીઓ પણ તેમની ઈનામી રકમ દ્વારા ટુર્નામેન્ટનું મૂલ્યાંકન કરે છે. આવા લોકો માટે, એ રસપ્રદ માહિતી હોઈ શકે છે કે IPL ચેમ્પિયનને PSL કરતાં લગભગ ચાર ગણી રકમ મળી હોય, પણ તે ફ્રેન્ચ ઓપન કરતાં ઓછી છે.

જ્યારે સ્પેનના કાર્લોસ અલ્કારાઝે રવિવારે ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં યાનિક સિનરને હરાવ્યો, ત્યારે તેને ૨.૫૫ મિલિયન યુરો (લગભગ ૨૪ કરોડ ૯૫ લાખ રૂપિયા) મળ્યા. સ્વાભાવિક છે કે, ફ્રેન્ચ ઓપનમાં એક ખેલાડીએ IPL જીતવા બદલ આખી ટીમને મળેલા પૈસા કરતાં વધુ પૈસા લીધા.

હવે ૧૧ જૂનથી, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા WTC ફાઈનલમાં એકબીજાનો સામનો કરશે. મેચ જીતનાર ટીમને માત્ર ટેસ્ટ ચેમ્પિયનનો તાજ પહેરાવવામાં આવશે નહીં પરંતુ લગભગ ૩૦.૭ કરોડ રૂપિયા (૩.૬ મિલિયન ડોલર)નું ઈનામ પણ મળશે. WTC ફાઈનલ હારનાર ટીમને લગભગ ૧૮.૫૩ કરોડ રૂપિયા (૨.૧૬ મિલિયન ડોલર) મળશે. આ IPL ચેમ્પિયન RCBને મળેલી રકમ કરતાં થોડું ઓછું છે. તમને જણાવી દઈએ કે

જ્યારે ભારતે ગયા વર્ષે T20 ટાઈટલ જીત્યું હતું, ત્યારે તેને લગભગ ૨૦.૪ કરોડ રૂપિયા મળ્યા હતા. એટલે કે, WTC ચેમ્પિયનને ઝ૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમ કરતાં ઘણી વધુ ઈનામી રકમ મળવાની છે.

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રીજી ફાઈનલ દક્ષિણ આફ્રિકા અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. WTC ૨૦૨૩-૨૫ સર્કલની બે ટોચની ટીમો વચ્ચેનો આ હાઈ-વોલ્ટેજ મેચ ૧૧ થી ૧૫ જૂન દરમિયાન લંડનના લોર્ડ્સ ખાતે રમાશે. પ્રોટીઝ ટીમ WTC ૨૦૨૩-૨૫ પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહીને અને સતત સાત મેચ જીતીને ફાઈનલમાં પહોંચી છે જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ તેમની છેલ્લી છ ટેસ્ટ મેચમાંથી પાંચ જીતી છે.

બેગી ગ્રીન્સ (ઓસ્ટ્રેલિયા) આ એકમાત્ર મેચમાં ટેમ્બા બાવુમા અને તેની ટીમને હરાવીને બીજી વખત WTC વિજેતા બનવા માંગશે. જોકે, તે સરળ નહીં હોય કારણ કે પ્રોટીઝ પણ આ મોટી મેચ માટે સંપૂર્ણ તૈયારી સાથે આવી રહ્યા છે. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે WTC ૨૦૨૫ ફાઈનલ ક્રિકેટના ઘરઆંગણે રોમાંચક મુકાબલો બનવાનું વચન આપે છે, અને કઈ ટીમ ટાઈટલ જીતશે તે કહેવું હજુ વહેલું છે.

ટુર્નામેન્ટના નિયમો અનુસાર, જો WTC ૨૦૨૫ ફાઈનલ ડ્રો થાય અથવા ટાઈ થાય અથવા મેચ રદ થાય, તો ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાએ WTC ટ્રોફી શેર કરવી પડશે. જોકે, ડ્રોની શક્યતા ઘટાડવા માટે મેચમાં રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. પરંતુ રિઝર્વ ડેનો ઉપયોગ ત્યારે જ કરવામાં આવશે જ્યારે ખરાબ હવામાનને કારણે પાંચ દિવસમાં સમય ગુમાવવામાં આવે અને તેઓ તે પાંચ દિવસમાં તેની ભરપાઈ કરી શકતા ન હોય અને પાંચમા દિવસના અંત સુધીમાં કોઈ પરિણામ ન આવે.

ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમો લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલમાં ટકરાવવા માટે તૈયારી કરી રહી છે. ફાઈનલ મેચ માટે બંને ટીમોની ટીમની જાહેરાત કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ પેટ કમિન્સ કરશે જ્યારે દક્ષિણ આફ્રિકાનું નેતૃત્વ ટેમ્બા બાવુમા કરશે. ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકાનો ઓસ્ટ્રેલિયા સામે નબળો ફાયદો છે. બંને ટીમોએ આ પહેલા એકબીજા સામે ૧૦૧ ટેસ્ટ મેચ રમી છે પરંતુ દક્ષિણ આફ્રિકાએ ફક્ત ૨૬ ટેસ્ટ મેચ જીતી છે. જોકે, આ વખતે દક્ષિણ આફ્રિકાનું મનોબળ ઊંચું છે અને તેના ખેલાડીઓ ICC ટ્રોફી જીતવા માંગે છે.ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકા સામે ૫૪ ટેસ્ટ મેચ જીતી છે. બંને ટીમો વચ્ચે ૨૧ ટેસ્ટ ડ્રો થઈ છે. ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણે ૨૩ ટેસ્ટ જીતી છે જ્યારે દક્ષિણ આફ્રિકાએ તેના ઘરઆંગણે ૧૬ ટેસ્ટ જીતી છે. ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણે ૨૯ ટેસ્ટ જીતી છે જ્યારે દક્ષિણ આફ્રિકાએ ૧૦ વિદેશમાં ટેસ્ટ જીતી છે. દક્ષિણ આફ્રિકા પહેલીવાર WTC ફાઈનલમાં પહોંચ્યું છે જ્યારે ઓસ્ટ્રેલિયા ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. તે ટાઈટલ બચાવવાના ઈરાદા સાથે પ્રવેશ કરશે.


દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન એબી ડી વિલિયર્સ કહે છે કે તેમને તેમની ટીમની જીતનો વિશ્વાસ છે. તેમનું કહેવું છે કે દક્ષિણ આફ્રિકા વિરોધી ટીમને અપસેટ કરશે. ડી વિલિયર્સના મતે, 'હું આ પડકાર માટે ઉત્સાહિત છું. અમારી ટીમ સંતુલિત છે. મને વિશ્વાસ છે કે અમે ઓસ્ટ્રેલિયાને અપસેટ કરી શકીશું. હું અપસેટ કહી રહ્યો છું કારણ કે તેઓ સ્પષ્ટપણે આ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ જીતવા માટે ફેવરિટ છે.'

ઓસ્ટ્રેલિયાઃ પેટ કમિન્સ (કેપ્ટન), મિશેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ, સ્કોટ બોલેન્ડ, નાથન લિયોન, મેટ કુહનેમેન, ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટાસ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, એલેક્સ કેરી, જોશ ઈંગ્લિસ, કેમેરોન ગ્રીન, બ્યુ વેબસ્ટર.

દક્ષિણ આફ્રિકાઃ ટેમ્બા બાવુમા (કેપ્ટન), ડેવિડ બેડિંગહામ, ટ્રિસ્ટન સ્ટબ્સ, કાયલ વેરિન, વિઆન મુલ્ડર, માર્કો જેન્સન, કોર્બિન બોશ, કાગીસો રબાડા, લુંગી ન્ગીડી, ડેન પેટરસન, કેશવ મહારાજ, સેનુરન મુથુસામી, ટોની ડી જોર્જી, રાયન રિકેલ્ટન, એડન માર્કરામ.

### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ફાઈનલ ઈંગ્લેન્ડ બહાર પણ રમાડવી જોઈએ: પેટ કમિન્સ

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રીજી આવૃત્તિની અંતિમ મેચ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ઈંગ્લેન્ડના લોર્ડ્સના મેદાન પર રમાનારી છે. આ મેચ પહેલા, ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે યજમાની પર નારાજગી વ્યક્ત કરી છે અને ફરિયાદભર્યા સ્વરમાં ICC ને અપીલ પણ કરી છે.




તાજેતરમાં, કેટલાક અહેવાલો આવ્યા હતા કે BCCI ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલનું આયોજન કરવાનું વિચારી રહ્યું છે અને શક્ય છે કે આગામી ફાઈનલ ભારતમાં રમાય. કમિન્સ પણ ઈંગ્લેન્ડની બહાર ફાઈનલ યોજવાના પક્ષમાં છે, પરંતુ તેમણે આ વાત ખૂબ જ રક્ષણાત્મક રીતે કહી છે. તેમણે એમ પણ કહ્યું છે કે લોર્ડ્સનું મેદાન પણ એક સારો વિકલ્પ છે.

કમિન્સે કહ્યું, ''સિસ્ટમ મુજબ, ફક્ત એક જ સ્થળ હોવું સરળ લાગે છે. જો પાછલી આવૃત્તિનો વિજેતા દેશ આગામી ફાઈનલનું આયોજન કરે તો તે સારું રહેશે. પરંતુ એક વિકલ્પ તરીકે, દર વખતે ફાઈનલ માટે લોર્ડ્સને પસંદ કરવું પણ સારું છે.''

અત્યાર સુધી, ઈંગ્લેન્ડે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલનું આયોજન કર્યું છે. કમિન્સ માને છે કે આ ફાઈનલ હવે ઈંગ્લેન્ડની બહાર લઈ જવી જોઈએ. ગયા સિઝનમાં ઓસ્ટ્રેલિયાને ખિતાબ અપાવનાર કેપ્ટને કહ્યું કે વર્તમાન ચેમ્પિયનને ફાઈનલનું આયોજન કરવાની જવાબદારી મળવી જોઈએ. જ્યારે કમિન્સને WTC ટાઈટલ જીતવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે શાનદાર હશે, પરંતુ ભારતમાં ODI વર્લ્ડ કપ જીતવા કરતાં વધુ સારું નહીં. જમણા હાથના ઝડપી બોલરે કહ્યું, ''આ સમય દરમિયાન આપણે શું હાંસલ કર્યું છે તે જણાવતી બે ICC મેસ હોવી ખૂબ જ સારી વાત હશે. અમને લાગે છે કે આપણે વિવિધ પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ ટીમ તરીકે ઉભરી આવ્યા છીએ. ફરી એકવાર અંતે તે મેસ પકડી રાખવી ખૂબ જ સારી વાત હશે. પરંતુ ODI વર્લ્ડ કપ-૨૦૨૩ જીતવું ટોચ પર છે. મારા માટે આ નંબર-૧ છે.''

### સાઉથ આફ્રિકાને હળવાશ ન લેવાની નાથન લિયોનની સલાહ

ઓસ્ટ્રેલિયા ૧૧ જૂનથી લોર્ડ્સમાં પોતાના આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટાઈટલનો બચાવ કરવા માટે તૈયાર છે. અનુભવી સ્પિનર નાથન લિયોને પોતાની ટીમને ચેતવણી આપી છે કે દક્ષિણ આફ્રિકાની મજબૂત બેટિંગ લાઈનઅપને ઓછી ન આંકે. લિયોને કહ્યું છે કે દક્ષિણ આફ્રિકા પાસે કેટલાક વર્લ્ડ ક્લાસ બેટ્સમેન છે. નાથન લિયોને કહ્યું, ''ત્રણ (૫૦ ઓવર) વર્લ્ડ કપ અને ટી૨૦ વર્લ્ડ કપ અને દેખીતી રીતે



થોડા વર્ષો પહેલા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ જીતનારા ખેલાડીઓનો અનુભવ, તે અનુભવ અને તે ઉચ્ચ રમતોમાં તે દબાણ, તે આપણા પક્ષમાં રહેશે. પરંતુ જ્યારે તમે રમતમાં ઉતરો છો ત્યારે તેનો કોઈ અર્થ નથી. દક્ષિણ આફ્રિકા પાસે કેટલાક વર્લ્ડ ક્લાસ બેટ્સમેન છે અને દેખીતી રીતે તેમની પાસે કેટલાક અદ્ભુત બોલરો પણ છે. તેથી તે એક સારો પડકાર હશે અને દેખીતી રીતે તે એક વખતની ટેસ્ટ મેચ હશે. તે એક અલગ પ્રકારનો પડકાર હશે અને વિદેશી પરિસ્થિતિઓ અને ડ્યુક્સ બોલ સાથે.''

# ધોનીનો સીતારો આઈસીસી હોલ ઓફ ફેમમાં ચમકયો


## ધોની સિવાય મેથ્યુ હેડન, ગ્રીમ સ્મિથ, ડેનિયલ વેટ્ટોરી અને હાશિમ અમલને પણ હોલ ઓફ ફેમથી સન્માનીત કરાયા

**અબતક,રાજકોટ**

ભારતના દિગ્ગજ ક્રિકેટર એમએસ ધોનીને ઔપચારિક રીતે આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા બાદ પોતાની પહેલી પ્રતિક્રિયા આપી.

લંડનના પ્રતિષ્ઠિત એબી રોડ સ્ટુડિયોમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં આઈસીસી હોલ ઓફ ફેમમાં ઉમેરાયેલા સાત પ્રતિષ્ઠિત ખેલાડીઓમાં ભૂતપૂર્વ ભારતીય કેપ્ટનનો સમાવેશ થાય છે.

ધોની ઉપરાંત, આ સન્માન મેળવનારા અન્ય પુરુષ ક્રિકેટરોમાં દક્ષિણ આફ્રિકાના હાશિમ અમલા, ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર મેથ્યુ હેડન, દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન ગ્રીમ સ્મિથ અને ન્યુઝીલેન્ડના મહાન ડેનિયલ વેટોરીનો સમાવેશ થાય છે. પાકિસ્તાનની સના મીર અને ઈંગ્લેન્ડની ભૂતપૂર્વ વિકેટકીપર-બેટર સારાહ ટેલર બે મહિલા ખેલાડીઓ હતા જેમણે કુલ હોલ ઓફ ફેમર્સનો આંકડો ૧૨૨ સુધી પહોંચાડ્યો.



આ સાત પ્રતિષ્ઠિત ક્રિકેટરોને આઈસીસી હોલ ઓફ ફેમર્સ, વરિષ્ઠ અધિકારીઓ અને મીડિયાના સભ્યો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું અને 'એ ડે વિથ ધ લેજેન્ડ્સ' ઈવેન્ટ દરમિયાન તેમને સામેલ કરવામાં આવ્યા હતા.

૧૭૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવનાર અને ત્રણેય આઈસીસી વ્હાઈટ-બોલ ટુર્નામેન્ટ જીતનાર એકમાત્ર કેપ્ટન ધોની, ૨૦૦૯ માં શરૂ કરાયેલા તેના હોલ ઓફ ફેમ કાર્યક્રમ દ્વારા આઈસીસી દ્વારા ક્રિકેટરોના યોગદાનને માન્યતા આપવામાં આવી ત્યારે તે સન્માનિત થયો.

''આઈસીસી હોલ ઓફ ફેમમાં નામ મેળવવું એ એક સન્માનની વાત છે, જે પેઢીઓ અને વિશ્વભરના ક્રિકેટરોના યોગદાનને માન્યતા આપે છે. આવા સર્વકાલીન મહાન ખેલાડીઓ સાથે તમારું નામ યાદ રાખવું એ એક અદ્ભુત લાગણી છે. આ એવી વસ્તુ છે જે હું હંમેશા માટે યાદ રાખીશ,'' તેમણે કહ્યું.ધોનીએ પાંચેય પુરુષોના હોલ ઓફ ફેમમાં સામેલ થયેલા ખેલાડીઓ સામે રમી છે અને આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સના હેડન સાથે ડ્રેસિંગ રૂમ પણ શેર કર્યો છે.

''આઈસીસી હોલ ઓફ ફેમ દ્વારા, અમે રમતમાં જોયેલા શ્રેષ્ઠ ખેલાડીઓને ટ્રિબ્યુટ આપીએ છીએ, જેમની નોંધપાત્ર કારકિર્દીએ ક્રિકેટના વારસાને આકાર આપ્યો છે અને પેઢીઓને પ્રેરણા આપી છે,'' આઈસીસી ચેરમેન જય શાહે જણાવ્યું.આઈસીસી હોલ ઓફ ફેમ જાન્યુઆરી ૨૦૦૯ માં આઈસીસીના શતાબ્દી ઉજવણીના ભાગ રૂપે શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારથી, તે તેના લાંબા અને ભવ્ય ઈતિહાસ દરમિયાન રમતમાં સ્થાન મેળવનારા મહાન ખેલાડીઓની ઉજવણી કરવામાં મદદ કરે છે.

# સુઝલોનના પ્રમોટર તંતીએ ૧૩૦૦ કરોડના શેર વેચ્યા !!

## રૂ. ૬૬.૧ પ્રતિ શેરના ભાવે કુલ ૧૯.૮ કરોડના શેર કંપનીએ વેચ્યા

**અબતક, રાજકોટ**

પવન ઉર્જામા ભારતની સૌથી જૂની અને જાણીતી કંપનીઓમાંની એક એટલે સુઝલોન. આ કંપનીએ દેશમાં ગ્રીન એનર્જીની ગતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ત્યારે ગઈ કાલે સોમવારે બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર બ્લોક ડીલ દ્વારા સુઝલોન એનર્જીના પ્રમોટર્સ રાજકોટના વિનોદ રણછોડભાઈ તંતી, રંભાબેન ઉકાભાઈ તંતી અને તંતી હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ, તેમજ તંતી રણછોડભાઈ રામજીભાઈએ કુલ ₹૧,૩૦૮.૯ કરોડના શેરનું વેચાણ કર્યું.

આ ચાર પ્રમોટર્સે ₹૬૬.૧ પ્રતિ શેરના ભાવે કુલ ૧૯.૮ કરોડ શેર વેચ્યા હતા. આ ડીલમાં એડેલવાઈસ મ્યુચ્યુઅલ ફંડ, ગોલ્ડમેન સેક્સ ફંડ્સ-ગોલ્ડમેન સેક્સ એશિયા ઈક્વિટી પોર્ટફોલિયો, ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડ, મોર્ગન સ્ટેનલી એશિયા સિંગાપોર પ્રાઈવેટ લિમિટેડ, આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ અને બંધન મ્યુચ્યુઅલ ફંડ જેવા મોટા રોકાણકારો ખરીદદારોમાં સામેલ હતા.

શેરબજારમાં આ મોટા વેચાણ છતાં, સુઝલોન એનર્જીના શેર ૦.૬% વધીને ₹૬૭ પર બંધ થયા હતા, જે બજારમાં કંપની પ્રત્યેનો વિશ્વાસ દર્શાવે છે. સુઝલોન કોઈ નવી કંપની નથી. પરંતુ આ દરમિયાન કંપનીએ તેના દેવા અને વ્યવસ્થાપન સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. અને કદાચ આ કારણોસર, હવે પ્રમોટર્સ કેટલાક હિસ્સાનું વેચાણ કરીને તરલતા વધારવા અને જૂના લેણાં ચૂકવવાની યોજના બનાવી રહ્યા છે.

# ચેતેશ્વર પુજારાને કારણે મારા ચેહરાનો રંગ બદલી જતો હતોઃ રોહિત શર્મા

**અબતક રાજકોટ**

ચેતેશ્વર પૂજારાને કેવી રીતે આઉટ કરવો? આ એક એવો પ્રશ્ન હતો જેની ચર્ચા રોહિત શર્મા અને તેના મુંબઈના સાથી ખેલાડીઓ તેમના જુનિયર ક્રિકેટના દિવસોમાં ઘણીવાર કરતા હતા કારણ કે તેઓ જાણતા હતા કે સૌરાષ્ટ્રનો આ બેટ્સમેન સતત બે કે ત્રણ દિવસ બેટિંગ કરીને તેમની અપેક્ષાઓ પર ખરા ઉતરી શકે છે.

મને હજુ પણ યાદ છે કે ટીમ મીટિંગમાં ફક્ત તેને કેવી રીતે આઉટ કરવો તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું અને જો આપણે તેને આઉટ નહીં કરીએ તો આપણે મેચ હારી શકીએ છીએ, રોહિતે ગુરુવારે ચેતેશ્વરની પત્ની પૂજાના પુસ્તક 'ધ ડાયરી ઓફ અ ક્રિકેટર્સ વાઈફ'ના લોન્ચિંગ પ્રસંગે કહ્યું.

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને મજાકમાં કહ્યું કે પૂજારા સામે રમતા તેનો ચહેરો એટલો બદલાઈ જતો હતો કે તેની માતા પણ થોડી નારાજ થઈ જતી હતી. તેણે કહ્યું, મને યાદ છે કે જ્યારે હું ૧૪ વર્ષનો હતો અને જ્યારે હું સાંજે મેદાનથી પાછો આવતો હતો, ત્યારે મારા ચહેરાનો રંગ સંપૂર્ણપણે બદલાઈ જતો હતો. મારી માતાએ મને ઘણી વાર પૂછ્યું હતું કે જ્યારે તમે ઘરેથી રમવા જાઓ છો, ત્યારે તમે અલગ દેખાવ છો અને જ્યારે તમે એક અઠવાડિયા કે ૧૦ દિવસ પછી ઘરે આવો છો, ત્યારે તમે અલગ દેખાવ છો. હું કહેતો હતો, માતા મારે શું કરવું જોઈએ. ચેતેશ્વર પૂજારા નામનો એક બેટ્સમેન છે. તે ત્રણ દિવસથી બેટિંગ કરી રહ્યો છે.

રોહિતે પૂજારાને કારકિર્દીની શરૂઆતમાં બંને ઘૂંટણમાં અઈક (એન્ટિરિયર ક્રુસિએટ લિગામેન્ટ) ઈજાઓ હોવા છતાં ૧૦૦ થી વધુ ટેસ્ટ રમવાનો શ્રેય આપ્યો. તેમણે કહ્યું કે તે ખૂબ મોટી અને ખૂબ જ ખરાબ ઈજા હતી. તેમના બંને અઈક ગયા હતા. કોઈપણ ક્રિકેટર, ખેલાડી માટે જ્યારે તે બંને અઈક ગુમાવે છે ત્યારે તે ખૂબ જ મુશ્કેલ હોય છે. આ છતાં, તેઓ ભારત માટે ૧૦૦ થી વધુ ટેસ્ટ મેચ રમવામાં સફળ રહ્યા.

આ પ્રસંગે, પૂજારાએ ૨૦૧૬-૧૭માં ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીને તેમની કારકિર્દીની સૌથી મુશ્કેલ શ્રેણી ગણાવી. પૂજારાએ કહ્યું, જ્યારે ભારતીય ટીમ ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયા સામે લગભગ ૨૦૦ રનમાં આઉટ થઈ રહી હતી, ત્યારે તે મારી કારકિર્દીનો સૌથી મુશ્કેલ તબક્કો હતો.

# કોહલી રોહિત શર્મા, કલાસેન બાદ નિકોલસ પુરનની અચાનક નિવૃત્તિથી ક્રિકેટ જગત સ્તબ્ધ

## ૩૫ દિવસમાં ૫ વિસ્ફોટક ખેલાડીઓ અચાનક નિવૃત્તિ થતા કારણે ક્રિકેટ જગતને મોટી ખોટ પડી શકે તેમ છે

## મહિના પહેલા આર. અશ્વિને પણ પોતાની નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા

બાર્બાડોસ : વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરને ૨૯ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણયથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. ભૂતપૂર્વ T20 કેપ્ટન તાજેતરમાં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) વતી રમતા જોવા મળ્યા હતા. તેમણે પોતાના નિર્ણય અંગે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવનાત્મક સંદેશ શેર કર્યો હતો. તેમના આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં, પૂરને ૬૧ T20 અને ૧૦૬ ODI રમ્યા હતા જેમાં તેમણે બંને ફોર્મેટમાં ૪૦૦૦ થી વધુ રન બનાવ્યા છે.

માત્ર ૩૫ દિવસના સમયમાં ૫ દિગ્ગજ ક્રિકેટર નિવૃત થતા ક્રિકેટ જગતને મોટી અસર પડી શકે તેમ છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલા આર. અશ્વિને પણ પોતાની નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા.

ભારતના કેપ્ટન રોહિત શર્માએ ૭ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. હવે તે ફક્ત ODI માં જ રમશે. ૩૮ વર્ષીય બેટ્સમેન જૂનમાં ઝ૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ ઝ૨૦ માંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. રોહિત શર્માએ ૬૭ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેમણે ૪૩૦૧ રન બનાવ્યા છે. તેમના નામે ટેસ્ટમાં ૧૨ સદી અને ૧૮ અડધી સદી છે. ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ રોહિતના નિવૃત્તિના થોડા દિવસો પછી જ ટેસ્ટ ફોર્મેટમાંથી પોતાની આઘાતજનક નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેમનો આ નિર્ણય ૨૦ જૂનથી શરૂ થનારા ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા આવ્યો હતો. જૂન ૨૦૨૪માં T20 વર્લ્ડ કપ જીત્યા બાદ કોહલીએ T20માંથી નિવૃત્તિ લીધી હતી અને હવે તે ફક્ત ODI ફોર્મેટમાં જ રમશે. ટેસ્ટમાં, કોહલીએ ૧૨૩ મેચોમાં ૩૦ સદી અને ૩૧ અડધી સદી સહિત ૯૨૩૦ રન બનાવ્યા છે.



દક્ષિણ આફ્રિકાના વિકેટકીપર-બેટ્સમેન એનરિચ કલાસેને આ મહિને નિવૃત્તિ લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

૩૩ વર્ષની ઉંમરે, તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહ્યું અને તેમના પરિવાર અને ફ્રેન્ચાઈઝ ક્રિકેટને પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું. તેમણે તેમના આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૬૦ ODI અને ૫૮ ઝ૨૦ મેચ રમી છે.

વિશ્વના સૌથી ભયાનક ODI બેટ્સમેનોમાંના એક, ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલે ૩૬ વર્ષની ઉંમરે તેમની ODI કારકિર્દીના અંતની જાહેરાત કરી.

વારંવાર થતી કમરની સમસ્યાઓને કારણે અને તેમના વિશ્વ ભારને સંભાળવા માટે તેમણે ODIમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો. તેણે ૧૪૯ વનડે રમી છે અને ૩૯૯૦ રન બનાવ્યા છે, જેમાં ૪ સદી અને ૨૩ અડધી સદીનો સમાવેશ થાય છે.

# તમારે ભૂલી જવાનું ભૂલાવી દેવું છે કે યાદ રાખવું છે??!!!

### યાદશક્તિ સુધારવા માટેની સરળ યુક્તિઓ જે સરળતાથી બધું યાદ રખાવશે

**અબતક, રાજકોટ**

શું તમે વારંવાર ભૂલી જાઓ છો કે તમે તમારા રૂમમાં શા માટે દાખલ થયા, અથવા કોઈ વ્યક્તિનું નામ યાદ રાખી શકતા નથી? તમે એકલા નથી. આજના વિક્ષેપોથી ભરેલા વિશ્વમાં ભૂલી જવું સામાન્ય છે, અને તે હંમેશા વૃદ્ધત્વ અથવા નબળી યાદશક્તિની નિશાની નથી. સારા સમાચાર એ છે કે કેટલીક સરળ, વિજ્ઞાન-સમર્થિત મગજની યુક્તિઓ તમારી યાદશક્તિને તેજ કરવા અને ધ્યાન કેન્દ્રિત કરવા માટે જાદુની જેમ કામ કરી શકે છે. અહીં ૬ યાદશક્તિ વધારવાની તકનીકો છે જે ખરેખર કામ કરે છે.

**વિઝ્યુઅલ મેમરીની શક્તિનો ઉપયોગ કરો**

આપણું મગજ શબ્દો કરતાં છબીઓ વધુ સારી રીતે યાદ રાખે છે. તેથી, આગલી વખતે જ્યારે તમે કંઈક યાદ રાખવા માંગતા હોવ - જેમ કે તમે તમારી ચાવીઓ ક્યાં રાખી હતી - ત્યારે તેને સ્પષ્ટ રીતે એક સેટિંગમાં ચિત્રિત કરો. એક માનસિક છબી બનાવોઃ તમારી ચાવીઓ તેજસ્વી વાદળી નોટબુક પર બેઠેલી છે. જેટલી વધુ આબેહૂબ, તેટલું સારું. આ તકનીક ખાસ કરીને ખરીદી સૂચિઓ અથવા લોકોના નામ માટે સારી રીતે કાર્ય કરે છે.

**યાદ રાખવા માટે 'ત્રણનો નિયમ' પુનરાવર્તન કરો**

પુનરાવર્તન માહિતીને લાંબા ગાળાની સ્મૃતિમાં બંધ કરી દે છે. ત્રણ વાર કંઈક બોલો - મોટેથી અથવા તમારા મગજમાં. ઉદાહરણ તરીકે, જો કોઈ કહે કે તેનું નામ અનિતા છે, તો પુનરાવર્તન કરો, ''અનિતા. અનિતા. અનિતા.'' પછી તેને વાક્યમાં વાપરો. આ નાની યુકિત તમારા મગજને માહિતીને વધુ ઊંડાણપૂર્વક નોંધવામાં મદદ કરે છે.

**મીની-સ્ટોરીઝ અથવા એસોસિએશનનો ઉપયોગ કરો**

શું તમે કોઈનું નામ ''મિસ્ટર ગ્રીન'' યાદ રાખવા માંગો છો? તેને લીલા સફરજન કે છોડ સાથે જોડો. મૂર્ખ અથવા અતિશયોક્તિપૂર્ણ જોડાણો બનાવવા - જેમ કે ''પ્રોફેસર બનાના'' માટે ચશ્મા પહેરેલા કેળા - વિચિત્ર લાગે છે. પરંતુ તે તમારા મગજમાં રેન્ડમ હકીકતો કરતાં વધુ સારી રીતે ચોંટી જાય છે.

**વસ્તુઓ લખો (પણ તમારા ફોન પર નહીં)**

હા, પેન અને કાગળથી લખવાથી તમારા મગજને ટાઈપ કરવા કરતાં માહિતીને વધુ સારી રીતે એન્કોડ કરવામાં અને જાળવી રાખવામાં મદદ મળે છે. ભૌતિક આયોજક અથવા મેમરી ડાયરી રાખો. વસ્તુઓ લખવાથી માનસિક અવ્યવસ્થા દૂર કરવામાં પણ મદદ મળે છે, ધ્યાન કેન્દ્રિત કરવા અને યાદ રાખવા માટે જગ્યા ખાલી થાય છે.

**૧૦-સેકન્ડ રિકોલ કરો**

કંઈક નવું શીખ્યા પછી - જેમ કે કોઈ કાર્ય, નામ, અથવા સૂચના - થોભો અને ફક્ત ૧૦ સેકન્ડ પછી મુખ્ય મુદ્દાઓ યાદ કરવાનો પ્રયાસ કરો. આ ટૂંકી સમીક્ષા તમારા મગજને એક સંકેત મોકલે છેઃ ''આ મહત્વપૂર્ણ છે. તેને ભૂલશો નહીં.'' તે એક નાની મગજની કસરત છે જે યાદશકિતના સ્નાયુઓનું નિર્માણ કરે છે.

**તમારા મગજને આરામ આપો**

માનો કે ના માનો, ભૂલી જવાથી ક્યારેક તમારા મગજમાં ભારણ વધી ગયું છે તે કહેવાની રીત હોય છે. સારી ઊંઘ લો, માનસિક વિરામ લો અને ઑફલાઈન સમય વિતાવો. ધ્યાનથી શ્વાસ લેવાથી, પ્રકૃતિમાં ચાલવાથી, અથવા ફક્ત ૧૦ મિનિટ સુધી કંઈ ન કરવાથી ધ્યાન ફરીથી સેટ કરવામાં મદદ મળે છે અને યાદશક્તિમાં વધારો થાય છે.આ સરળ છતાં અસરકારક યુક્તિઓને તમારી દિનચર્યામાં સામેલ કરીને, તમે તમારી યાદશક્તિને તેજ કરી શકો છો અને આજના વ્યસ્ત જીવનમાં વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકો છો. આ ટીપ્સ તમને વધુ સક્રિય અને ઉત્પાદક જીવન જીવવામાં મદદ કરશે.

# સરપંચ પદ માટે જોરદાર ટક્કર: જામનગર જીલ્લામાં ૭૫૬ દાવેદારો: કાલે સ્પષ્ટ થશે ચિત્ર

## ૨૬૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય વિભાજન અને મધ્યસત્ર ચૂંટણીઓ: અન્ય ૬૦ પંચાયતોમાં પેટા ચૂંટણી








સમગ્ર રાજ્યમાં આગામી ૨૨મી જૂને વિવિધ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. આ ચૂંટણીઓ જો કે રાજકીય પક્ષોના નિશાન સાથે લડાતી નથી પરંતુ દરેક નાનામોટા ગામમાં સરપંચ અને સભ્યો બનવા માટે ગજબ રાજકારણ ખેલાતું હોય છે. સમરસ ગ્રામ પંચાયતોમાં અલગ પ્રકારના કાવાદાવા થતાં હોય છે. જામનગર જિલ્લાની જ વાત કરીએ તો, જિલ્લાની ૨૬૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય-વિભાજન અથવા મધ્યસત્ર ચૂંટણીઓ યોજાશે અને અન્ય ૬૦ ગ્રામ પંચાયતોમાં પેટાચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. ગઈકાલે નવમી જૂને ફોર્મ રજૂ કરવાનો અંતિમ દિવસ હતો તેથી સમગ્ર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક રાજકારણનો ધમધમાટ જોવા મળતો હતો.

જામનગર જિલ્લાની ગ્રામ પંચાયતોની સ્થિતિઓ પર નજર કરીએ તો, જામનગર તાલુકાની ૮૦, કાલાવડ તાલુકાની ૮૪, લાલપુર તાલુકાની ૫૮, જામજોધપુર તાલુકાની ૪૫, ધ્રોલ તાલુકાની ૨૯ અને જોડીયા તાલુકાની ૩૦ ગ્રામ પંચાયતોમાં પેટાચૂંટણીઓથી માંડીને સામાન્ય સુધીની ચૂંટણીઓ જાહેર થઈ છે.

ગઈકાલે, સોમવારે નવમી જૂને ઉમેદવારીપત્રો ભરવાનો અંતિમ દિવસ હતો તેથી સમગ્ર જિલ્લાની દરેક છ.ઘ. કચેરીઓ ખાતે આખો દિવસ હજારો ગ્રામજનો ઉમટી પડ્યા હતાં, કોઈને સરપંચ બનવું છે અને કોઈને પંચાયત સભ્ય બનવું છે. ટેકેદારો અને સમર્થકો પણ હજારોની સંખ્યામાં જોવા મળતા હતાં. આજે આ તમામ ભરાયેલા ફોર્મની ચકાસણીઓ થઈ રહી છે. અને આવતીકાલે ૧૧મી એ ફોર્મ પરત ખેંચવાનો દિવસ હોય, આખો દિવસ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ગડમથલ ચાલશે અને આવતીકાલે બુધવારે સાંજે દરેક પંચાયતમાં ચૂંટણીઓના આખરી ચિત્રો સ્પષ્ટ થઈ જશે.

જામનગર જિલ્લાના દરેક તાલુકાની સ્થિતિઓ જોઈએ તો જામનગર તાલુકાની કુલ ૮૦ ગ્રામ પંચાયતોમાં ૧૯૯ ઉમેદવારોએ સરપંચપદ માટે ફોર્મ ભર્યા છે. અને, સભ્યપદ માટે કુલ ૯૪૨ ફોર્મ દાખલ થયા છે. કાલાવડ તાલુકાની ૮૪ ગ્રામ પંચાયતો માટે

### પંચાયતોમાં સભ્યો બનવા ૩,૩૧૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

સરપંચપદના ૧૮૩ ઉમેદવારો છે અને સભ્ય બનવા માટે ૭૩૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. લાલપુર તાલુકાની ૫૮ ગ્રામ પંચાયતોમાં સરપંચ બનવા ૧૫૯ અને સભ્ય બનવા માટે કુલ ૬૭૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

એ જ રીતે જામજોધપુર તાલુકાની કુલ ૪૫ ગ્રામ પંચાયતોમાં સરપંચ બનવા કુલ ૧૦૪ ઉમેદવારોએ અને સભ્ય બનવા માટે ૪૪૮ ફોર્મ ભરાયા છે. ધ્રોલ તાલુકાની કુલ ૨૯ અને જોડિયા તાલુકાની કુલ ૩૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણીઓ જાહેર થઈ છે, ધ્રોલમાં સરપંચ માટેના ૫૪ અને જોડિયા માં સરપંચ માટેના કુલ ૫૭ ફોર્મ દાખલ થયા છે. ધ્રોલની પંચાયતોમાં સભ્ય બનવા કુલ ૨૪૫ અને જોડિયા તાલુકામાં સભ્ય બનવા કુલ ૨૭૩ ફોર્મ રજૂ થયા છે. આજે અને આવતીકાલે બે દિવસ દરેક ગામોમાં વધુ ઉતેજના રહેશે. આવતીકાલે સાંજે ફોર્મ પરત ખેંચાઈ ગયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે. દરમ્યાન જુદા જુદા તાલુકામાં સમરસ થયેલી ગ્રામ પંચાયતોના નામો પણ બહાર આવી રહ્યા છે. જો કે તેની સંખ્યા મોટી નથી.

### કાલાવડ તાલુકામાં ૨૨ જેટલી ગ્રામ પંચાયતો બની બિનહરીફ

**અબતક રાજુ રામોલીયા કાલાવડ**

કાલાવડ તાલુકાના કાલમેઘડા, ધાંધલ પીપરીયા, બેડિયા, મછલીવડ, નાના બાદનપર, ડેરી( મેટીયા), મણવર ખીજડીયા, ભાવાભી ખીજડીયા ,નાની ભલસાણ, નવાણિયા ખીજડીયા , ખાખરીયા, માછરડા, મકરાણી સણોસરા, રીનારી, લબુકીયા ભાડુકિયા, મેવાસા ( હરિપર)' ઝાલણસર, ફગાસ, ભીમાનું ગામ, વજીર ખાખરીયા, મોરવાડી, સતીયા, ખંઢેરા, સહિતના ૨૨ ગામોએ સમરસતા યોજીને સર્વાનુંમતે સરપંચોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવતા કાલાવડ તાલુકા માં ૨૨ જેટલી ગ્રામ પંચાયતો થઈ બિનહરીફ

### ધ્રોલ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતો સમરસ ગ્રામીણ એકતા અને સહમતિનું ઉત્તમ ઉદાહરણ

#### ધ્રોલ તાલુકાની ગ્રામ પંચાયત ચૂંટણીમાં ૧૦ ગામોમાં સરપંચ અને સભ્યોની સર્વસંમતિથી પસંદગી ચૂંટણી પ્રક્રિયાનો ખર્ચ અને સમય બચાવ્યો

આગામી ગ્રામ પંચાયત ચૂંટણી પહેલા જ ધ્રોલ તાલુકામાંથી એક સુખદ સમાચાર સામે આવ્યા છે. ધ્રોલ તાલુકાની કુલ ૧૦ ગ્રામ પંચાયતોને ચૂંટણી પહેલા જ સમરસ જાહેર કરવામાં આવી છે, એટલે કે આ ગામોમાં સરપંચ અને સભ્યોની પસંદગી સર્વસંમતિથી કરવામાં આવી છે અને હવે ચૂંટણી યોજવાની જરૂર રહેશે નહીં.

ખાખરા - સરપંચ તરીકે ગીતાબા વિક્રમસિંહ જાડેજા, ડાંગરા - શક્તીસિંહ જામભા જાડેજા, જાબીડા - હરદેવસિંહ ઘેલુભા જાડેજા, ગઢડા - કુસુમબા રામદેવસિંહ જાડેજા, પીપરટોડા - શ્રીમતી વનિતાબેન રસીકભાઈ ગડારા, બીજલકા - રતનબેન કુરજીભાઈ હિરાણી, નાના ગરેડીયા - ભવાનભાઈ પાંચાભાઈ મકવાણા, હાડાટોડા - વિરમદેસિંહ વખતસિંહ જાડેજા, મોટા વાગુદડ - ચંદુભાઈ મારાજ, હરીપર - રામજીભાઈ પોપટભાઈ મુંગરા, ઉપરોક્ત ગામો ધ્રોલ તાલુકાના સરપંચોમાં બિનહરીફ થયા છે

# અજ્ઞાત યુવતીનો તળાવમાં ઝંપલાવી આત્મહત્યા

જામનગરમાં લાખોટા તળાવ ગેઈટ નંબર સાતની સામેના ભાગમાં આજે સવારે ૧૦.૧૫ વાગ્યાના અરસામાં ૩૫ વર્ષની વય ની એક યુવતીએ કોઈ અગમ્ય કારણોસર તળાવમાં ઝંપલાવી દઈ આત્મહત્યા નું પગલું ભરી લેતાં તેણીનું મૃત્યુ નીપજ્યું છે. ફાયર બ્રિગેડની ટુકડીએ મૃતદેહ ને બહાર કાઢ્યો હતો.



જામનગર મહાનગરપાલિકા સંચાલિત લાખોટા તળાવના સિક્યુરિટી ગાર્ડ ને ધ્યાનમાં આવ્યું હતું કે ૩૫ વર્ષની વયની એક યુવતી એ તળાવમાં ઝંપલાવી આપઘાત નો પ્રયાસ કર્યો હતો. જેથી તેણે તુરતજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

જેથી જામનગર મહાનગર પાલિકાની ફાયર શાખાની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને યુવતીને બેશુદ્ધ અવસ્થામાં પાણીમાંથી બહાર કાઢી લીધી હતી. ત્યારબાદ ૧૦૮ ની ટુકડીને જાણ કરી દેતાં ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી, અને બેશુદ્ધ બનેલી યુવતી કે જેને સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાય તે પહેલાં તેણીનું મૃત્યુ નીપજ્યું હોવાનું ૧૦૮ ની ટીમ દ્વારા જાહેર કરાયું હતું. જે મૃતદેહ ને જી.જી હોસ્પિટલના કોલ્ડરૂમમાં લઈ જવાયો હતો. મૃતક યુવતી ની ઓળખ થઈ શકી નથી જે બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ જીજી હોસ્પિટલમાં દોડી ગયો છે, અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મંત્રી ડો. માંડવીયાએ લેઉવા પટેલ સમાજ ભવનના સેવા કાર્યોને બીરદાવ્યા

## લેઉવા પટેલ સમાજની શુભેચ્છા મુલાકાતે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા



કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જામનગર ખાતે લેઉવા પટેલ સમાજની શુભેચ્છા મુલાકાત લીધી હતી. લેઉવા પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા અને સમગ્ર ટીમ દ્વારા મંત્રીને આવકારવાની સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, પૂર્વ સાંસદ ચંદ્રેશભાઈ પટેલ, માર્કેટીંગ યાર્ડના ચેરમેન મુંકુંદભાઈ સભાયા, જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ રમેશભાઈ મુંગરા, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ ડો. પી.બી. વસોયા, ચેમ્બર પ્રમુખ રમણીકભાઈ અકબરી, પૂર્વ ચેમ્બર પ્રમુખ નાથાભાઈ મુંગરા, સમાજના મંત્રી લવજીભાઈ વાદી, ઉપપ્રમુખ કૈલાશભાઈ રામોલીયા, ખજાનચી કિશોરભાઈ સંઘાણી, સહમંત્રી રમેશભાઈ વેકરીયા, દિનેશભાઈ ડાંગરીયા, મયુરભાઈ મુંગરા, કરશનભાઈ ટીંબડીયા, એડવોકેટ જે.સી. વિરાણી, વસરામભાઈ ચોવટીયા, મહેન્દ્રભાઈ તરપદા, સુરેશભાઈ કાછડીયા સહિત પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના હોદેદારો અને અગ્રણીઓ દ્વારા મનસુખભાઈ માંડવીયાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ તકે મનસુખભાઈ માંડવીયા સમાજભવન ખાતે ચાલી રહેલ વિવિધ પ્રોજેક્ટ અને સંસ્થાઓ દ્વારા ચાલી રહેલા કાર્યોથી માહીતગાર થયા હતા અને તમામ કાર્યોને બીરદાવ્યા હતા.

# લાલપુરમાં દેશી દારૂના દૂષણથી સ્થાનિકો પરેશાન

## નશાની હાલતમાં લથડીયા ખાતો શખ્સનો વીડિયો વાયરલ

જામનગર જિલ્લાના લાલપુરમાં દેશી દારૂનું દુષણ વધી ગયું છે અને ખાસ કરીને લાલપુરના ધરાર નગર વિસ્તારમાં સ્મશાન નજીક ખુલ્લેઆમ દેશી દારૂનું જાહેરમાં વેચાણ થઈ રહ્યું છે, તેવો આક્ષેપ કરાયો છે. એટલું જ માત્ર નહીં કોઈ વ્યક્તિએ દેશી દારૂની ખાલી કોથળીઓના ઢગલાનો વિડીયો બનાવીને વાયરલ કર્યો છે. સાથો સાથ દેશી દારૂ નો નશો કરીને પડેલા નશાખોરોના વિડીયો બનાવીને પણ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા છે. જેથી ભારે ચર્ચા જાગી છે.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડિયો ના કથન મુજબ ધરાર નગર સ્મશાન વિસ્તારમાં એક સ્થળે દેશી દારૂની ખાલી કોથળીઓના મોટો ઢગલો જોવા મળ્યો હતો, અને તેનો વિડીયો શુટીંગ કરાયું હતું, જે પ્લાસ્ટિકના ખાલી કોથળીઓના ડઢગલા હજુ પણ યથાવત પરિસ્થિતિમાં પડેલા છે.

એટલું જ માત્ર નહીં દારૂનો નશો કરીને કેટલાક નશાબાજો રસ્તામાં જ પડેલા છે. જે અંગે પોલીસને ટેલીફોનીક જાણ કરવામાં આવી હતી, દરમિયાન એક દારૂડિયા વ્યક્તિને રિક્ષામાં નાખીને લઈ જવામાં આવ્યો હતો, પરંતુ એક નશાબાજ ત્યાં જ માર્ગ પર પડેલો હતો. જેને પૂછપરછ કરતાં તેણે વળતો જવાબ આપ્યો હતો, કે જ્યાં સુધી દારું મળી રહેશે, ત્યાં સુધી પીધેલા તો જોવા મળવાના જ છે". જે વિડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

લાલપુર પોલીસે તાત્કાલિક અસરથી આ વિસ્તારમાં તપાસ કરી આવા દેશી દારૂના ધંધાર્થીઓ સામે કડક હાથે કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

# કાલાવડ નાકા બહાર કાર અને એક્ટીવા વચ્ચે અકસ્માતમાં વેપારી પિતા પુત્ર ઘાયલ


જામનગરમાં કાલાવડનાકા બહાર કાર અને એક્ટિવા સ્કૂટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં સ્કૂટર સવાર વેપારી પિતા પુત્ર ઘાયલ થયા છે. જે બનાવ અંગે કારચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગરમાં કાલાવડનાકા બહાર ગુરુદત્ત સોસાયટીમાં રહેતા સુનિલ અમૃતલાલ નામના વેપારી પોતાના પિતા અમૃતલાલ નકુમને સ્કૂટર માં પાછળ બેસાડીને જઈ રહ્યા હતા, જે દરમિયાન કલ્યાણ ચોક પાસે ફૂલ સ્પીડે આવી રહેલી એક કારના ચાલકે સ્કુટરને હડફેટમાં લઈ લેતાં પિતા પુત્ર બંનેને નાની મોટી ઈજા થઈ હોવાથી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે.

આ અકસ્માત ના બનાવ અંગે સુનિલભાઈ નકુમે કારના ચાલક અલી હુસેન મોહમ્મદભાઈ મકાતી સામે અકસ્માત સર્જવા અંગે ફરિયાદ નોંધાવી છે.

# કોરોનામાં ઉછાળો: એક દિવસમાં ૧૧ કેસ ૪ વર્ષનો બાળક સંક્રમતિ

## ૫૫ એક્ટિવ કેસ: તમામને હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ



જામનગર શહેર માં કોરોના ના કેસ સતત નોંધાઈ રહ્યા છે. આજે ફરી વખત વખત ગતિ પકડી હોય તેમ એકજ દિવસમાં ૧૧ વધુ કેસ નોંધાયો છે. છે.જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ એક કેસ નોંધાયો.છે. શહેરી વિસ્તાર માં આજ ના ૧૧ કેસ માંથી ૬ મહિલા અને પાંચ પુરુષ નો સમાવેશ થાય છે.

આ તમામ ને હોમ આઈસોલેસન માં રાખવામાં આવ્યાં છે. શહેર માં હાલ ની સ્થિત એ કુલ ૫૫ એક્ટિવ કેસ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર માં ત્રણ એક્ટિવ કેસ છે. જામનગર શહેર માં કોરોના ના કેસ ની સંખ્યા સતત વધી રહી છે. જામનગર ના શહેરી વિસ્તાર માં આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ડેન્ટલ કોલેજ વિસ્તારનો ૨૨ વર્ષનો તબીબી વિદ્યાર્થી યુવાન , સમર્પણ હોસ્પિટલ ક્વાટર માં રહેતા એક પરિવાર ની ૧૭ વર્ષ ની તરુણી , ૫૮- દિગ્વિજય પ્લોટ વિસ્તાર માં રહેતા એક પરિવારનો ચાર વર્ષ ના પુત્ર, આર્ય સમાજ માર્ગે રહેતો ૨૩ વર્ષ નો યુવાન , લીમડાના વિસ્તારમાં જતા ૪૫ વર્ષ ના મહિલા., ઓસવાળ ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ માં રહેતા ૪૦ વર્ષ ના મહિલા , પટેલ કોલોની માં રહેતા ૩૩ વર્ષ ના મહિલા , હવાઈ ચોક વિસ્તારના ૪૦ વર્ષ ના મહિલા , વાલકેશ્વરી નગરી વિસ્તારના ૪૧ વર્ષ ના મહિલા, કુબેર પાર્ક વિસ્તારના ૪૧ વર્ષના પુરુષ અને સંદીપ સોસાયટીના ૨૮ વર્ષના પુરુષનો સમાવેશ થાય છે.

આ તમામ ને હોમ આઈસોલેશન માં જ સારવાર આપવા માં આવી રહી છે. જામનગર શહેર માં આજ ની સ્થિતિ એ કુલ ૫૫ એક્ટિવ કેસ છે . જામનગર ની સરકારી જી.જી.હોસ્પિટલમાં એક પણ દર્દી સારવાર હેઠળ નથી. જ્યારે જામનગર ગ્રામ્ય વિસ્તાર માં આજે ચંદ્રગઢ ગામ ના એક ૩૮ વર્ષ ના પુરુષ નો કેસ નોંધાયો છે. આમ ગ્રામ્ય વિસ્તારમાં હાલની સ્થિતિ એ ત્રણ એક્ટિવ કેસ છે.

# મનરોગી બાળકીને તેના પરિવાર સાથે પૂન: મિલન કરાવતી પોલીસ



જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતી એક મનો દિવ્યાંગ બાળકી તેના પરિવારથી વિખુટી પડી ગઈ હતી, અને પંચકોસી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી મળી આવી હતી. જે બાળકી માનસિક અસ્થિર અને પોતાના પરિવાર, રહેઠાણ વગેરે વિષે કશુ જણાવી શકતી ન હતી, પરંતુ પંચકોસી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે મોડી રાત સુધી રઝળપાટ કરીને આખરે તેણીના પરિવારજનોને શોધી કાઢ્યા હતા, અને બાળકી નું પરિવાર સાથે પૂનઃમિલન કરાવી દેતાં પરિવારજનો ખુશખુશાલ જોવા મળ્યા હતા, અને પોલીસ તંત્ર નો આભાર માન્યો હતો.

પંચકોશી એ. ડિવિઝનના પી.આઈ. એન.એમ. શેખ તેમજ પીએસઆઈ એ.આર. પરમાર તેમજ વુમન પો.હેડ કોન્સ્ટેબલ આર.આર. ગોજીયા વગેરેએ ધ્રુવાવ ખાતે ગયા હતા, ત્યાં બાળકી ને તેનું નામ-ઠામ તેમજ રહેઠાણ બાબતે પુછતાં તે યોગ્ય જવાબ ન આપી શકતાં તેમજ તેના કપડા લતા તેમજ તેની માનસીક - શારિરિક પરિસ્થતી જોતા તે માનસીક રિતે અસ્થીર હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે બાળકી પણ તેની માતા ને ઓળખી ગઈ હતી, તેમજ માતા પણ પોતાની બાળકીને સહી સલામત પોતાને મળી ગયા ની ખુશી વ્યકત કરી હતી. આમ પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન ની ટિમ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામા આવી હતી, જેથી પરિવારજનોએ પોલીસ તંત્ર નો આભાર માન્યો હતો.

# પાઠ્ય પુસ્તકોની અછતથી:વાલીઓમાં ભારે રોષ

## ધો.૩ સિવાયના પુસ્તકો ખુટયા: સ્કુલ ડ્રેસ ખરીદવા માટે પણ ભારે ભીડ





સમગ્ર રાજ્યની સાથે સાથે જામનગર શહેર અને જિલ્લામાં ગઈકાલ સોમવારથી જ શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે, જેની સાથે સાથે વિદ્યાર્થીઓની પળોજણ પણ શરૂ થઈ છે. પાઠ્યપુસ્તકો મેળવવા માટે તેમજ સ્કૂલ ડ્રેસ અને અન્ય સ્ટેશનરી ની સામગ્રી ખરીદવા માટે શહેરની અનેક સ્ટેશનરી ની દુકાનો ઉપર ગઈકાલે રાત્રીભર સુધી ભીડ જોવા મળી હતી, અને પાઠ્યપુસ્તકો ન હોવાની પણ બુમરાળ ઉઠી છે.

ગઈકાલે શૈક્ષણિક કાર્ય શરૂ થતા ની સાથે જ સ્કૂલમાંથી તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સત્ર માટેના પાઠ્યપુસ્તકો તેમજ અન્ય નોટબુક વગેરે ની યાદી બનાવીને આપવામાં આવી હતી, અને તેની ખરીદી કરવા માટે ગઈકાલે બપોર પછીથી અનેક વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ ચોરફ તરફ નીકળી પડ્યા હતા.

જામનગર શહેરના બેડી ગેઈટ વિસ્તારમાં સુપર માર્કેટ, રણજીત રોડ, રતનભાઈ મસ્જિદ, પોસ્ટ ઓફીસ રોડ ખંભાળિયા ગેઈટ, રણજીત નગર, પટેલકોલોની સહિતના વિસ્તારોમાં આવેલી અનેક સ્ટેશનરી ની દુકાનોમાં રાત્રીભર સુધી વિદ્યાર્થીઓ અને તેના વાલીઓના ધામાં જોવા મળ્યા હતા, અને પાઠ્યપુસ્તકો તેમજ સ્કૂલ ડ્રેસ તથા અન્ય સ્ટેશનરી નો માલ સામાન ખરીદવા માટે વિદ્યાર્થીઓ અને તેના વાલીઓએ પડાપડી કરી હતી.

તેમાંય ખાસ કરીને પાઠ્યપુસ્તકોની ભારે પડોજણ જોવા મળી રહી છે. ધોરણ ત્રણ સિવાયના તમામ પાઠ્યપુસ્તકો પૂરતા પ્રમાણમાં ન હોવાનું જાણવા મળ્યું હોવાથી અનેક વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે, અને વિદ્યાર્થીઓમાં ભારે દેકારો બોલી ગયો છે. જામનગર જિલ્લાના શિક્ષણ વિભાગે વહેલી તકે કાર્યવાહી કરવી જોઈએ,તેવી વિદ્યાર્થીઓ અને તેના વાલીઓમાં માંગ ઉઠી રહી છે.

# ગુજરાતમાં એક જ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ લેનારા છાત્રોની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો

## ડભોઈમાં સ્વામિનારાયણ ગુરૂકુળના વિદ્યારંભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું મહત્વપૂર્ણ નિવેદન

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનારા છાત્રોની સંખ્યામાં ૨૭ ટકાનો માતબર વધારો નોંધાયો છે. તેમ ડભોઈ ખાતે સ્વામિનારાયણ ગુરૂકુળના વિદ્યારંભનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભકાઈ પટેલે જણાવ્યું હતુ.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, શિક્ષણને વિકાસ માટેનું સૌથી શક્તિશાળી સાધન માનનારા વડાપ્રધાનએ નવી શિક્ષણ નીતિ દ્વારા ભારતના ભવિષ્યના નાગરિકોને આધુનિકતા અને સંસ્કાર સાથે ઘડવાની દિશામાં મજબૂત પગલાં ભર્યાં છે. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં જ્ઞાન સાથે સંસ્કાર પણ અનિવાર્ય છે.

મુખ્યમંત્રીએ વડોદરા જિલ્લાના ડભોઈ ખાતે નવનિર્મિત સ્વામિનારાયણ ગુરુકુળનું ઉદ્દઘાટન કરી વિદ્યારંભ કરાવ્યો હતો. તેમની સાથે સંતોમહંતો અને મહાનુભાવો પણ જોડાયા હતા.

આધુનિક છાત્રાલય અને ટેકનોલોજીથી સુસજ્જ સ્કૂલ કેમ્પસની સ્થાપનાથી શિક્ષણક્ષેત્રે એક નવી યાત્રા શરૂ થઈ રહી છે. સ્વામિનારાયણ સંસ્થાનું આ ગુરુકુળ, વિશિષ્ટ રીતે રાષ્ટ્રપ્રેમ, સંસ્કાર અને આધ્યાત્મના આધાર પર ઉજ્જવળ ભવિષ્ય માટેની પેઢી તૈયાર કરશે. તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકાર વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ શાળાઓમાં ગુણોત્સવ અભિયાન થકી ગુણવત્તામાં સુધારો લાવી રહી છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી દીકરીઓના શિક્ષણમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.



પટેલે સગૌરવ જણાવ્યું કે, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓ દ્વારા વિજ્ઞાન પ્રવાહ તરફ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળ્યું છે. માત્ર એક વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો નોંધાયો છે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અને વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી શિક્ષણમાં સ્ટાન્ડર્ડ અને ક્વોલિટી બંને બાજુ વિકાસ થયો છે.

પ્રધાનમંત્રીએ ૨૦૪૭ સુધી ભારતને વિકાસશીલ નહિ, પણ ''વિકસિત ભારત'' તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો છે. આ સંકલ્પ સાકાર કરવા માટે આપણે સૌએ શિક્ષિત, સંસ્કારયુક્ત અને સંકલ્પશીલ એવી ''અમૃત પેઢી'' ઘડવી પડશે, તેમણે એમ પણ કહ્યું કે, સ્વામિનારાયણ ગુરુકુળ જેવી સંસ્થાઓ ''એક પેડ માટે કેટ ધ રેન'' અને ''સિંગલ યુઝ પ્લાસ્ટિક વિમુક્તિ'' જેવા વડાપ્રધાનશ્રીએ શરુ કરેલા પર્યાવરણ હિતના અભિયાનોમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઓપરેશન સિંદૂરની અવિસ્મરણીય સફળતા બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ભારતમાતાની રક્ષા માટે અપ્રતિમ શૌર્ય દર્શાવનાર ભારતીય સેનાના તમામ બહાદુર જવાનોને પ્રારંભે અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી પટેલે કહ્યું કે, આ અભિયાન દ્વારા વડાપ્રધાનએ આતંકવાદ સામેની ભારતની લડાઈને એક નવી દિશા આપી છે. તેમણે રાષ્ટ્રરક્ષાનું એવું ઉદાહરણ પૂરું પાડ્યું છે કે જે ભવિષ્યની પેઢીઓને દેશસેવા માટે પ્રેરણા આપશે.ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાએ કહ્યું કે, દર્ભાવતી નગરીની તાસીર જોઈને, અહીં આવું સંસ્કારયુક્ત શિક્ષણ આપતું ગુરુકુલ એક અત્યંત જરૂરી બાબત બની ગઈ હતી. સંસ્થા સંચાલક કે. પી. સ્વામી અને નૌતમ સ્વામી તથા બાપુ

(અનુ. આઠમા પાને)

# રાજ્યમાં ફક્ત એક માસમાં બોમ્બ વિસ્ફોટની ચાર પોકળ ધમકીઓ

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, ઈન્ડિગો ફ્લાઈટ અને શાળા બાદ હાઈકોર્ટ પરિસરને ઉડાવી દેવાની ધમકીથી પોલીસતંત્ર દોડતું થયું

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે સોમવારે બપોર પછીની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી કારણ કે, કોર્ટ પરિસરમાં વિસ્ફોટ થવાની ધમકી આપવામાં આવી હતી. બપોર પહેલા મોકલવામાં આવેલા આ ઈમેલના પગલે પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ યુનિટ્સ દ્વારા તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યો હતો. જો કે, બાદમાં વિસ્ફોટનો દાવો પોકળ સાબિત થયો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક માસમાં નરેન્દ્ર મોદી

વિસ્ફોટ અંગેના ઈમેલની જાણ થતાં જ અમદાવાદ શહેર પોલીસે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) ની છ ટીમો સાથે મળીને એસજી રોડ પર સ્થિત હાઈકોર્ટ સંકુલમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ટીમોમાં ફાયર સર્વિસ યુનિટ્સ અને અનેક શાખાઓના અધિકારીઓ પણ સામેલ હતા.કોર્ટની તમામ ઈમારતો, સ્ટાફના પ્રવેશદ્વારો અને પાર્ક કરેલા તેમજ આવતા વાહનોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. કોર્ટના કર્મચારીઓ દ્વારા મુખ્યત્વે ઉપયોગમાં લેવાતા ગેટ નંબર ૫ ને ઓપરેશનના ભાગ રૂપે સીલ કરવામાં આવ્યો હતો જ્યારે એસઆરપી કર્મચારીઓએ કડક સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઝોન-૧) સફીન હસને જણાવ્યું હતું કે, અમદાવાદ અને ગાંધીનગરની ત્રણ-ત્રણ બીડીડીએસ ટીમો તકનીકી દેખરેખ સાધનો સાથે તૈનાત કરવામાં આવી હતી. શંકાસ્પદ વસ્તુઓની શોધમાં તમામ વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના સત્તાવાર ઈમેઈલ આઈડી પર સવારે ૧૧.૪૫ વાગ્યે એક અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલા ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે, સાંજે કોર્ટ બિલ્ડીંગમાં ઈમ્પ્રુવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) દ્વારા વિસ્ફોટ થશે. વધુમાં ડીસીપીએ જણાવ્યું હતું કે, ઈમેઈલ મોકલનાર વ્યક્તિએ ચેતવણી આપી હતી કે સાંજે હાઈકોર્ટની એક ઈમારતમાં આઈઈડી વિસ્ફોટ થશે. ધમકીની જાણ થતાં સ્થાનિક પોલીસ અને બીડીડીએસની છ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

ધમકી બાદ ગુજરાત

(અનુ. આઠમા પાને)

# વટ સાવિત્રી વ્રતઃ શ્રદ્ધાનો સંગમ, સૌભાગ્યનું વરદાન

**અબતક, રાજકોટ**

વડ સાવિત્રી વ્રત, હિંદુ ધર્મમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને પવિત્ર તહેવાર છે, જે જેઠ મહિનાની પૂનમ ના દિવસે ઉજવવામાં આવે છે. આ વ્રત પરિણીત મહિલાઓ દ્વારા તેમના પતિના લાંબા આયુષ્ય, સારા સ્વાસ્થ્ય અને સુખી દામ્પત્ય જીવન માટે રાખવામાં આવે છે. આ દિવસે, મહિલાઓ સૂર્યોદય પહેલાં સ્નાન કરીને શુદ્ધ વસ્ત્રો ધારણ કરે છે અને વડના વૃક્ષની પૂજા કરે છે.વડ સાવિત્રી વ્રત દેવી સાવિત્રી અને સત્યવાનની કથા સાથે ગાઢ રીતે જોડાયેલું છે. પૌરાણિક કથા અનુસાર, સાવિત્રીએ પોતાના પતિ સત્યવાનના પ્રાણ યમરાજ પાસેથી પાછા મેળવવા માટે આ વ્રત કર્યું હતું. તેમની શ્રદ્ધા, નિષ્ઠા અને તપસ્યાથી પ્રસન્ન થઈને યમરાજે સત્યવાનને પુનર્જીવિત કર્યા હતા. ત્યારથી, આ વ્રત મહિલાઓ માટે અતૂટ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક બની ગયું છે.વડ સાવિત્રીના દિવસે મહિલાઓ વડના વૃક્ષની આસપાસ સૂતરનો દોરો વીંટીને પરિક્રમા કરે છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

વડના વૃક્ષને ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્વરૂપ માનવામાં આવે છે. પૂજામાં ફળ, ફૂલ, ધૂપ, દીપ, નૈવેદ્ય અને અન્ય પૂજા સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. આ દિવસે વાર્તાનું પઠન કરવામાં આવે છે આ વ્રત દ્વારા મહિલાઓ પોતાના દામ્પત્ય જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિની કામના કરે છે. તે પતિ-પત્નીના સંબંધોને વધુ મજબૂત બનાવે છે અને પરસ્પર પ્રેમ અને સમજણને પ્રોત્સાહન આપે છે.

# તમામ સંસ્થાઓએ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન કરવા કર્મચારીઓને રજા આપવી પડશે

## યોગ્ય સુવિધા અને સમયમાં પણ છુટછાટ આપવા ચૂંટણી પંચન આદેશ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૨ જૂન રોજ રાજ્યના તમામ જિલ્લાઓની અંદાજે ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. રાજ્યમાં યોજાનાર આ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદારો-કર્મચારીઓ મતાધિકારનો પૂરતો ઉપયોગ કરી શકે તે માટે કચેરીમાં યોગ્ય સુવિધા-સમયમાં છુટછાટ ઉપલબ્ધ કરાવવાની રહેશે

કર્મચારીઓ અને તાલીમ વિભાગના પર્સનલ, પીએજી અને પેન્શન મંત્રાલયના તા. ૧૦ ઓક્ટોબર-૨૦૦૧ની માર્ગદર્શિકા મુજબ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેમ કે બેંકો, એલઆઈસી વગેરેના કર્મચારીઓ જો તેઓ વાસ્તવિક મતદારો હોય અને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છતા હોય તો તેમનો મતાધિકાર સુનિશ્ચિત થાય તે માટે સેવા સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમને મતદાન માટે યોગ્ય છૂટછાટ આપવાની રહેશે. જેમ કે મતદાન કરવા માટે ઓફિસમાં મોડા આવવાની છૂટ, ઓફિસથી વહેલા નીકળવાની છૂટ અથવા થોડા સમય મતદાન માટે ગેરહાજર રહેવાની છૂટ આપવી જોઈએ ઉલ્લેખનીય છે કે, રવિવારના દિવસે સામાન્ય રીતે રાજ્ય સરકારના મોટાભાગની કચેરીઓ બંધ રહે છે, પરંતુ કેટલાક વિભાગો જેમ કે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો, સહકારી બેન્કો બેંકો, રેલવે, ટેલિફોન, પોસ્ટ કચેરીઓ, દુકાનો, વેપારિક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ તથા અન્ય આવશ્યક સેવાઓ આપતી સંસ્થાઓ રવિવારના રોજ પણ કાર્યરત રહેતી હોય છે. આ સંસ્થાના કર્મચારીઓને મતદાન કરવા માટે યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

# ઓખાનો દીકરો રોહિતકુમાર વઢવાણા બોલિવિયામાં ભારતનો પ્રથમ રાજદૂત બન્યો!!!

## ઈરાનમાં ભારતીય દૂતાવાસથી લઈને યુકે અને કેન્યામાં ભારતીય ઉચ્ચ આયોગ સુધી રોહિતકુમારનો કાર્યકાળ શાનદાર

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં કોઈપણ ક્ષેત્રે ગુજરાતીઓ હંમેશા આગળ જ રહ્યા છે. ત્યારે ગુજરાતના ગોરોમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. જેમાં ઓખાનો દીકરો રોહિતકુમાર વઢવાના બોલિવિયામાં ભારતનો પ્રથમ રાજદૂત બન્યો છે. ૪૪ વર્ષીય રોહિતકુમાર વઢવાનાએ તાજેતરમાં બોલિવિયાના બહુરાષ્ટ્રીય રાજ્યમાં ભારતના પ્રથમ રાજદૂત તરીકે નિમણૂક પામીને ઈતિહાસ રચ્યો છે. દક્ષિણ અમેરિકાના આ કુદરતી



સંસાધનોથી સમૃદ્ધ દેશમાં ભારતના પ્રથમ મિશનનું નેતૃત્વ કરવાની જવાબદારી હવે તેમના શિરે છે. એન્ડીઝ પર્વતોમાં લગભગ ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા વિશ્વના સૌથી ઊંચા પાટનગર લા પાઝ ખાતે, વઢવાનાને શરૂઆતથી જ ભારતીય દૂતાવાસ સ્થાપવાનું મોટું કાર્ય સોંપવામાં આવ્યું છે.

૨૦૧૦ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી રોહિતકુમાર વઢવાનાએ પોતાની કારકિર્દીમાં અનેક મહત્વપૂર્ણ સ્થાનો પર સેવા આપી છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસથી લઈને યુકે અને કેન્યામાં ભારતીય ઉચ્ચ આયોગ સુધી તેમનો કાર્યકાળ શાનદાર રહ્યો છે. નૈરોબીમાં તેમણે યુએનપીએ અને યુએન-

(અનુ. આઠમા પાને)

# ફાર્મસી કોલેજોની ૧૧૫૮૪ બેઠક માટે પ્રોવિઝનલ મેરિટ યાદીમાં ૧૪૬૦૪ વિદ્યાર્થીનો સમાવેશ

## મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ, આગામી ૧૭મીએ પરિણામ

**અબતક, રાજકોટ**

ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે પ્રોવિઝનલ મેરિટલીસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. કુલ ૧૧૬૮૪ બેઠકો માટે ૧૫૮૧૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આજથી મોક રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને ચોઈસ ફિલિંગ કરવાની સૂચના આપવામાં આવી છે. મોક રાઉન્ડનું પરિણામ આગામી ૧૭મીના રોજ જાહેર કરવામાં આવશે. પ્રોવિઝનલ મેરીટયાદીમાં પ્રથમક્રમે ગુજરાત બોર્ડના ધ્યેય શેઠ નામના વિદ્યાર્થી ૯૯.૯૭ પર્સન્ટાઈલ સાથે સ્થાન મેળવ્યું છે.ફાર્મસીમાં પ્રવેશ માટે ગત તા.૩૦મી મેના રોજ રજિસ્ટ્રેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું હતુ. જુદી જુદી કોલેજના પરિણામ જાહેર થયા નહોવાથી પ્રોવિઝનલ મેરીટયાદી આજે એટલે કે ૯મીના રોજ જાહેર કરવામાં આવી છે. મેરીટયાદીમાં ગુજસેટ અને બોર્ડ આધારિત ૧૪૬૦૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૬૫૮૨ વિદ્યાર્થીઓ અને ૮૦૨૨ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની ૯૫ ટકા બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવશે. આજ રીતે સ્વનિર્ભર કોલેજોની ૫૦ ટકા બેઠકો ગુજસેટના આધારે અને ૫ ટકા સરકારી બેઠકો જેઈઈ-નીટના આધારે ભરવામાં આવશે. મેરીટયાદીમાં ગુજરાત બોર્ડના કુલ ૧૩૦૬૭, સેન્ટ્રલ બોર્ડના ૧૩૭૩ અને આઈએસસીઈ બોર્ડના ૭૬ અને અન્ય બોર્ડના ૮૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેટેગરી પ્રમાણે જોઈએ તો જનરલ કેટેગરીમાં ૫૨૨૮, ઈડબલ્યુએસ કેટેગરીમાં ૨૮૭૯ અને એસસી કેટેગરીમાં ૯૯૧ અને એસઈબીસી કેટેગરીમાં ૪૩૭૨ ઉપરાંત એસટી કેટેગરીમાં ૧૧૩૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજથી મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ શરૂ કરવામાં

(અનુ. આઠમા પાને)

# રાજકોટના ગાયત્રી ટ્રસ્ટના ૭૪ વર્ષીય ટ્રસ્ટી અને ભત્રીજો બે લાખની લાંચ લેતાં ઝડપાયા

## લોધિકાના પાળ ગામ સ્થિત સ્કૂલમાંથી દસ માસ પૂર્વે નિવૃત થયેલા શિક્ષક પાસે મોંઘવારી ભથ્થાના લાભ સહિત રૂ.૧૨.૫૦ લાખ એરિયર્સની ચુકવણી માટે લાંચ માંગી'તી

**અબતક, રાજકોટ**

સરકારી નોકરી કરતા અધિકારીઓ તો અવારનવાર લાંચ લેતા રંગે હાથ એસીબીની ઝડપે ચડી રહ્યા છે. પરંતુ હવે તો ટ્રસ્ટીઓના નામે સેવા આપતા લોકો પણ પૈસા ભૂખ્યા બન્યા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. ત્યારે શિક્ષણના ધામમાં ટ્રસ્ટી બનેલા રાજકોટના ગુણવંત ખીરા અને તેના ભત્રીજા એવા ક્લાર્ક ધર્મેન્દ્ર ખીરાએ નિવૃત્ત શિક્ષકને નિવૃત્તિ બાદના મળતા લાભોના રૂપિયા જલ્દીથી મેળવવા માટે રૂપિયા બે લાખની લાંચ લેતા એસીબીના હાથે રંગે હાથ ઝડપાયા છે.

પાળ ગામે આવેલ ગાયત્રી હાઈસ્કૂલમાંથી નિવૃત્ત થયેલ શિક્ષકને નિવૃત્તિ બાદના પોતાના હક્કો મેળવવા માટે પણ લાંચ દેવી પડી હતી. જો કે, એસીબીએ ગોઠવેલ છટકામાં આરોપી કાકો-ભત્રીજો ફસાઈ ગયાં હતાં.



### બીલને ત્વરિત પાસ કરાવવા ગુણવંત ખીરા અને ક્લાર્ક ધર્મેન્દ્રએ લાંચ માંગતા વાણીયાવાડી સ્થિત ટ્રસ્ટીના ઘરે જ બંનેને લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી લીધાં

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં રહેતાં અને પાળ ગામ નજીક આવેલ એચ.એન.ગારડી શ્રી ગાયત્રી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતાં શિક્ષક ગઈ તા.૩૦-૧૦-૨૦૨૪ ના નિવૃત થયાં હતાં. જે બાદ તેઓને નિવૃત્તિ બાદના મોંઘવારી ભથ્થાના તફાવતના ચુકવવાની બાકી રકમ તેમજ રજાનું રોકડમાં રૂપાંતર કરી કુલ રૂ.૧૨.૫૦ લાખ લેવાના નીકળતાં હતાં.

જે મામલે તેઓએ અવારનવાર


(અનુ. આઠમા પાને)

# કોરોનાનો સતત વધતો પ્રકોપઃ નવા ૨૩૫ કેસ નોંધાયા

## રાજયમાં કોવિડના એકિટવ કેસનો આંક ૧૧૦૯ એ આંબ્યો, ૩૩ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ સતત વધી રહ્યો છે. સોમવારે એક જ દિવસમાં કોરોનાના નવા ૨૩૫ કેસો નોંધાયા હતા. રાજયમાં કોવિડનો નવો વેરિઅન્ટ પણ દેખાવા લાગ્યો છે. જો કે સંક્રમિત દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવાની ટકાવારી ખુબ જ ઓછો છે. આરોગ્ય વિભાગ હાલ એલર્ટ મોડ પર આવી ગયું છે. તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. કોરોનાને નાથવા તંત્ર સજજ બની ગયું છે.



રાજયમાં ગઈકાલે સોમવારે અત્યાર સુધીના સૌથી વધુ ૨૩૫ નવા કેસ નોંધાયા હતા. આ સાથે રાજયમાં હાલ કોરોનાના એકિટવ કેસનો આંક ૧૧૦૯ પહોંચી ગયો છે. જે પૈકી ૩૩ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે. જયારે ૧૦૭૬ દર્દીઓ ઓપીડી બેઈઝ સારવાર હેઠળ છે. ગઈકાલે રાજયમાં ૧૦૬ દર્દીઓને કોરોનાને હરાવ્યો હતો. રાજયમાં હાલ કોરોનાના જેએન-૧, એલએફ-૭, એલએફ-૭.૯ અને એક્સ એફજી એમ કુલ ચાર વેરિઅન્ટ એકિટવ

(અનુ. આઠમા પાને)

